# હાલતાં ચાલતાં

D૧૯૩

1600110

ગિજુભાઈ

૨૯૩
D

# ઊડતાં ચાલતાં

ગિજુભાઈ

# શિક્ષણશાસ્ત્રનાં પુસ્તકો

| | |
|---|---|
| મોન્ટીસોરી પદ્ધતિ | ૨–૦–૦ |
| વાર્તાનું શાસ્ત્ર | ૧–૨–૦ |
| ડૉલ્ટન યોજના | ૧–૦–૦ |
| મૂંઝવતું બાળક | ૧–૦–૦ |
| બાલશિક્ષણ | ૦-૧૦-૦ |
| પ્રા૦ શાળામાં ભાષાશિક્ષણ | ૦-૧૦-૦ |
| પ્રા૦ શા૦ શિક્ષણપદ્ધતિઓ | ૦–૮–૦ |
| પ્રા૦શાળામાં ચિઠ્ઠીવાચન | ૦–૫–૦ |
| પ્રાથમિક શાળામાં શિક્ષક | ૦-૧૦-૦ |
| દિવાસ્વપ્ન | ૦-૧૦-૦ |
| ઘરમાં મોન્ટીસોરી | ૦-૧૦-૦ |
| મોન્ટી૦ પ્રવેશિકા (સચિત્ર) | ૦-૧૨-૦ |
| જર્મનીમાં કેળવણીની પ્રણાલિ | ૦-૧૨-૦ |
| પ્રાસંગિક મનન | ૦–૮–૦ |
| કોઇએ નહોતું કીધું | ૦–૮–૦ |
| વિદ્યાર્થીઓનું માનસ | ૦–૬–૦ |
| માધ્યમિક શાળામાં ભાષાશિક્ષણના ફેરફારો | ૦–૬–૦ |
| વસંત બાલશિક્ષણ પ્રચારમાળા ગુચ્છ પહેલો | ૦–૧૧–૦ |
| ગુચ્છ બીજો | ૦–૧૧–૦ |
| મોન્ટીસોરી શિક્ષણ પ્રચારમાળા ખંડ પહેલો | ૦-૧૦-૦ |
| હાલતાં ચાલતાં | ૦-૧૦-૦ |

:: વિગતવાળું સૂચિપત્ર મગાવો ::

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર

ભા વ ન ગ ર

अ. ९

अ. १

# હાલતાં ચાલતાં

ગિજુભાઈ

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર
ભાવનગર

માર્ચ ૧૯૩૪ દસ આના

પ્રકાશક :
ગોપાળરાવ ગજાનન વિદ્વાંસ
શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર
ભાવનગર

પહેલી વાર : ૧૨ માર્ચ ૧૯૩૪
પ્રત ૧૧૫૦

મુદ્રક :
પારી. ભીખાભાઇ ગોપાળજી
શ્રીસરસ્વતી : : : છાપખાનું
ભાવનગર

# શરૂઆત

સવારથી સાંજ સુધીમાં મારી આજુબાજુ કેટલાયે બનાવો બને છે. દરેકેદરેક બનાવ કંઈ ને કંઈ વિચારને જગાડે છે. આ વિચારજાગૃતિની જુદેજુદે સમયે કરેલી નોંધ 'હાલતાં ચાલતાં' માં છે.

જીવંત માણસના હરેક કાર્ય પાછળ કંઈ ને કંઈ હેતુ હોય છે. કાર્ય કરવાની રીત જુદી જુદી હોય કે એક હોય, પણ વ્યક્તિ પરત્વે હેતુ ભિન્ન હોય છે. આ ભિન્નભિન્ન હેતુઓનો અભ્યાસ એ માનવ માનસના અભ્યાસનું અત્યંત મહત્ત્વવાળું પ્રકરણ છે. 'હાલતાં ચાલતાં' એ પ્રકરણના થોડાંએક પૃષ્ઠો છે.

માનસશાસ્ત્રના અભ્યાસ અને પ્રયોગમાં રચ્યાપચ્યા રહેનારને માટે માનવમાત્ર પ્રયોગનાં વિષયો છે. તે વિષયો પાસેથી પ્રત્યેક પળે બનાવો પાછળના ખુલાસાઓ શોધે છે; અને તે ઉપરથી સત્યોને તારવવાનો પ્રયત્ન કરે છે. 'હાલતાં ચાલતા' એવી એક શોધ અને સત્યશોધનનો પ્રયત્ન છે.

'હાલતાં ચાલતાં' ની ઘટનાઓ સત્ય છે. અભ્યાસ અને અનુભવ વડે ખેંચેલાં અનુમાનો મારાં છે: પ્રત્યેક વાચક આને પોતાની અનુભવ-દૃષ્ટિથી સમજવા અને વિચારવા પ્રયત્ન કરશે એમાં જ 'હાલતાં ચાલતાં'ની સફળતા છે:

સહેલી રીતે વિચારો દર્શાવવાની રીત જો મને જડી હોય તો તે 'હાલતાં ચાલતાં' ની શૈલી છે. વિચારોને સહેલી રીતે મૂકવા એ આજની આવશ્યકતા

છે; એ આવશ્યકતાને આ શૈલી પહોંચી વળતી હોય તો આ નવી શૈલીથી સાર્થકતા છે એમ માનીશ.

આ યુગમાં અનેક પુસ્તકો વાંચવાં, અને તેની શાસ્ત્રીય પરિભાષાને સમજતાં લાંબો સમય ગાળવો, એ બધા માટે શક્ય નથી. જેઓએ સમય અને શ્રદ્ધા બન્ને એક વાર ખરચી નાખ્યાં હોય તેઓએ સાદી રીતે સામાન્ય જનતા માટે લખી છૂટવું જોઈએ એમ હું માનનારો હોવાથી મેં મારૂં જ્ઞાન 'હાલતાં ચાલતાં'ની રીતે મૂક્યું છે.

'હાલતાં ચાલતાં'નો પ્રદેશ મર્યાદિત બની શક્યો નથી; અને સંપૂર્ણ તો ન જ હોઈ શકે. અનંત જીવન-વ્યવહારો સેંકડો 'હાલતાં ચાલતાં'થી લખ્યા જાય નહિ. એટલે જ જીવનના અનેક પ્રસંગોને સ્પર્શવા 'હાલતાં હાલતાં' અસમર્થ છે, અને રહેવાનું.

કેળવણીની દુનિયામાં હું અમુક એક જ વ્યક્તિ કે સિદ્ધાંતનો કેવળ ઉપાસક નથી, પરંતુ પ્રમુખ વ્યક્તિ અને સિદ્ધાંતની ઉપાસના સાથે સત્યના મુખનું દર્શન કરવા સ્વાનુભવથી પુરુષાર્થ કરી રહ્યો છું.

એટલે 'હાલતાં ચાલતાં' કોઇ મતપંથને રજૂ કરતું નથી પણ કેવળ મારી પોતાની વિચારદૃષ્ટિ રજૂ કરે છે.

ઉમેદ છે કે ગુજરાતનાં તમામ જાતનાં વાચકોને આ પુસ્તક ઉપયોગી થશે. કારણ કે તે બાળકો સુદ્ધાંત વાંચી શકે તેમ છે છતાં તે બાલસાહિત્ય નથી, શિક્ષકોને અત્યંત ઉપયોગી છે, છતાં તે માત્ર શિક્ષકોનો ગ્રંથ નથી. 'હાલતાં ચાલતાં' વિવિધ માનસદશાનું થોડુંએક દર્શનમાત્ર છે. અને તેથી તે સૌને માટે છે.

૧૫, ૩, '૩૪ ગિજુભાઈ

# હાલતાં ચાલતાં

## હાલતાં ચાલતાં

જમતો હતો ત્યાં જ બબલી આવીને બોલી: "હવે જમવાનું ક્યારે પૂરૂં થશે ?"

"થશે, થોડીક વાર છે."

"વાર્તા ક્યારે કહેશો ?"

"જમીને જ તો."

"આજ તો એક નાની વાર્તા કહેજો."

"તું કહે, આજે મારે કઇ વાર્તા કહેવી ?"

"એક સાવ નવી કહેજો."

"શાની ઉપર વાર્તા સાંભળવી છે ? જેના ઉપર વાર્તા સાંભળવી હશે તેનાં ઉપર કહીશ."

બબલીને વાર્તા સાંભળવાનો ભારે શોખ છે. એમાંય જ્યારથી હું નીલપદ્ધતિથી વાર્તા કહેવા લાગ્યો છું ત્યારથી તો તે વાર્તા સાંભળ્યા પછી જ ઊંઘે છે. વાર્તાને સાંભળે છે પણ અસાધારણ રસથી. નીલ ભારે જબ્બર વાર્તા કહેવાવાળો છે. એની એ શક્તિની તો હમણાં જ ખબર પડી. 'ડૉમીનીઝ ફાઈવ'*માં તો એ કમાલ કરે છે. મેં આટલી

*આ પુસ્તક 'રખડુ ટોળી ખંડ ૧-૨' એ નામથી શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર તરફથી પ્રગટ થયું છે.

આટલી વાર્તાઓ કહી પણ નીલની ખૂબી મને જડી જ નહિ. વાર્તાનાં પાત્રો તરીકે સાંભળનારાં બાળકોને જ ગોઠવીને મૂકી દેવાની અને બાળકોની સાથે વચ્ચે વચ્ચે થતી જતી વાતોમાંથી જ સૂચન ઉપાડી લઈ વાર્તા જોડતા જવાની નીલની આવડત ઉપર હું આફરીન છું. આજકાલ ઘરમાં અને શાળામાં હું નીલપદ્ધતિથી વાર્તા ચલાવું છું. ડૉમીનીઝ ફાઈવનું ભાષાંતર કરવાનું પણ શરૂ કર્યું છે. ગૂજરાતીમાં 'મહેતાજી ને પાંચ' (પાછળથી 'રખડુ ટોળી' નામ રાખ્યું.) એવું પુસ્તકનું નામ જરા વિચિત્ર અને નવીન તો લાગશે જ. પણ જેવો નીલ અને જેવી એની વાર્તા વિચિત્ર અને નવીન છે, એવું જ એની ચોપડીનું નામ જોઈએ. લોકોને વાંચવાનું આકર્ષણ પણ એમ જ થાય ના ?

જમીને ઉઠ્યો ત્યાં બબલી વાર્તા માટે તૈયાર હતી. મોઢા ઉપર એવા ભાવો હતા કે જાણે વાર્તા સાંભળવાની એને ગલીપચી થતી હોય.

બબલી કહેઃ "હવે વાર્તા કહો."

"કઈ વાર્તા કહું ?"

બબલીને જાતજાતની વાર્તા ગમે છે. લોબિયાની વાર્તા ગમે છે. એમાં એને બધા નાળિયેરીએ લટકે છે ત્યાં ભારે રસ આવે છે. કૂતરાઓની

પણ ગમે છે. મોઢા આગળ કૂતરા ને વાંસે મારનારો એ ચિત્ર એને ખેંચાણકારક લાગતું હોય તેમ જણાયું છે. એમ તો દરેક બાળકને અમુક વાર્તા ખાસ ગમે છે. કારણ એમ છે કે એમાં એને કંઇક ખાસ મનગમતું હોય છે. એમાં ઘણી વાર પોતાના અનુભવનું કે ઇચ્છાઓનું તે સામ્ય જુએ છે.

બબલી: "લોભિયાની તો નહિ. કુક્કાની કહો."

કુક્કાની વાર્તા બેચાર દિવસથી રોજ કહેવડાવે છે. નીલશૈલીથી હું કહું છું. એમાં બબલીનું મનગમતું થાય છે.

મેં વાર્તા શરૂ કરી—

"ખરખર કરતી ગાડી ગુજરી પાસે ઉભી રહી......"

બબલી: "એમ નહિ; પહેલેથી."

મેં કહ્યું: "પહેલેથી જ કહું છું."

બબલી: "ના એમ નહિ, પહેલેથી કહો."

અદ્ધરથી વાર્તા ઉપાડવાનો પ્રયોગ નિષ્ફળ ગયો. બબલી 'એક હતો' એવી રીતની શરૂઆત માગનાર ઉંમરનું બાળક છે. શૈલીમાં 'એક હતો.' શૈલી સાવ સહેલી છે, લેખનકથનમાં પ્રાથમિક પ્રકારની બબલી માટે કેવળ સ્વાભાવિક છે.

ડ્રામેટિક શૈલી–નાટ્યશૈલી વધારે સાહિત્યરસિક બાળકો ઝીલી શકતાં હશે.

વાર્તા બીજી રીતે શરૂ કરી—

નાની છોકરી કહે: "આજે બજારમાં કુક્કા લેવા જઇએ."

બા કહે: "પણ હમણાં કુક્કા મળતા જ નહિ હોય."

છોકરી કહે: "તપાસ તો કરવા ચાલો."

બાપા કહે: "ચાલો."

અલીભાઇની ગાડી આવી. કોચમેન કાનજી હતો. બાપા, મોટાભાઇ, મોટીબેન અને નાનીબેન ગાડીમાં બેસી ગયાં.

ગાડી ખરખર કરતી ગુજરી પાસે આવીને ઉભી રહી. બધાં ઉતરી પડ્યાં ને કુક્કાની તપાસ કરવા લાગ્યાં.

એક વહોરા પાસે કાચની પેટીમાં કુક્કા હતા. બધાં કુક્કા લેવા માંડ્યાં.

**વચ્ચે વાતચીત**

બબલી: "મોટાભાઇએ કેવડો મોટો લીધો?"

"આવડો મોટો."

બબલી: "એને કેટલા લીધા?"

"એક લીધો."

**વાર્તા**

મોટાભાઈએ આવડો મોટો એક કુક્કો લીધો; મોટીબેને પણ એક લીધો ને...

**વચ્ચે વાતચીત**

બબલી: " નાનીબેને ત્રણ લીધા. એક કાકડી જેવોય મળતો હતો ના ? "

**વાર્તા**

નાનીબેને ત્રણ લીધા. એક તો કાકડી જેવો મોટો લીધો. પછી બધાં ગાડીમાં બેસી ગયાં.

બાપા: " ચાલો હવે ચા લઈને ઘેર જઈએ."

ગાડી ચાવાળા તરફ ચાલી. ચાની દુકાને પાસે ગાડી ઉભી રાખી. બાપા ચા લેવા ચાલ્યા. તે કહે: " તમારે કાંઈ મગાવવું છે ? કહો તો લાવું. "

**વચ્ચે વાતચીત**

બબલી: " ટીકડી, ટીકડી લાવવાની. "

**વાર્તા**

નાનીબેને કહ્યું ટીકડી લાવજો. બાપા ટીકડી અને ચા લેતા હતા એટલામાં સામેથી એક મોટર આવી ને ઘોડો ભડક્યો. ગાડીમાંથી બધાં છોકરાં નીચે પડી ગયાં. નાનીબેનના હાથમાંથી કુક્કા પડી

ગયા ને મોટરનાં પૈડાં નીચે ચગદાઇ ગયા. ત્યાં તો બાપા આવ્યા, ને બધાંને ગાડીમાં બેસાર્યાં.

નાનીબેન કહેઃ " ફુક્કા કચરાઇ ગયા. "

બાપા કહેઃ " હવે ? "

**વચ્ચે વાતચીત**

બબલીઃ " ગાડી ફરી પાછી ગુજરી પાસેથી એની એ જ જગાએથી હંકાવો. "

**વાર્તા**

બાંપાએ કહ્યુંઃ " હવે ? " નાનીબેન કહેઃ " ચાલો પાછા એની એ જ દુકાને. " ગાડી પાછી ચાલી. ગુજરી ઉઠી ગઇ હતી. બધા વેચવાવાળા ચાલ્યા ગયા હતા.

**વચ્ચે વાતચીત**

બબલીઃ " પણ ઓલ્યો ફુક્કાવાળો ? એ પણ ગયો હતો ? "

**વાર્તા**

એક ફુક્કાવાળો પેટી બંધ કરીને જવાની તૈયારીમાં હતો. ત્યાં તો બધાં કહેઃ " ચાલ ભાઇ, ફુક્કા આપ." નાનીબેને પાછા ત્રણ ફુક્કા લીધા. પછી બધાં ઘેર આવ્યાં. ફુક્કા વગાડ્યાં ને ખાઇ પીને સુઇ ગયાં. "

વાર્તા પૂરી થઇ. બબલી ખુશી ખુશી થઇ ગઇ. કહેઃ “ હવે કાલે વાત. મારે ગુજરીમાં જઇને કુક્કા લેવા છે, હો! ત્રણ લેવા છેઃ રાતો, પીળો, અને ગુલાબી–જાંબલી. કાકડી જેવો મોટો. આપણે કેદિ' જશું ? ”

“ જશું વળી કોઈ વાર. ”

બબુ શાંતિથી ઊંઘી ગઇ.

બબલીને કુક્કા ગમે છે. ઘણા કુક્કા લીધા પણ હજી એની હોંશ પૂરી થતી નથી. આ વાર્તાને ઇચ્છાતૃપ્તિની (wish-fulfilment) વાર્તા તરીકે ન ઓળખાય ? નાનાં બાળકોનાં સ્વપ્નો ઇચ્છાતૃપ્તિનાં વધારે હોય છે. બરફી ખાવાનું ન મળે–એટલે કે બરફી મળી હોય પણ હજી વધારે ખાવાનું મન હોય એટલે સ્વપ્નમાં બરફી જ આવે, ને તે ખાય. એમ કરીને અતૃપ્ત ઇચ્છાઓ બાળકોમાં તૃપ્ત થયે જાય છે. છતાં સ્વપ્નોથી ઇચ્છાઓ સાવ તૃપ્ત થઇ જાય એવું તો કોણ જાણે હોય તો. અતૃપ્તિની તાત્કાલિક બેચેની ઘટતી હોય એમ લાગે છે. ખરી તૃપ્તિ તો વાસ્તવિકતામાંથી જ આવે. બબું પણ કુક્કાની વાર્તા સાંભળી ધરાઇ ગઇ હોય એમ પ્રસન્ન થઇ સુખશાંતિથી ઊંઘે છે; તૃપ્તિનો આનંદ દેખાય છે. પણ પાછી તે કહે છેઃ “ મારે

મેળો આવે ત્યારે ત્રણ ફુક્કા લેવા છે. રાતો, પીળો ને ગુલાબી. પીળો ફુક્કો કાકડીનો.” વગેરે.

પણ મેળો ન આવે ત્યાં સુધી વાર્તાનું આ સમાધાન સારૂં નહિ?

સારૂં હોય કે ન સારૂં હોય, બબલી પોતે જ વાર્તાનું સમાધાન માગી રહી છે એ વાત તો કબૂલ જ છે.

‘બબલીને ફુક્કા ગમે છે.’ ત્યાંથી મેં હમણાં જ સવારે ઉઠીને લખ્યું: રાતે તો એટલો થાક્યો હતો કે એક શબ્દ પણ આગળ ચાલતો ન હતો. મને થયું કે આવી નોંધની સામે મારા મનનો વિરોધ ન કરવો હોય તો મારે અત્યારે જ ઉભા થઇને પથારીમાં પડવું જોઇએ.

× × ×

હું હીંડોળા ઉપર બેઠો હતો. મારા મિત્ર હજામત કરાવતા હતા. શિક્ષણ વિષયક વાતો ચાલતી હતી. ઘરમાંથી અવાજ આવ્યો: “મારા રો...! બહાર જાય છે કે? આ હમણાં માર્યો સમજજે.”

રડતો રડતો મોટાભાઇ અમારી પાસે આવ્યો.

મિત્રે પૂછયું: “શું છે?”

“નાનુ મારૂં ફેરકણું નથી આપતો.”

વચ્ચેથી ઘરમાંથી અવાજ આવ્યોઃ "ઘ, રે...ને મારવો જોશે. મારે તે ફેરકણું ક્યાંથી દેવાં?"

"હશે બેટા, કાલે નવું ફેરકણું લાવી દઇશ."

"એં એં એં! મારે ફેરકણું જોવે."

"કાલે મળશે."

ઘરમાંથી ફરીને અવાજ આવ્યોઃ "રે... આમ આવ, આમ."

છોકરો અંદર ગયો.

"હજી ગુવાળો છે ને ત્યાં ક્યાં ગયો'તો?"

ઘરમાંથી ધબ્બાનો અવાજ સંભળાયો.

છોકરો રડતો રડતો બહાર આવ્યો.

"પાછો આવે છે કે નહિ?"

છોકરો અંદર ગયો. અંદરથી બારણાં વસાયાં. જરા પુષ્પાંજલિ થઇ.

'એં એં એં!' અંદરથી અવાજ આવ્યો.

મિત્રે હજામત કરાવતાં કહ્યું: "એમ શું કામ કરે છે? એને ન મારીએ."

"મારીએ નહિ ત્યારે શું કરીએ? મારે તે હવે મરવું?"

છોકરો પાછો બહાર આવ્યો.

હું વિચારમાં ગરક થયો. હજામત ચાલુ

હતી. મિત્ર અબોલ હતા. તે છોકરાની બાને કાંઇક કહેવા જતા હતા. મેં રોક્યા ને કહ્યું: "અત્યારે રહેવા દ્યો. બહુ ગરમ થઇ ગયાં છે." વાત ત્યાં અટકી પડી. કરવું શું?

ઘેર જતાં મને થયું: "આવા પ્રસંગે મૌન જ સુંદર પાઠ છે. બાળકો માટે માબાપ જ લડી પડે તો વળી નવી ઉપાધિ!"

× × ×

ચિત્રમંદિરમાંથી દોડતાં આવીને મોતી ચંપક ને લીલુ મને બાઝી પડ્યાં, મને ટીંગાઇ પડ્યાં. આંખમાંથી પ્રેમ વરસતો હતો.

મેં કહ્યું: "ચાલો હવે પીરસવા જવાનું."

ત્રણે જણાં પીરસવાના ઓરડામાં દોડ્યાં ગયાં.

મને થયું કે આ બાળકોમાં કેવો અજબ જેવો ફેરફાર? પહેલાં તો તેઓ કામ કરવાના ઓરડામાં આવતાં જ નહિ. ઓરડામાં લાવવામાં આવે તો પોક જ મૂકે, ભાગાભાગ કરે.

મેં જાતને પૂછ્યું: "ત્યારે મેં એમને પરાણે કામ ઉપર ચડાવ્યાં તેથી શું તેઓ કામને અને મને ચાહવા લાગ્યાં? ના, પ્રેમ કાંઇ પરાણે ઉત્પન્ન

ન થઇ શકે. એ તો ઉંડા અંતરમાંથી જ વહેવો જોઇએ. ને કામ ઉપરની રુચિનું પણ એમ જ હોય. ત્યારે? ખરી રીતે 'પરાણે' શબ્દ વાપરવાની મેં ભૂલ જ કરી. મેં એમને ખરેખર 'પરાણે' કામે બેસાર્યાં ન જ હોય; એમને પોતાને જ કામ કરવાની, સૌની સાથે ભળવાની જરૂર હતી પણ તેઓને બીજાં બાળકો સાથે ન ભળવાની ટેવ પડી હતી. કોઇ ભેળવી ન દે, કામ કરવાનું ઠરાવે નહિ ત્યાં સુધી ઉભાં રહેવાની ટેવ પડી હતી. એમની એ ટેવને દૂર કરવામાં સખતાઇ વાપરી હતી. એટલી સખતાઇથી કુટેવ દૂર થતાં અંદરથી કામ કરનારૂં ખરૂં મન બહાર આવ્યું. તેણે કામમાં ભાગ લીધો ને કામના આનંદથી આનંદિત થઇ કામ શોધી દેનારને–મને તેઓ તેમના ભલા મિત્ર તરીકે ઓળખવા લાગ્યાં. પછી તો મને તેઓ જોરથી બાઝી પડે તેમાં શી નવાઇ? મને થયું કે આજ દિવસ સુધી મેં તેમને 'પરાણે' ઓરડીમાં દાખલ ન કર્યાં ને કામે ન ચડાવ્યાં તેમાં ભૂલ હતી.

× × ×

મને તો વાર્તા કહેવાનું ગમે. 'પ્રદર્શન-પદ્ધતિ'ની વાતો કરવાનું શિક્ષણશાસ્ત્રીઓ અને ફિલસુફોને માટે રાખું. આપણે જેમાં ખીલતા

હોઈએ એ જ કરીએ ને ? નાહકના બીજાના પ્રદેશમાં ક્યાં માથું મારવું ?

વાર્તા જ લખવા દે. એક વાર એ વેગને કાઢી લેવા દે; પછી બીજા વિચારો સારી રીતે લખાશે. 'બાળક કે પુનર્જીવન માટે જ.' એમ કરીને લખવા બેસીએ ત્યારે બધા વિચારો ઉડી જાય છે. જાણે કે હવે કશું આવડતું જ નથી એમ લાગે છે. સામે પવને કંઈ સરસ નાવ ચાલે ? આજે તો વાર્તા કહેવાના પવનથી સઢ ભરીને હોડી હંકારૂં. અંદરથી જે લખવાનું આવે છે તેને 'આમ જોઈએ.' ને 'આને તો પહોંચી વળવું જોઈએ.' એ માટે ક્યાં રોકું ? પણ વાર્તા કહેવાને બદલે આ પૃથક્કરણમાં ક્યાં પડ્યો ? વાત તો એમ છે કે મારે આવું પૃથક્કરણ કરવું છે અને છતાં વાર્તા લખીને કે કહીને જ. ત્યારે હવે વાર્તા જ લખું.

વાર્તા

એક હતી ચકલી; એક હતો ચકલો. ચકલી ચકલાએ માળો બાંધવા માંડ્યો. ચકલી એક તણુખલું લાવે, ચકો બીજું તણુખલું લાવે. ઘરમાં એક ગોખલો હતો. એમાં માળો હતો. સુંદર મજાનો માળો. ગોળ ગોળ અંદર પીંછાં ને એવું એવું હતું. એટલે માળો સુંવાળો સુંવાળો લાગે.

સૌથી નાની દીકરી કહેઃ "બા, આ ચકલી ચકલો માળો શું કામ બાંધતાં હશે ?"

બાઃ "ઈંડાં મૂકવાં."

છોકરાંઃ "ઈંડાં ક્યારે મૂકશે ?"

બાઃ "હવે એક બે દિવસમાં."

છોકરાં તો વારે ઘડીએ નિસરણી મૂકીને ચડે ને ઈંડાંની તપાસ કરે.

મોટાભાઈનું નામ બચુ, એક બેનનું નામ ટીકુ ને એકનું નામ બબલી.

**વચ્ચે વાતચીત**

બબલી કહેઃ "બબુબેન કહોને; બબલી શું કહો છો ?"

બચુ, બબુ અને ટીકુ મારાં છોકરાં છે. એને જ મેં વાર્તાનાં પાત્રો તરીકે ગોઠવી દીધાં હતાં. વાર્તા સાંભળતાં સાંભળતાં વાર્તામાં પોતાને બબલી કહી એટલે બબલી વચ્ચેથી ઉપર પ્રમાણે બોલી.

બબુને બબલી કહીએ તો તેને જરાયે ગમતું નથી. આપણે ભૂલથી તેને બબલી કહીએ તો સુધરાવે જ. એને પોતાનું માન રાખવું એવું તો ગમે છે કે એ માટે તે બીજાને માનપૂર્વક બોલાવે છે. બચુને મોટા ભાઇ કહે છે, સુશીલાને

મોટી બેન જ કહે છે ને ટીકુને નીલુ કહેવાનું ભૂલે જ નહિં આ માનવાચક શબ્દોનો પ્રયોગ એણે જ કાઢ્યો છે; પોતે કદી પણ ભૂલ કરીને બોલતી જ નથી.

પોતાનું માન રાખવા માટે બીજાને માન આપવાનું ઘણા સમજે છે. એક છાત્રપતિ વિદ્યાર્થીઓ પોતાને નમસ્કાર કરે એટલા માટે વિદ્યાર્થીઓ નમસ્કાર કરે તે પહેલાં જ તેમને નમસ્કાર કરતા. મેં પણ આ રીત અજમાવી જોયેલી. પણ જ્યારે હું નમસ્કાર ન કરૂં ત્યારે વિદ્યાર્થીઓ પણ ન કરતા એટલે મેં એ માન ઉભું કરવાની રીતનો ત્યાગ કર્યો.

વાર્તા

મોટાભાઇનું નામ બચુ, નાની બેનનું નામ નીલુ ને વચલી બેનનું નામ બબુ. બે દિવસ ચાલ્યા ગયા. ત્રીજો દિવસ આવ્યો. છોકરાં પથારીઓમાંથી ઉઠી નિસરણીએ ચડીને જુએ ત્યાં તો ગોખલામાં ઈંડાં-ત્રણ ઈંડાં.

"ઈંડાં, ઈંડાં ઈંડાં !" છોકરાંએ તો ઘરમાં કિલકિલાટ કરી મૂક્યો. છોકરાંએ પહેલવહેલાં જ ઈંડાં ભાળેલાં.

બાપાને લેખ લખવામાં ગડબડ થઇ; બાને તોફાન અને ઉત્પાત લાગ્યાં; પણ બાળકોને મન તો દીવાળી જેટલો આનંદ હતો.

થોડા દિવસ ગયા એટલે ઈંડાંમાંથી બચ્ચાં નીકળ્યાં. માળામાં ચૂં ચૂં ચૂં થવા લાગ્યું.

બચુ કહે: " એક બચ્ચું મારૂં."

એક બચ્ચું ટીકુએ રાખ્યું ને એકને બણુએ રાખ્યું.

બચ્ચાં તો માળામાં બેસે ને મજા કરે. ચકલી ચણ લાવે ને ખવરાવે. છોકરાં પણ એને દાણા ખવરાવે.

બચ્ચાં હળવે હળવે ઘરમાં ઉડવાં લાગ્યાં. એક દિવસ એક બિલાડી આવીને એક બચ્ચું ખાઈ ગઈ.

**વચ્ચે વાતચીત**

બણુ: " મારૂં બચ્ચું નહિ."

**વાર્તા**

" બિલાડી બચુનું બચ્ચું ખાઇ ગઇ. વળી એક બિલાડી આવીને બીજું બચ્ચું ખાઇ ગઇ. કોનું બચ્ચું ખાધું હશે?

**વચ્ચે વાતચીત**

બણુ: " ટીકુનું બચ્ચું ખાઇ ગઇ."

વાર્તા

બિલાડી ટીકુનું બચ્ચું ખાઇ ગઇ. હવે એક બબુનું બચ્ચું રહ્યું. બધાં એને સાચવે ને ખવરાવે. બધાંને એ બહુ વહાલું લાગે. પણ વળી એક વાર બિલાડી આવી ને......"

વચ્ચે વાતચીત

બબુ: "પણ મારૂં બચ્ચું તો ઉડી ગયું હતું."

વાર્તા

બબુનું બચ્ચું ઉડી ગયું.

બબુએ પોતાનું બચ્ચું કેવી રીતે બચાવી લીધું એ જોઇને તો હું હેરત જ પામી ગયો. બબુ ટીકુને બહુ ચાહે છે. એક ઘરડી હેતાળ મા જેમ એની એ સાચવણ કરે છે. બાલમંદિરમાં ટીકુ કામના ઓરડામાં રોતી હોય તો બબુ ગળગળી થઇ જાય. જમનાબેન કામવાળીને કહેશે: "જાઓને, એને લઇને ઘેર બાને આપી આવોને?"

બબુનું ટીકુ ઉપર આટલું બધું હેત. પણ જ્યાં પોતાનું બચ્ચું મરે કે ટીકુનું, એ નક્કી કરવું પડે ત્યાં તો ટીકુનું બચ્ચું બિલાડી ભલે ખાઇ જાય; પોતાનું બચ્ચું તો ઉડાડી જ મૂકવાનું. બાલસ્વભાવનું સુંદર દર્શન!

જાત પહેલી અને પછી બીજાં, એ વૃત્તિ બાળકમાં દેખાય જ છે. પોતાને ન જોઇતું હોય ત્યાં ડહાપણ અને ન્યાય પણ ખરાં; પોતાને ન જોઇતું હોય તો ઉદારતા પણ ખરી. પણ પોતાને જોઇતું હોય તો ? તો બીજી જ વાત.

આમાં બાળકનું સ્વાર્થીપણું હશે ? બીજાના બચ્ચાને મારી નાખવાના વિચાર કરતાં પોતાના બચ્ચાને કેમ બચાવવું એ પ્રશ્ન બણુ સામે મુખ્ય છે. પોતાનું રક્ષણ તે ઇચ્છે છે ને તે શોધે છે. સ્વરક્ષણની શક્તિ મેળવ્યા પછી જ પરરક્ષણ થઇ શકે.

કોઇનું બચ્ચું બિલાડી મારી નાખે તો સારૂં એ દુષ્ટ ભાવનાથી બણુ દૂર જ છે. બિલાડી બચ્ચાને મારવા આવે ત્યારે બીજાના બચ્ચાને બચાવવા ખાતર પોતાના બચ્ચાને ખાઇ જવા દેવાની ઉચ્ચ ઉદારતા પણ તે બતાવતી નથી. તેને પોતાનું બચ્ચું ગમે છે. એ કેમ મર્યું પાલવે ? એ બચ્ચાંમાં બીજાનાને મરવા દેવાનું પહેલું સ્થાન (preference) આપવામાં તે બીજા કરતાં પોતાનો વિચાર કરે છે એ સ્પષ્ટ છે. આજ કારણને લીધે તે આઠેરે બચ્ચાને ઉડાડી મૂકે છે.

આ પોતાનો વિચાર આખરે તેને પારકાનો વિચાર કરતી કરશે ?

જેમ પોતાનાં સન્માન માટે તે અન્યને સન્માન આપે છે તેમ તે આખરે પોતાનું રક્ષણું બીજાઓની સલામતીમાં રહેલું છે, એમ સમજશે ? બિલાડી પોતે જ ભય રૂપ છે માટે બીજાનાં બચ્ચાં ખાઇ જશે તો પણ પોતાના બચ્ચા ઉપર તો ભય ઉભો જ છે, માટે પોતાનું એકનું બચ્ચું બચાવી લેવાનું ઇચ્છવા કરતાં બધાંનાં બચ્ચાં બચાવવાં, બધાંએ ભેગાં મળી બિલાડીને હાંકી કાઢવી સરસ છે, એ વિચાર આખરે બણુના મનમાં જાગશે ?

મને હકારમાં જવાબ આપવાનું સૂઝે છે. પણ હવે આ લાંબી વાત કયાં ડોળીએ ? વાર્તા વિષે આગળ જ કહીએ.

બણુએ બીજે દિવસે એ જ વાર્તા માગી. મેં વિચાર કર્યો કે આજે એના બચ્ચાને મરાવી નખાવું; જોઇએ એને શું લાગે છે ? પણ મેં એના બચ્ચાને મરાવી નાખવાનો વિચાર શા માટે કર્યો ? ટીકુ તરફનો એનો અન્યાય સહન ન કરી શકયો ? કે એમાં મારી પાસે માત્ર માનસશાસ્ત્રીનું જ દૃષ્ટિબિંદુ હતું ? કોણ જાણે. એમ તો ચકલા ચકલીની વાર્તા કહેવા માંડી એનો પણ આન્તર હેતુ હોઇ શકે છે; હશે જ. પોતાના અંતરનાં કયાં કયાં કારણોથી વાર્તા કહેનાર વાર્તા કહે છે એ

શોધવા જેવું તો છે જ. 'રખડુ ટોળી' વાળી વાર્તા બાળકોને કહી તેની પાછળ નીલનું માનસ કેવું હતું તેનું પૃથક્કરણ એક શાસ્ત્રીએ કર્યું છે; નીલ તે છુપાવવાનો નથી. વાર્તા લેખક કે કહેનારનું આન્તર મન વાર્તામાં પડેલું છે. 'ગ્રેડિવા' ની વાર્તા જેનું ફ્રોઇડે પૃથક્કરણ કર્યું છે, તેના લેખકની મનોદશાની શોધ તેમાંથી થઇ શકે. 'ચકલા ચકલી'ની વાર્તા કહેનારને કોઇ તપાસે તો? પહેલી તકે તો હું એમ જ કહીશ કે એ વાર્તા બાળકોને ગમ્મત આપવા ખાતર મેં ઉપજાવી કાઢી. અથવા તો આડકતરી રીતે દૂરદૂરથી તેમની આગળ પ્રજનનનાં પ્રશ્નો રજુ કરવા વાર્તા કહી. પણ... પણ એ મારા પૃથક્કરણને જવા દઉં.

૯ બીજે દિવસે વાર્તા ચાલી. છેવટે એમ આવ્યું:

**વાર્તા**

"ત્રીજી વાર બિલાડી આવી ને........"

**વચ્ચે વાતચીત**

બબુ: "મારૂં બચ્ચું ઉડી ગયું."

**વાર્તા**

"ના, બચ્ચાએ ઉડવાની ઘણી મહેનત કરી પણ બિલાડી તેને ઉપાડી ગઇ."

બણુને વાર્તા ન ગમી. જો પોતાનું બચ્ચું પણ વાર્તામાં ખવાઇ જવાતું હોય તો એવી વાર્તા તેને નથી જોઇતી. એ વાર્તા બણુ હવે નથી માગતી.

હમણાં તો કુક્કાની વાર્તા માગે છે; પણ બે દિવસથી નક્કી કર્યું છે કે સોમવારે કુક્કા લેવા જવાનું છે એટલે હમણાં વાર્તા ઉપર જીવવાનું બંધ છે. આજે બપોરે કુક્કા લેવા જવું છે. જોઉં છું કે કુક્કાની વાસ્તવિકતા મળ્યા પછી કુક્કાની કલ્પનાનો ખપ પડે છે કે કેમ?

હું વાર્તા કહેવાનો શોખીન છું. એમાં નવા પ્રયોગો કર્યા કરૂં છું. પણ નીલની વાર્તા કહેવાની મૌલિકતા અદ્દ્ભુત છે. સામે બેઠેલાં સાંભળનારાંઓ-માંથી જ વાર્તાનાં પાત્રો ઉપાડવાની એની એક ખૂબી છે. સાંભળનારાંઓની વચ્ચે ચાલતી વાત-ચીતમાંથી વાર્તાને વણી કાઢવાની બીજી ખૂબી છે.

વાર્તામાં એમ આવે છે કે એક શોધકે નવીન જાતની મોટર શોધી છે. તેમાં બાળકો પ્રવાસે ઉપડવાનાં છે. પણ રેડિયમ વિના કાર ચાલે તેમ નથી. પિકફર્ડ નામનો એક અમેરિકન કરોડાધિપતિ રેડિયમ લાવી આપે છે. કાર સંબંધે વાતચીત ચાલતાં વાર્તા સાંભળનાર બાળક પૂછે

છેઃ " એમાં મશિનગનો પણ હતી કે ? જરૂર હશે જ. ન હોય તો કહો તે હારૂં."

નીલ આ પ્રશ્નનો લાભ લઈ વાર્તા આગળ ચલાવે છે.

પિર્ફેક્ટઃ " પેલા થાંભલા પાસે શું છે ? "

નીલઃ " ત્યાં મશિનગન છે. આ કારમાં ત્રણ મશિનગન છે; એક ત્યાં, એક રસોડામાં અને એક હાંકવાની જગા પાસે."

નીલ પોતાની વાર્તામાં ઘણું ઘણું કહી નાખે છે. બાલમાનસની વાતોનો તો પાર નથી; ઉપરાંત ભૂગોળની, ઇતિહાસની, વિજ્ઞાનની, નવા નવા દેશોની, શોધો અને યંત્રોની, આજના સુધારાની ને એવી એવી કેટલીયે વાતો ઉડાવે છે. છતાં તે સાવ સહેલી રીતે. વાર્તા જરાક ભારે થઇ જાય કે તુરત જ અજબ રીતે તેમાં એવો તો રસ મૂકી દે છે કે સૌ સ્તબ્ધ થઈને સાંભળે છે.

બાળકો આફ્રિકામાં પ્રવાસે નીકળે છે. તરસ લાગે છે; કારમાં પાણી નથી. નીલની સાથે વાયરલેસથી વાત કરે છે. નીલ પાણી કયાં રાખ્યું છે તે સમજાવે છે; ને પછીથી વાયરલેસથી જ શોધક પાણીના સંચાની બનાવટ કેવી છે તે બધાંને સમજાવે છે.

પાણી ઑક્સિજન અને હાઇડ્રોજનનું બનેલું છે. આ બન્ને હવામાં હોય છે. બન્ને પદાર્થોને સંચો એકઠા કરે છે, અને વીજળીની મદદથી રેડિયમ એવું પાણી બનાવે છે.

આ વિવેચન શાસ્ત્રીય હતું; પાણીની બનાવટનું હતું. ડોનલ્ડ નામના બાળકને કંટાળો આવ્યો. નીલે ખૂબીથી તેને ઉડાડ્યો અને વાર્તાને આગળ ધપાવી.

ડોનલ્ડે રસ્તા ઉપર લપાયેલા એક જનાવર તરફ આંગળી ચીંધીને ચીસ પાડીને કહ્યું: "પેલું શું છે ?"

ડૅરીકે બૂમ પાડી: "સિંહ !" અને હાથમાં પિસ્તોલ લીધી.

બહાદુર ડોનલ્ડે કહ્યું: "ખબરદાર ! એ મારો શિકાર છે; મેં એને પહેલો જોયો છે. ગિલ્બર્ટ ! રિવોલ્વરો, રાઇફલ અને તલવાર આપ."

કેવી સરસ રીતે ડોનલ્ડને ઝોકાં ખાતો જગાડ્યો !

વાર્તાશાસ્ત્રી પેઠે નીલ એમ નથી કહેતો: "અરે ભાઇ ડોનલ્ડ ! ધ્યાન તો રાખો." "ડોનલ્ડ, પછી તો એમ થયું ને તેમ થયું." "અરે,

ડોનલ્ડને ઊંઘ આવે છે; એને રસ નથી આવતો. ચાલો ડોનલ્ડ, બહાર જાઓ ને ઊંઘો." "ધ્યાન રાખો ડોનલ્ડ, પછી શું થયું ?"

હવે નીલનાં વખાણ ઘણાં થયાં. આટલું કથન 'રખડુ ટોળી' ની જાહેરાત માટે બસ છે.

× × ×

મારા મિત્ર જયંતિલાલ કહે છે: "પોલૅંડના લોકો ખૂબ આગળ વધ્યા છે. હમણાં હમણાંમાં એના કવિઓ, ફિલસુફો, ગવૈયા વગેરે જગપ્રસિદ્ધ છે. સ્લાવ જીનીઅસ (પ્રતિભા)માં બન્ને વસ્તુ છે: બુદ્ધિ અને લાગણી. વિલિયમ જેમ્સે પોલૅંડના રહીશોને 'the fiery slav' કહેલ છે."

મેં કહ્યું: "તે fiery તો ખરા જ ના? પોલૅંડના વરૂઓ જગપ્રસિદ્ધ છે. એનો શિકાર કરીને લોકો fiery (ઉગ્ર) થયા."

અમે ખૂબ હસી પડ્યા.

મેં પૂછ્યું: "એલા, હિંદુસ્તાનની જીનીઅસ (પ્રતિભા) શામાં છે?"

જયંતિલાલ ગંભીરતાથી કહે: "હિંદ કંઇક કર્મપ્રધાન. બાકી વેદાંતનો વિજય તો હિંદભૂમિ ઉપર થયો."

મેં કહ્યું: "પણ અત્યારે આપણી જીનીઅસ શામાં છે?"

એ ખૂબ હસીને કહે: "દા'ડો કરવામાં અને અંધરણીનાં પગલાં ભરાવવામાં."

અમે ખૂબ હસ્યા; પેટ પકડીને હસ્યા.

મેં કહ્યું: "તમને એમ નથી લાગતું કે આપણે આપણી અક્કલ જ ગુમાવી બેઠા છીએ?"

જયંતિલાલ: "પણ એ જ આપણી જીનીયસ!"

× × ×

દા'ડો અને અધરણીનાં પગલાં સામાજિક સુધારાનો વિષય કે કેળવણીનો?

દા'ડો કરનાર એટલે 'શાસ્ત્રો આમ કહે છે માટે આમ કરવું જ જોઇએ.' એવું માનનાર (the credulous fool); અને અધરણી કરનાર એટલે સમાજનો ગુલામ (the social slave.).

આને કોણ મુક્ત કરી શકે? જેને મુક્તિની અંતઃશક્તિ ન મળી હોય તેને સમાજનો કાયદો મુક્તિ આપી શકશે?

શાસ્ત્રના વિરોધીઓના બળવામાત્ર આપ-

ણને ખરી વિચારસરણી ઉપર લાવી મૂકશે ?

બાળકને પહેલેથી તર્કશુદ્ધ વિચારની અને સત્ય કલ્પનાની કેળવણી આપીએ તો ? મનુષ્યને વ્યાક્તસ્વાતંત્ર્યની કેળવણી આપીએ તો ?

જ્યારે માણસ વિચાર કરતો થશે કે "શાસ્ત્રમાં ભલે એમ કહ્યું હોય પણ મારી અક્કલ ક્યાં ગામ ગઇ છે ? હું તો મને પ્રત્યક્ષ સત્ય લાગશે તેને અનુસરીશ." તો દાંડા જીનીઅસનો અંત આવશે ?

"સમાજ સાથે ચાલીને હું વિચાર અને ક્રિયાનું સ્વાતંત્ર્ય ખોઇ બેઠો છું ને એક પાંગળો ગુલામ બની ગયો છું." એમ જ્યારે માણસ વિચારતો થશે ત્યારે આ અધરણી જીનીઅસનો અંત આવશે. ?

મને તો એનો ઉપાય કેળવણીમાં દેખાય છે.—ખરી કેળવણીમાં. કોઇ પૂછે કે એ કેળવણી કઇ તો બે ત્રણ શબ્દમાં જ પતાવું કે એ કેળવણી એટલે 'સ્વાતંત્ર્ય અને સ્વયંસ્ફૂર્તિની કેળવણી.'

× × ×

પણ આજે મને સામાજિક પ્રશ્નોની નથી પડી. બાલમંદિરમાં હું પૂરેપૂરો ડૂબેલો છું. એ છોડી હું અત્યારે આમાં ક્યાં પડું ? મને મારો

બાળકોની ડાયરી લખવામાં વધારે મજા આવશે.

તે દિવસે લીલુ, ચંપા અને રમણ દોડતાં દોડતાં પીરસવાના ઓરડામાં ગયાં. હું થોડી વારે ત્યાં જઈને જોઉં છું તો—

એક દરબારી અમલદારની દીકરી લીલુ (સત્તા aristocracy), એનો ભાઈ ચંપક (સત્તા aristocracy), એક લશ્કરી અને દીવાની અમલદારનો દીકરો રમણ (ધન અને સત્તા aristocracy); એક ભણેલ અને સુધારક પિતાનો પુત્ર પાપા (વિદ્વત્તા, સુધારો અને શિષ્ટતા aristocracy), એક કેળવણીની સંસ્થાના સાદા પણ વિદ્વાન અને પ્રતિષ્ઠિત નિયામકના પુત્ર બાબુભાઈ (prestige aristocracy): આ બધાં સાવરણીઓ લઈને વાળતાં હતાં. હું મારા સાથીઓને બોલાવી લાવ્યો ને તેમને એ દૃશ્ય બતાવીને કહ્યું: "જુઓ, અહીં જાતજાતની aristocracies (પ્રતિષ્ઠા–સત્તાવાદો) નો ઉદ્ધાર થઈ રહ્યો છે!"

× × ×

હું ફરવા જવાનો શોખીન છું છતાં હમેશાં શા માટે નથી જતો એનાં ઘણાં કારણો છે. પણ મારા એક મિત્ર મને ફરવા ઉપાડે છે ત્યારે તો હું નીકળું છું.

મારા મિત્રે વાતોના ભારે શોખીન છે. વાતો કરવાની મારી અતૃપ્તિ છેવટે એની સાથે વાતો કરીને હું તૃપ્ત કરૂં છું.

વાત કરતાં રમેશ અને બાબુની વાત નીકળી. મિત્ર કહેઃ "આ છોકરો તો ભારે ઢોંગી નીકળ્યો! આવા સારા ઘરનો છોકરો અંદરથી આવો સડેલો?"

મેં કહ્યુંઃ "એ તો કબીર કહી ગયા. ઉપરનો પૉલિશ રાખીને ફરનારાના છોકરાઓમાંથી ઢોંગી ન નીકળે તો જ આશ્ચર્ય! પૉલિશ એ ઢોંગની બહારની બાજુ છે."

"પણ આટલી હદ સુધી?"

"એમ જ હોય. માણસો જ્યારે સભ્યતાનો ખરો અર્થ ભૂલી જઇ સભ્યતા એટલે ઉપરનો દેખાવ એટલો જ કરે છે, ત્યારે ઢોંગ વધે છે. ખરી સભ્યતાને તો બહાર અને અંદર એક જ સ્વરૂપ રાખવું પડે છે."

"પણ ઉપરથી 'જી' કહેનાર અને અંદરથી ગંદામાં ગંદા વિચારો રાખનારા છોકરાનું શું થશે?"

"શું થશે એનું એમાં માબાપને પૂછવાનું. આપણે કેળવણી આપીને ઇંદ્રિયોનો વિકાસ કરીએ,

શારીરિક બળ આપીએ, બુદ્ધિને તીવ્ર કરીએ, જ્ઞાન આપીએ; કલ્પના, ક્રિયાશક્તિ, વગેરે શક્તિઓ ખીલવીએ; અને બેશક, ચારિત્ર્ય માટે સઘળી તૈયારી આપીએ. પરંતુ જન્મથી ઘરમાં જો આવી જ છાપ પડે, ઘરના કુટિલ વાતાવરણમાંથી જો સદૈવ રીતસરના શિક્ષણ જેમ જ એ મળ્યા કરે, તો ત્યાં આપણું શું ચાલે ?"

"ત્યારે આપણા પ્રયત્નોનો શો અર્થ ?"

"અર્થ જે આપણે જોઈએ છીએ તે જ. આપણે જે કરી શક્યા અને ન કરી શક્યા તે જ. હું અને તમે દુનિયાને બધી રીતે સુધારવાનો દાવો કરતા હોઈએ તો ગાંડા છીએ. દુનિયાને સુધરવું હોય, ખરેખર ઠેકાણે આવવું હોય તો તે માટે આપણો સાચો સહકાર જોઈએ;. અને શાળા સાથે જ ઘર પણ ચારિત્ર્યના ઘડતરના વાતાવરણનું સ્થાન છે એમ લોકોએ માનીને બાળકને યોગ્ય વાતાવરણ આપવું જોઈએ. તો જ આપણા પ્રયત્નોને કંઈક ફળ મળશે."

હું ઘરે આવ્યો. રમેશના વિચાર તો મારા મનમાં ચાલતા જ હતા. ઉપરથી કેવો મીઠો છોકરો ! બહારથી કેવો ધર્મચુસ્ત છોકરો ! પણ અંદર જે બધું દબાઈને પડ્યું હોય તે ક્યાં

જાય ? માણસ અંદરથી ખરેખરો કેવો છે તે ઘણે પ્રસંગે બહાર આવી જાય છે. નાનાં બાળકો રમતો અને નાટકોમાં ઉઘાડાં પડે છે. જે નથી થઇ શકતું તે વાર્તા કહીને કે નાટકમાં ભજવીને કર્યાનો આનંદ બાળકો શોધે છે. જે ન કરવા દેવામાં આવે તે તો બમણા ઉત્સાહથી નાટકમાં કરે; એમ જ બનવું જોઇએ. વળી નાટક એક કળા છે. યોગ્ય વાતાવરણમાં કળા દ્વારા મનુષ્યનો આત્મા ખરેખરા રૂપમાં આવિર્ભાવ પામે છે. 'જી' થી બોલનારો રમેશ નાટકમાં વધારે હુંકારા તુંકારા કરે છે. આમ જ બેસાય ને આમ જ બોલાય એવી સભ્યતાના નિયમો પાળીપાળીને કંટાળેલો રમેશ નાટકમાં વધારેમાં વધારે અવ્યવસ્થા બતાવે છે. રમેશને જોઇને કોઇ એમ જ કહે કે આ છોકરો કેટલો શિષ્ટ છે ! એનું કુટુંબ જ શિષ્ટ હોવું જોઇએ. ખરેખર એ શિષ્ટતા એના કુટુંબની જ છે. પણ નાટકમાં રમેશ અત્યંત ગ્રામ્ય (most vulgar) દેખાશે. બફૂનરી—ભાંડાઇ બતાવવામાં રમેશ સૌથી આગળ જાય છે અથવા તો એક્કો છે. અને ધર્મચુસ્ત રમેશ અમારા પ્રવાસમાં તો આવી પણ શકતો નથી, કારણ કે બ્રાહ્મણિયા રસોઇ પણ તેને ન ચાલે. પણ નાટકમાં એ મરઘીનાં ઈંડાં અને ગોસ

ખાવાની વાતોમાં ખૂબ રસ લે છે. એનો વેશ એવો આવે છે કે જેમાં તેને બીડી પીવાનો દેખાવ કરવો પડે, મારવા કાપવાનું કરવું પડે.

હું જાણું છું કે હું તેની શક્તિઓનો વિકાસ કરાવી રહ્યો છું. પણ મારી રોજની ચિંતા છે કે એ શક્તિઓને એ કેમ વાપરશે.

મારા મિત્ર સાથે પેલી છોકરીની વાત નીકળેલી. જ્યારે મારા મિત્રે કહ્યું: "આ બકુલની માળા તો પેલી છોકરી રોજ ભાવથી આપી જાય છે." ત્યારે મારા મનમાં થયું કે એને કહું કે "એમાં એ છોકરી પોતાની પ્રદર્શનવૃત્તિને પોષી રહી છે; એને ઉત્તેજન આપવું ન જોઈએ." પણ હું ગમ ખાઈ ગયો.

ફરવા જતાં એની વાત પણ નીકળેલી. મારો મિત્ર તો એ જ નિર્ણય પર આવી ગયો છે કે હવે એને ભણાવવી હોય તો 'પ્રદર્શન પદ્ધતિ' થી ભણાવવી પડશે. અમે રહ્યા પદ્ધતિકારો. તુરત નવું નામ ઉપજાવ્યું: 'પ્રદર્શન પદ્ધતિ.' એની મતલબ એ હતી કે એ છોકરીમાં દેખાડો કરીને દેખાડાનો સંતોષ લેવાની, બીજા જોઈને ખુશી થાય તેમાં પોતાનો આનંદ સમજવાની, બીજાની નજરે આગળ અવાય છે માટે નજર આવવા

પૂરતું કામ બતાવવાની, ટૂંકમાં બહારની દૃષ્ટિએ, બીજાને માટે કામ કરી આપવાની સખત ટેવ થઈ ગઈ છે.

મિત્ર કહેઃ "પોતાના બળનું પ્રદર્શન થતું હોય તો પાંચ બાળકો સામે એકલી રમતમાં ઉતરે, પણ જોનાર ન હોય તો નહિ. રમવાના આનંદની ખાતર નહિ પણ શક્તિ બતાવવાની ખાતર તેને રમવું ગમે છે."

પણ મારો પોતાનો એ છોકરીની બાબતમાં ક્યાં થોડો અનુભવ છે? કોઈ મુલાકાત લેવા આવે તો તુરત જ તે ગાવાના ઓરડામાં દાખલ થઈ જાય; વગર પૂછે ગાવા માંડે, ને પોતાની શક્તિ બતાવે. મનમાં મલકાય કે મને કેવું સરસ ગાઈ બતાવતાં આવડે છે! પણ મુલાકાત લેનારો બહાર જાય તો બહેનનું ગાવું બંધ પડે. ચિત્રો કાઢવામાં પોતાના આંતર ઉલ્લાસથી સુંદર ચિત્ર કાઢવાનું તો કોઈ વાર આવે. તો પણ કોઈ આવીને કહેઃ "આ છોકરી તો ફલાણાની ને?" એટલે એકાદ સુંદર ચિત્ર કાઢ્યું જ છે, ને મુલાકાત લેનારને ભેટ આપી જ છે!

મારાથી કોઈને ભેટ આપવાની ના કેમ

પડાય ? મારાથી એને ગાવામાંથી કેમ અટકાવાય ? ગાવાની ફરજ નહિ તો એની અટકાયત પણ નહિ. પણ હું જાતે તો એની એ ટેવોને ટેકો કેમ આપું ? એને ગાતી વખાણવી કે એનાં ચિત્રોને ભેટ ધરાવવાં, એ મારે માટે તો છોકરી પૂરતું પાપ જ થાય. એની બહારથી આનંદ લેવાની વૃત્તિને હું પોષું જ નહિ. મને લાગ્યું કે ફૂલો દેવામાં એની એ જ વૃત્તિ છે એટલે હું ફૂલો લાવવાનું કહેતો જ નથી. એની સુંદર વેણી વખાણીને મારે એને વધારે બહિર્મુખ શા માટે બનાવવી ? એના બળથી હું મનમાં ખુશી થાઉં, પણ એને વખાણીને એને ચાંદ તો કેમ જ અપાય ?

જે હું નથી કરતો, જે મારે કે કોઈએ ન કરવું જોઈએ, તે એના બાપાએ કર્યું છે—

" અહા ચંપા, તું કેટલી સુંદર લાગે છે ! આ વેણીથી તું ભારે શોભે છે. "

" ચંપા એવી બળવાન છે કે મને પણ પછાડી દે. ચંપા ચારે છોકરાંને પહોંચી જાય તેવી છે. "

" ચંપા, ચાલો બેટા ! ગાઓ જોઈએ: પેલી નવી તરજ. ચંપાને આઠ દિવસમાં અઢાર ગાયન આવડ્યાં. "

"આ ચંપા એક ડાહી. આ રમુ મારી છોકરી જ નહિ. રમુ શું ભણે છે કપાળ! ચંપાને મારે મારી સાથે મુંબઈ લઇ જવી છે."

"ચંપાએ કાલે કેટલું સુંદર ગાન કર્યું? કોઇ છોકરાએ એના જેવી કસરત કરી બતાવી? તમે બધાંએ ખાઇ બગાડયું!"

આમ બાપાએ ચંપાને કેવળ બહિર્મુખ બનાવી. ચંપા બહારનાં વખાણને માટે રમે, ચિત્ર કાઢે ને ગાયન ગાય. ચંપાને પ્રદર્શન કરવામાં મજા આવે.

સ્વાર્થ માટે લોકોને રીઝવવા ખાતર, અંદરના આવિર્ભાવ ખાતર નહિ પણ વખણાવા ખાતર, જીવનની પ્રબળ ભૂખ તૃપ્ત કરવા ખાતર નહિ પણ વાહ વાહ ખાતર, વિકાસ ખાતર નહિ પણ લોકોની ખાતર, પોતાની જાતને કે પોતાની શક્તિને કોઇને દેખાડવી એનું નામ વેશ્યાવૃત્તિ. પ્રદર્શનની પાછળ આ વૃત્તિ ઉભેલી છે. આપણે પ્રદર્શનને પોષીએ છીએ ત્યાં આ વૃત્તિને જાણેઅજાણે પોષીએ છીએ.

મારા મિત્રને લાગ્યું કે વાત ખરી છે. માળા આપવામાં અને તેને લેવામાં આ વૃત્તિને જાણે-અજાણે પણ પોષણ મળતું હોય તો તેમ કરવું ઇષ્ટ નથી તેમ તેને લાગ્યું.

હવે એને માટે ‘ પ્રદર્શન પદ્ધતિ ’ રહી છે એમ હું નહિ માનું. માબાપ એનું પ્રદર્શન કરવાનું છોડી દે, અને શાળા એને આગળ મદદ ન કરે તો થોડા વખત તો તે ક્ષીણપ્રાણ થઇ જશે, સાવ નિર્બળ બની જશે. પણ તે તો ચરબીવાળો માણસ ઉપવાસ કરે ત્યારે વજનમાં ઘટે છે તેવું થશે. પરિણામે જેમ સ્ફૂર્તિ અને બળ આવે છે તેમ અંતરની જાગૃતિ આવતાં ચંપા વધારે સારી છોકરી થશે.

પણ મારા હાથમાં માબાપ છે? મારા હાથમાં એકલી શાળા હોય તેમાં શું વળે?

× × ×

હમણાં ચાર વાગશે. મારી પ્રતિષ્ઠા મોડા ઉઠનાર તરીકેની છે. ખાસ કરીને તો મારા કેટલાએક મિત્રોએ મારી આ પ્રતિષ્ઠા ચારેબાજુ ફેલાવી છે; કારણ કે તેઓને વહેલા ઉઠવાની આદત પડી ગઈ છે. તેથી જ તેમને મોડા ઉઠનાર ન ગમે. તેઓથી મોડા ઉઠાય નહિ માટે તેઓએ મારા જેવા મોડા ઉઠનારને હસવું જ જોઇએ.

ખરી રીતે હું વહેલો ઉઠનારોયે નથી ને મોડો ઉઠનારોયે નથી. મારી જરૂરિયાત પ્રમાણે હું ગમે ત્યારે ઉઠું છું. વહેલા ઉઠનારમાં અને

મારામાં કાંઇ તફાવત નથી. કદાચ ઉલટો હું થોડું ઓછું ઊંઘતો હોઇશ. પરંતુ બ્રાહ્મમુહૂર્તમાં ઉઠવાનો મહિમા તેઓની બાજુમાં ન હોત તો તેઓ મારાથી પણ વધારે ઊંઘણશી લેખાત.

કામ કરવાનું સૂઝે ત્યારે બ્રાહ્મમુહૂર્ત જ છે. તેમ છતાં વહેલા ઉઠવાની મજા તો છે જ. પણ અત્યારે મેં વહેલા ઉઠનારાઓને ઠીક વધાવ્યા. મોડા ઉઠનારે પોતાનું વેર લીધું !

અત્યારનો વખત કેટલો બધો શાંત છે ? જગતનો ઘોંઘાટ સૂતો છે. પક્ષીગણનું પ્રાતર્ભજન હજી શરૂ નથી થયું. હજી મનુષ્યમંથનના ઉછાળા સ્થિર છે. ઉઠીને કિલકિલાટ ને ઘોંઘાટ કરનાર ટીકુ બબલી વગેરે ઘોરે છે. માત્ર પવન સુસવે છે; ઘડિયાળ ટગટકે છે; ચાઉસ ખોંખારે છે. હમણાં કોઇ સળવળ્યું ને પડખું ફર્યું.

ઉઠતી વેળાની અને ઉઠ્યા પછીની આપણી મનોદશામાં ઘણો ફેર છે. ઉઠતી વેળાની આળસ અને ઉઠ્યા પછીની સ્ફૂર્તિમાં ગાડાંઓનું અંતર છે.

ક્રિયાશક્તિનું બળ વાપરીને એક વાર ઉઠ્યા પછી તો મજા જ છે. પણ વહેલાં ઉઠવાનો મહિમા ગાવાથી કાંઇ ક્રિયાશક્તિ ન આવે. કોઇને ઉઠં-

વાની જરૂર ન હોય અને પરાણે ઉઠાડવાથી પણ ન આવે. કોઇને ઊંઘ વધારે પ્રમાણમાં જોઇતી હોય ને તેને પાણી છાંટીને ઉઠાડીએ તોયે ક્રિયા-શક્તિ ન આવે. બચુને શાળા હોય છે અને વખતસર હાજર થવાનો વિચાર હોય છે તો તે એની મેળાએ ઉઠે છે; પણ શાળા નથી હોતી ત્યારે ઉઠાડ્યોય ઉઠતો નથી. તે ઉઠવાની એની જરૂરિયાત પ્રમાણે ઉઠે છે. ખરેખર કામ હોય તો મોડો ઉઠીને ભાગ્યે જ મોડો થાય.

પણ હું વહેલો શું કામ ઉઠ્યો? રાત્રે ટીકુને વહેલી સૂવારી. વહેલી સૂએ તો બીજાઓને કંઇક વાંચવા લખવાનું મળે ના? પણ ટીકુને જાગવું હતું છતાં હીંચકાવીને સૂવારી. પછી એને સ્વસ્થ ઊંઘ શેની આવે? પછી 'એં એં એં.' પછી હીંચકાવો તો જ ઊંઘે.

પણ ટીકુને એક બીજે કારણે પણ ઊંઘ નહોતી આવતી. વાર્તામાં બણુ પોતાનાં બચ્ચાને ઉડાડી મૂકી તેનું રક્ષણ કરે ને ટીકુનાં બચ્ચાને ખુશીથી મરાવી નાખે. બણુને ઘોડિયામાં સૂવું ગમે છે. ટીકુ માને છે કે ઘોડિયું મારૂં છે. પછી એ એને ઘોડિયામાં શાની સૂવા દે? પછી જ્યારે ટીકુને ખબર પડે છે કે બણુ ઘોડિયામાં સૂવાની

વાત કરે છે ત્યારે તે આખી રાત જાણે કે ચોકી કરે છે. પૂરી ઊંઘતી નથી. ઘોડિયામાંથી લઈએ તો રડે છે. લીધા પછી ટીકુ એની બાને પૂછે છેઃ "બણુ ઘોડિયામાં નથી સૂતી ના ?"

આ ઘોડિયાની બાબતમાં ટીકુ સૂતી નહિ. ને મને પણ સૂવા ન દીધો. સૌ પોતપોતાનું સાચવે છે. બણુ ટીકુનું બચ્ચું મરાવી નાખવામાં ઉદાર છે તો ટીકુ બણુને ઘોડિયામાં ન પેસવા દેવામાં ઉદાર છે. વચ્ચે મારે જાગવાનું. નાનાં છોકરાં પણ કેવાં કળજુગિયાં! ટીકુ સવાબે વર્ષની; બણુ પાંચ વર્ષની.

પેલા કુક્કા તો ખરીદાઈ ગયા. ટીકુ બણુ ખુશીખુશી થઈ ગયાં. વગાડી વગાડીને બીજે દિવસે જ ફોડી નાખ્યા. હજી સુધી તેની વાર્તા કરીને બણુ માગતી નથી. હમણાં તો કુક્કા-ફિલસુફી બંધ છે.

ચાર દિવસ પહેલાં ચાપાણી ચાલતાં હતાં. આ વખત પણ ઠીક છે. ગપ્પાં મારતાં મારતાં બ્હીવાની વાત ઉપર ચડી ગયાં.

ચંપા કહેઃ "મેં લખીને નાની હતી ત્યારે ખૂબ બીવરાવી છે. એને ઝટ ઝટ ઊંઘાડવી હોય તો કહું કે 'સૂઈ જા, સૂઈ જા, નહિતર આ આવશે ને તે આવશે.' લખી જબરી બીકણ છે. ચોવીશે

વર્ષની છે પણ અંધારામાં જતાં બ્હીએ છે. ”

મેં કહ્યું: “ લખી ! આપણા ઘર પાસે રોજ શિયાળ આવે છે ને રાતે રાડો નાખે છે. ”

તે કહે: “ તો મારે અહીં નથી રહેવું. એમ બ્હીવરાવશો તો ચાલી જઇશ. ”

મને થયું કે હું શું કરૂં ? આ આપણી ભારત-જનની !

પણ જિતેન્દ્ર કહે: “ હું અંધારામાં હજી સુધી બીકની ઝાંખી અનુભવું છું. ઘણું જાણું છું કે એમાં કશું બ્હીવા જેવું નથી પણ નાનપણથી બીક ઘૂસી ગઇ છે. ”

જિતેન્દ્ર એમ.એ.; એસ.ટી.સી. છે.

જિતેન્દ્રે પોતાનો બચાવ કરવાનો પ્રયત્ન પણ કર્યો: “ નાનો હતો ત્યારે હેડમાસ્તરનું નામ પડે ત્યાં ધ્રૂજતો. ”

મેં બીજો દાખલો આપ્યો: “ નેપોલિયન બિલાડીથી બ્હીતો. ઉઘાડી તલવાર હાથમાં ઠઠી રહે ને બિલાડી નાસી જાય પણ નેપોલિયનથી બિલાડી ઉપર ઘા ન થઇ શકે ! ”

મેં નાનપણનાં સંભારણાંમાંથી કહ્યું: “ હજી પણ હું કશાકનો પડછાયો ભાળું તો ‘ શું હશે ? ’

એવો વિચાર ઉંડેઉંડેથી બીકના આનંદોલનોભર્યો આવે છે.”

હું નાનો હતો. ભૂતપ્રેતની વાતો સાંભળીને બીકણુ બન્યો હતો. એક વાર બાપાના જોડા અંધારામાં પડ્યા હતાં. શું છે એ ન સમજાયું એટલે મેં માન્યું કે એ ભૂત છે. હું બ્હીનો ને ગોદડું ઓઢીને સૂઇ ગયો; અને સવાર સુધી મુતરાણો સૂઇ રહ્યો.

બીકની વાતો ચાલી એટલે ચાલી. બધાં કહે: “એક વાત સાચી લાગે છે કે નાનપણમાં લાગેલી બીક કદી જતી નથી. આપણે બાળકોને નાનપણમાં બ્હીવડાવવાં નહિ.”

બચુની બાએ કહ્યું: “બરાબર એમ જ છે. બચુને પહેલેથી બ્હીવડાવ્યો નથી એટલે આજે તે નથી બ્હીતો. પણ બબલી દાક્તરનું નામ પડતાં બ્હીએ છે. એક વાર બ્હીની તે બ્હીની. કોઇ દાક્તરે એને શીળી કાઢયાં; અનુભવ દુઃખભર્યો થયો. એમાંથી દાક્તરની બીક પેઠી. હવે દાક્તરનું નામ પડે છે એટલે સંતાઇ જાય છે, રાડેરાડ નાખે છે. એક દાક્તરથી બ્હીની છતાં આજે તેની બીક સર્વ-સામાન્ય થઇ છે. તે દરેક દાક્તરથી બ્હીએ છે.”

હું હજી કૂવા પાસે જાઉં તો આખા શરીરમાં બીકનાં આંદોલનો આવે છે. કોઇને કૂવા પાસે નથી જવા દેતો. કૂવાની બીક દસ વર્ષે લાગેલી; આજે ચાળીશ વર્ષનો છું.

મારો કળશો કૂવામાં પડી ગયો. ઘેર બા મારશે એવી બીકથી હું પાછળ પડ્યો. કૂવો ઉંડો ન હતો. કળશો લીધો પણ કૂવામાંથી બહાર નીકળાય નહિ. રાડો પાડીને છેવટે રહ્યો. કોઇ કણબીએ બહાર કાઢ્યો. બાળપણની બીક (infantile rears) નું કેટલું બધું બળ ! આપણી બીકો આપણી સાથે જ મરતી હોત તો ઠીક પણ હું તો મારાં બાળકોમાં પણ ઉતારૂં છું.

× × ×

ગઇ કાલે મેં નાનાભાઇને પૂછ્યું: "આ તમારો મટુ બાલમંદિરમાં ગળે દડો બાંધીને શું કામ આવે છે? મને એ જોઇને હસવું આવે છે."

નાનાભાઇ: " મટુ તમારાં બાળકોમાં ખળભળાટ કરવા માગે છે. એ કહે છે કે 'હેં નાનાભાઇ, હું માથે મૂંડો કરાવીને જાઉં તો બધાં બાળકો મને જોવા એકઠાં થાય ને હસે; ખરૂં ?' "

મટુને પોતે બીજાથી ઉતરતો છે એવું એને

થઇ ગયું છે? Inferiority complex (અલ્પતાનુભવ ગ્રંથિ) હશે? અથવા તો વિનોદી પ્રકૃતિનો હશે? કહેવું મુશ્કેલ છે.

× × ×

'મહેતાજી અને પાંચ' (-રખડુ ટોળી-)નું ભાષાંતર ધીમે ચાલે છે, પણ ચાલે છે ખરૂં. સમયની સંકડાશ તો એટલી બધી છે કે એટલું પણ ન થાય. પણ વિષય રસિક છે અને એ કામ કરવામાં રસ છે, એટલે તો થોડો પણ વખત મેળવાય છે. એ કામ શ્રમદાયકને બદલે શ્રમહર બને છે. શ્રમ–અશ્રમનો આધાર કામમાં રસ–અરસ ઉપર છે. તમને રસ ન હોય તો તમે થાકી જ જાઓ.

× × ×

મને મારી જાતને નીલ સાથે સરખાવવાનું મન થાય તો મારે શા માટે છૂપાવવું? નીલને એના વિદ્યાર્થીઓ 'મૂરખો, ગધેડો' કહીને સંબોધે છે. મજામાં આવીને મને પણ કોઇ કોઇ બાળકો 'ગિજુભાઇ ગાંડા' એમ કહી જાય છે. 'ગાંડા' કહીને તેઓ મારી પ્રત્યેનો પ્રેમ બતાવે છે. 'ગાંડા, ગાંડી, ગાંડું' એ શબ્દોમાં સ્વતઃ શું છે? 'ગાંડો' એટલે mad man. પણ શબ્દ પાછળના

ભાવભાવમાં ફેર હોય છે. ઉલટા શબ્દો વધારે ઉંડો અને બળવાન ભાવ બતાવવા માટે વાપરવાનું આપણા સ્વભાવમાં છે.

પણ નીલને એનાં બાળકો ‘ મૂરખ ’ કહી શકે. મૅકડોનલ્ડને કહી શકશે ? ના, મૅકડોનલ્ડ બહારની વ્યવસ્થા માગે છે; બાળકોને તે દૂર ને દૂર જ રાખે છે. તે બાળકોના હૃદય પાસે જતો નથી; તેને બાળકોની કિંમત જૂજ જ છે. ‘મૅક’ જેને તોફાની છોકરો કહે છે તે નીલ પાસે બહાદુર અને નિખાલસ નીકળે છે.

× × ×

રોજ સાંજ પડે અને બચુ કહે છે: “ અરધી રાતે. ” મારૂં ધ્યાન બીજે હોય છે કે વાતમાં હોય છે તો ફરી ફરીને કહે છે: “ અરધી રાતે, હો ! ” હું કહું છું “ ઠીક.” પછી બચુ શાંતિથી ઊંઘે છે.

ટીકુ કોઇ વાર સમજી જાય છે ને કોઇ વાર નથી સમજતી. સમજી જાય છે તો ‘ ઉં ઉં ’ કરે છે.

“ ના ટીકુબેન, અરધી રાતે નહિ હો; એ તો હું અમથું કહું છું. ”

ટીકુ વાત ભૂલી જાય છે.

આ ‘ અરધી રાતે ’ શું છે ?

બજુને ઘોડિયામાં સૂવું ગમે છે. ટીકુ નાની છે એટલે ઘોડિયામાં સૂવાનો એનો હક્ક પહેલો છે એમ સૌ કોઇ સમજે છે ને કબૂલ પણ રાખે છે. બજુને તો મહેરબાની દાખલ સૂવાનું.

બજુ રાતમાં ઘોડિયામાં સૂવે છે એવી ટીકુને ખબર પડી ગઇ એટલે ટીકુ રાત આખી ઘોડિયામાં સૂઇ રહી; બહાર નીકળી જ નહિ. આખી રાત અજંપામાં કાઢી.

બજુ કહી રાખે છે: "મારે ઘોડિયામાં નથી સૂવું હો, ટીકુ!" એટલે ટીકુ નિરાંતે ઊંઘે છે.

બજુને ટીકુ ભાળે નહિ અને એને ખબર ન પડે તેમ સૂવાનું રહ્યું; એમાંથી 'અરધી રાતે' નીકળ્યું.

સવાર પડે ને બજુ ઘોડિયામાં ન હોય તો કહેશે: "અરધી રાતે ભૂલી ગયાને?"

હું કહું: "પણ ટીકુ જાગતી હતી."

ટીકુ જાગતી હતી એમ ખબર પડતાં બજુનું સમાધાન થાય છે.

બજુને ટીકુની ચોરી છે. ટીકુને બજુની અદેખાઇ છે. અદેખાઇ આવી, ભાગ પડાવવાનું આવ્યું કે ચોરવૃત્તિ ઉભી થઇ જ છે. પરસ્પરના

વિરોધી સ્વાર્થમાંથી આ વૃત્તિ ઉપજે છે ?

× × ×

આજ કાલ કુક્કાની વાતો ચાલતી નથી. કુક્કા સાવ ભૂલાઇ જ ગયા છે. કારણ ? કોણ જાણે. હમણાં કોઇ લેવાનુંય બોલતું નથી.

છતાં બચુનો શોખ ઘટ્યો છે એમ નથી. વાર્તા તો તે માગે જ છે. હાલની મુખ્ય વાર્તા 'મોટર અને ઘોડા'ની છે. વારંવાર એની એ વાર્તા કહીને મને એ વાર્તા ઉપર કંટાળો આવ્યો છે એટલે મને તે અહીં લખવી નથી ગમતી. માત્ર એનો સાર આપું છું.

'ઘોડેસ્વાર જાય છે. સામેથી ભૂં ભૂં કરતી મોટર આવે છે. ઘોડો ઝાડ થાય છે ને સ્વાર પડે છે. ઘોડેસ્વારને ઉપાડીને મોટરમાં નાખી મોટર ભાગેલા ઘોડા પાછળ દોડાવી મૂકે છે. આગળ ઘોડો ને પાછળ મોટર. ભડકેલો ઘોડો મોટરથી ભડકીને ભાગે છે. આખરે મોટર અટકતાં ઘોડો અટકે છે. હળુ હળુ મોટર ઘોડા પાસે જાય છે. ઘોડેસ્વાર મોટરમાંથી નીચે ઉતરી ઘોડાને લગામ પકડી હાથ કરે છે. પછી ઘોડો આગળ ને મોટર પાછળ. આમ મોટર, ઘોડો, અને ઘોડેસ્વાર સૌ સૌને ઘેર જાય છે ને વાર્તા પૂરી થાય છે.'

આ વાર્તામાં મોટાંને કશો રસ ન જ આવે. એમાં મોટાંને મજા આવે એવું કશું જ નથી: છતાં બણુ અને બાલમંદિરનાં બધાં બાળકો ભારે રસ લે છે. કારણ? કારણ એ કે એ વાર્તામાં ક્રિયા ( action story ) રહેલી છે. એમાં ક્રિયા એ જ વાર્તા છે. વાર્તાનો બનાવ અદ્દ્ભુત ( romantic ) છે. ઘોડા મોટરની દોડમદોડ બાળકોને અસર કરે એવી છે.

મોટાંઓ ગમે તેમ કહે પણ હું તો એને ખરેખરી વાર્તા કહું. બાળકો રસથી સાંભળે તે જ બાળવાર્તા. હું બાળવાર્તાના ભાગોમાં ભેગી કરીને ફેંકું તે બધી બાળવાર્તા ન પણ હોય.

× × ×

હરભાઇ ફરવા આવે ત્યારે નવી નવી વાતો કરે છે. ભજિયાં-કલબ કાઢવાની વાતો રસથી ચલાવે છે. હું એને ઉત્સાહથી વધાવું છું. અમે જૂના ગોઠિયા છીએ. વિદ્વત્તાને કે શક્તિને અને ભજિયાં ખાવાને કશો વિરોધ હોય એવું એમને નથી લાગતું. ઘુવડ જેમ ભારેખમ મ્હોં રાખીને આખો દિવસ ને રાત શિક્ષણશાસ્ત્ર ડોળવું તે કોને ગમે? ભજિયાંની વાત શિક્ષણશાસ્ત્રના પારાને હળવો કરે છે. હું ઇચ્છું છું કે હરભાઇ ભજિયાં-

કલબ કાઢે. હરભાઇ એમના મિત્ર પાસેથી એના ઉપર કાવ્ય માગનાર છે. ગિરીશ એના ઉપર દુહા કરશે. ડૉલ્ટન પ્લૅનથી ભજિયાં કેમ થાય તે વિષે હરભાઇ વ્યાખ્યાન આપવાના જ ! મોન્ટીસોરીના સ્વાતંત્ર્ય અને સ્વયંસ્ફૂર્તિ સાથે જ ભજિયાં ખાઇ શકાય, નહિતર પાચન કે ખોરાક વિકૃત થાય એવું હું સૌને ઠસાવીશ. 'શ્રીદક્ષિણામૂર્તિ' ના ગંભીર લેખો અને અધ્યાપનમંદિરનાં ભારે વ્યાખ્યાનોની સામે ભજિયાં–કલબ એક બળવો નથી ? હરભાઇ અને હું આ બધાથી કંટાળ્યા છીએ ? કે ત્રૈમાસિક અને અધ્યાપનમંદિરમાં ભજિયાંની ગમ્મત ઉડાવવી જોઇએ ? કેટલાએક કહે છે ત્રૈમાસિકમાં હળવા લેખો જોઇએ; કદાચ આ બધા ભજિયાંની જ વાતો નથી કરતા ?

× × ×

પણ હરભાઈ માનસશાસ્ત્ર ઉપર પણ બોલે છે. હરભાઇ પૃથક્કરણ પણ કરે છે. હરભાઇ નાણાં પ્રકરણનો છેલ્લો રિપોર્ટ જુએ છે. બાર માસ પહેલાં પોતાની મારફત એક ભાઇએ મોકલેલ દાન હરભાઇએ પોતાના કારકુનને જમા કરાવવા આપેલું. એને લાગે છે કે એ પૈસા કારકુને જમા નહિ કરાવ્યા હોય. હરભાઇ રિપોર્ટનાં નામો વાંચી

જાય છે પરંતુ પેલા દાતાનું નામ દેખતા નથી. ફરી વાર વાંચે છે પણ એ જ પરિણામ! બે ત્રણ વાર સંભાળથી વાંચ્યું પણ નામ ન દેખાયું. હરભાઇ કારકુનને કહે છેઃ "પેલા રૂપિયા નથી આવ્યા જણાતા. હું રિપોર્ટમાં દાતાનું નામ દેખતો નથી." કારકુન રિપોર્ટ ઉપર નજર નાખે છે; સંભાળથી જોઇ જાય છે. તેને પણ નામ નથી દેખાતું.

હરભાઇને શંકા પડે છે. ફરી રિપોર્ટ જોઇને ખાતરી કરે છે કે નામ નથી જ.

અરધા કલાક પછી મેનેજીંગ ટ્રસ્ટીના કારકુન હરભાઇને રિપોર્ટ બતાવી કહે છેઃ "આ અહીં રહ્યું. દાતાનું નામ પહેલેથી ત્રીજું મૂકેલું છે."

હરભાઇ કહે છેઃ "શંકા આવવાથી આંખે કામ ન કર્યું. શંકા આવી એટલે થઇ રહ્યું."

મને લાગે છે કે આ કિસ્સો સ્વયંસૂચનનો (auto-suggestion) છે. હરભાઇ રિપોર્ટ વાંચતાં જ પોતાની જાતને કહે છે કે નાણાં નહિ અપાયાં હોય ને નામ પણ નહિ છપાયું હોય. બસ ત્યાંથી આંખ આંધળી થઇ ગઇ. સ્વયંસૂચન સારૂં હશે, એમ જ એ ખરાબ ને ભયંકર પણ લાગે છે.

× × ×

અમારે ચર્ચા ચાલી. "આપણે આજ કાલનાં વેપારી બુદ્ધિથી-સ્વાર્થ બુદ્ધિથી ચાલતાં છાપાંઓમાં આપણા લેખો ન આપવા જોઇએ." વાત ઠીક હતી. આપણે સાહિત્યમાં વૈશ્યવૃત્તિને પેસવા ન દઇએ. સાહિત્યને વેપારની ચીજ ન બનાવીએ.

પણ એક પત્રનો મિત્રતંત્રી બીજા પત્રના મિત્રતંત્રી સાથે પોતાનો સ્વાર્થ ન સરતો હોય તેથી મીઠાશ ન ધરાવે, ને પછી આપણને કહે કે એ બીજો તંત્રી વેપારી બુદ્ધિનો છે માટે લેખો આપશો નહિ, તો આપણે બન્ને મિત્રોને નારાજ કરવા ?

પણ આપણે નવું જ બહાનું કાઢીએ તો ? આપણે એમ ન કહી શકીએ કે "અમારે ઘણું કામ છે." "અમારે અમારા પત્રમાં લખવું પડે છે." "વધારે ફુરસદ નથી." વગેરે ? આમાં સત્ય છે ? આપણે કદાચ નવરા ન હોઇએ પણ મિત્રતંત્રીઓને નારાજ ન કરવાની આપણી નાહિંમત તો ખરૂં કારણ નથી ? આપણે કાર્યકારણનો ખરો સંબંધ જોડીએ છીએ કે બેસારી દઇએ છીએ ?

આપણે પણ પત્ર ચલાવવામાં નફો, ગ્રાહકનો વધારો, સંખ્યાનો વધારો, પ્રસિદ્ધિ, ફતેહ વગેરે નથી ઇચ્છતા ?

× × ×

ગઈ કાલે મને સ્વપ્નું આવ્યું. હું કંટાળતો કંટાળતો પ્રૂફો જોતો હતો. અર્થ સ્પષ્ટ છે. મને પ્રૂફો જોવાનું નથી ગમતું. મને નથી ગમતું તે કરવામાં મારી તપશ્ચર્યા હશે કે મારી શક્તિનો હ્રાસ ? મને પ્રૂફ જોવામાંથી ખુદ ' પત્રિકા ' ઉપર કંટાળો ન આવે તો સારૂં.

સ્વપ્નનો વિષય રસિક છે. મને મારાં, બીજાંઓનાં અને બાળકોનાં સ્વપ્નો તપાસવાનું ગમે છે. બાળકોને ઇચ્છાતૃપ્તિનાં સ્વપ્નો બહુ આવે છે. બંકુ સ્વપ્નામાં ફુક્કા વગાડે છે; રમા બરફી ખાય છે; રામજી ચોપડી વાંચે છે.

સ્વપ્નનો એક બીજો પ્રકાર પણ છે. હું એને ' ભાવના સ્વપ્નો ' એવું નામ આપું. વિનોદબેનને બાલમંદિર પ્રિય છે. તેને ત્યાં રહેવું ગમે છે; ઘરથીયે વહાલું લાગે છે. એથી એને બાલમંદિરનું સ્વપ્ન આવે જ આવે. પણ બાલમંદિરના સ્વપ્નમાં તે બાલમંદિરમાં છે તેથી વિશેષ દેખે છે. ત્યાં તે ગુલાબજળના ફુવારા ઉડતા જુએ છે; ફૂલોનો સુંદર બાગ દેખે છે. કદાચ વિનોદબેન પોતાના ઘરનો સુંદર બાગ મંદિરમાં ઇચ્છે છે. મંદિરમાં પીલગાર્ડનનો ફુવારો પણ ચાહે છે. ત્યાં વાર્તાના ગુલાબજળના ફુવારા પણ માગે છે. એક રીતે

આ સ્વપ્ન પણ ઇચ્છાતૃપ્તિનું જ તો!

અમે નાના હતા ત્યારે હું ફટાકડા ફોડવાથી ડરતો; પણ મારા પાડોશીઓ તે ફોડી દેતા. ફટાકડા બીજા ફોડે છતાં હું ફોડ્યાનો આનંદ લેતો હતો; ફોડનારાઓ પણ ફોડ્યાનો આનંદ લેતા હતા. મારો આનંદ માલેકીની કલ્પનાનો હતો; ફોડનારનો આનંદ ફોડવાની વાસ્તવિકતાનો હતો.

બાજી કૂતરૂં સુંદર હતું. એને રમાડવાનું બબુને ગમતું પણ તે તેનાથી બ્હીતી. તેને બીજાઓ રમાડીને આનંદ લે તે પોતાનો જ આનંદ છે એમ માનવું પડયું હશે. બાબી અને બાબા તેનાં ભાઇબંધો; પોતાના ભાઇબંધો તો આનંદ લે છે એ વિચારથી તેને રમાડવાની તૃપ્તિ થતી હશે.

બાજી મરી ગયું. બબુને ઇચ્છાતૃપ્તિનું સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં બાજી જીવતું થાય છે; બાબી-બાબા તેને રમાડે છે; પોતે તેને દૂરથી જુએ છે; પોતાને જોવાનો આનંદ આવે છે. કદાચ બાબી-બાબાના ગલુડિયાના મૃત્યુથી તેને દુઃખ લાગ્યું તે નિવારવા માટે પણ તેણે સ્વપ્નમાં ગલુને જીવતું કર્યું હોય!

આપણે જેનાથી બ્હીએ તેનો પણ આનંદ લેવાની રીત આપણે કાઢી શકીએ છીએ.

પણ અંજનાબેન પોતાના કાકાને મરી ગયેલા

દેખે તેમાં ક્યાં ઇચ્છાતૃપ્તિ રહી? અંજનાબેન એમ ઇચ્છતાં હશે કે એના કાકા મરી જાય? અંજનાબેનને પૂછીએ તો તે ના જ પાડે; એમ પૂછતાં તે રડી પડે. પણ અંજનાબેનને એના કાકા રમવા જવા દેતા નથી; વારે વારે તેના કામમાં આડા આવે છે; અંજનાબેન આટલું તો ઇચ્છે જ કે કાકા ગામ જાય તો સારું, કાકા હાજર ન હોય તો સારું. સ્વપ્નમાં કાકાને આન્તર મન ખુશીથી 'મોટે ગામ' મોકલી શકે છે. કાકા રસ્તામાંથી જાય એ ઇચ્છાને આ સ્વપ્નમાં તૃપ્તિ છે.

આમ તો બાળકોનાં સ્વપ્નોની ઘણી વાતો છે.

× × ×

મને એ વિચાર આવે છે કે જ્યારે કોઇ માસ્તર મરી જાય છે ત્યારે છોકરાંઓ પોતાને રજા મળે છે તેથી ખુશી થાય છે કે શિક્ષક મરી જાય છે તેથી?

પણ રજા જ શા માટે ઇચ્છે છે? એ ઇચ્છા શિક્ષકનું મોત ઇચ્છવા બરાબર નથી? બાલમંદિરનાં બાળકો રજા ઇચ્છતાં નથી. એમ કેમ? તેઓ મને મરતો જોવા નહિ ઇચ્છતાં હોય? ત્યારે તો હું ઘણું જીવીશ. લાંબું જીવવાની સુંદર રીત! બાળકોને સ્વાતંત્ર્ય આપો; તેમનો ચાહ મેળવો; શિક્ષકોના હાથમાં દીર્ઘાયુ થવાની ચાવી આવી!

મારે કહેવું જોઇએ કે આ ગમ્મતની વાત છે, છતાં એમાં હું માનું છું. હું ૭૨ વર્ષ સુધી આવો ને આવો બાલસ્વભાવવાળો જીવવાની આશા રાખું છું. મારે માત્ર એટલી કાળજી રાખવી જોઇએ કે બાળકો કદી મારી શાળામાં રજા પડે એમ ન ઇચ્છે. આજ તો તેઓ રજા પાડું છું ત્યારે મારા પર ચીડાય છે. કોઈ વાર હું ગાંડો છું એમ કહે છે, અથવા સ્વપ્નમાં હું ગાંડો થઇ ગયો હતો એમ તેઓ ભાળે છે; તે એટલા માટે કે હું તેમને માટે અધો વખત શાળા ખુલ્લી રાખતો નથી.

× × ×

હું નાનાંમોટાં બાળકોને સાથે લઇ બોર તળાવ ગયો. બાલમંદિરની આ જૂની પ્રથા છે. મહિનામાં એકાદ વાર ભાતાં લઇ પ્રવાસે જઇએ ને બહાર કુદરત વચ્ચે રહીએ. જ્યાં ગયાં હોઇએ ત્યાં રખડીએ, ફરીએ, ઝાડે ચડીએ; પછી ભેગાં મળીને ખાઇએ. વાર્તા ચાલે, વખતે રાસ જામે, વખતે લોકગીતો ઉપડે. દિવસ પૂરો થવા આવે એટલે સાંજે ઘેર આવીએ. બીજે દિવસે અમે અને બાળકો સાવ નવાં બનીને કામે લાગીએ.

હું મોટાં બાળકોની મંડળીને લઇને તેમની સાથે નીકળ્યો. તળાવ ખૂબ ભરાયું હતું. પવન ખૂબ

હતો, એટલે પાણી ઉછળી ઉછળીને કાંઠાની સાથે જોસથી અફળાતું હતું. કેટલાયે વખત સુધી બાળકોએ આ જોયું. અમે ઝૂલતા પૂલ ઉપર આવ્યાં. ઝૂલતો પૂલ એટલે એક મિજબાની. પણ તે દિવસે પવન સખત હતો; પૂલ ઉંચો નીચો અસાધારણ ઉછળતો હતો. મને થયું કે આજે આ છોકરાંઓને ઉપર જવા દેવામાં જોખમ છે.

છોકરાંઓ જોખમ વિષે થોડો જ વિચાર કરે છે? તેમનામાં અનુભવનું ડહાપણ નથી. બીકનાનપણનો વળગાડ છે, એમ જ અનુભવનાં ફળરૂપે પણ છે. નાનું છોકરૂં દાઝયું નથી હોતું ત્યાં સુધી બત્તી સાથે રમવા દોડે છે ને દાઝે છે. પણ પછી ઘણા વખત સુધી તો તેનાથી દૂર જ નાસે છે. આ સ્થિતિ બીજી જાતના અજ્ઞાનની છે. પણ ધીરે ધીરે તેને બત્તીની બાબતનો યોગ્ય ભય સમજાય છે; પછીથી ભય કયાં છે તે તે સમજી જાય છે. આમાં અનુભવનું ડહાપણ છે: જુવાનોમાં આ ડહાપણ જ નથી હોતું. ઘરડાંઓ જીંદગીને વધારે ચાહે છે તેથી તેમનામાં બ્હીવાનું ડહાપણ વધારે પડતું આવી જાય છે. સમતોલપણે બ્હીવાનું ડહાપણ ફતેહમંદ લશ્કરી અમલદારોમાં જોવું હોય તો મળે; ખેલાડીઓ પણ બધા આવા સમતોલ ડહાપણવાળા હોય છે.

મેં પૂલની સ્થિતિ જોઇને મનમાં ઠરાવ કર્યો કે જવાનો હુકમ ન આપવો.

નરહરિ મને કહે: "ગિજુભાઇ, પૂલ ઉપર જવા દ્યો."

મેં કહ્યું: "ના, આજે નહિ. આજે પૂલ ઉપર જવું જોખમભરેલું છે."

બચુ કહે: "બસ, પૂલ ઉપર જવું જ છે. ભલે પૂલ ઉછળતો."

મેં કહ્યું: "તમને શું ખબર પડે? બહુ જોખમ છે."

નરહરિ અને બચુએ કહ્યું: "અમે જઇશું."

મેં કહ્યું: "તો તમારે મારી સાથે નહોતું આવવું. આવ્યા પછી મારો હુકમ જ માન્ય હોય."

નરહરિ-બચુ જવાને ઉંચાનીચા થવા લાગ્યા. મારી સામે જુએ, પૂલ સામે જુએ; પણ મારી હુકમ કરતી આંખો જોઇને પાછા હઠે.

નરહરિ કહે: "ગિજુભાઇ, તમે જ ચાલો જોઇએ. તમે પૂલ ઉપર ચાલતાં ચાલતાં ગોથું ખાઇને પડો એટલે પછી જોઇએ તમારી કેવી રેવડી થાય છે! ચશ્માં પડી જાય, ને..."

અંદરનો નરહરિ ખીજાયો. મને થયું કે નરહરિ મારા ઉપર વેર વાળે છે. હું એને પૂલ

ઉપર જવા દેતો નથી એટલે તે ઇચ્છે છે કે મારી રેવડી થાય; હું એને ન ગમ્યો. એની દૃષ્ટિએ એ બરાબર જ હતું.

પણ બચુ તો મારો દીકરો છે. એનેય હું ગમ્યો તો નહિ જ હોઉં, પણ બાપની વિરુદ્ધ વિચાર કેમ લાવી શકાય? એનું મન વધારે રૂઢિગત નીતિના વિચારોને માનનારૂં (conventionally moral) નહિ હોય?

રકઝક ચાલતી હતી એટલામાં રસ્તો સાફ કરનારી મજૂર છોકરીઓ આવી ને દોડતી દોડતી પૂલ ઉપર ગઇ. વચ્ચે જઇને પૂલ ખૂબ હલાવીને પાછી આવી.

મારી સામે નરહરિ-બચુએ જોયું. મારી આંખમાં 'હા' જોઇને તેઓ પૂલ ઉપર ઉપડ્યા.

પછીથી નરહરિ કહેઃ "ગિજુભાઇ! એ તો તમે પોતે બ્હીતા હતા એટલે પૂલ જોખમભરેલો છે એમ કહેતા હતા. પેલી છોકરીઓએ તમારી બીક કાઢી નાખી ત્યારે તમે અમને જવા દીધા!"

નરહરિએ ભારે ઘા કર્યો! અને તે બરાબર હતો. હું જાણીને ખુશી થયો કે છોકરીઓ પાસેથી મને પૂલ ઉપર જવા દેવાની હિંમત મળી.

× × ×

ગઈ કાલે રાત્રે મારે ત્યાં મંડળી જામી હતી. દાદામુ મુંબઈથી આવ્યો હતો, એટલે ગોપાળરાવ એને મળવા આવ્યા હતા. અમે જુદા જુદા વિષયો ઉપર વાતો કરી. આજકાલ આપણે થોડા અને કામ વધારે છે એ વિચાર ઉપર આવ્યા. એમ કરતાં શિક્ષકના આરામનો પ્રશ્ન નીકળ્યો. એમ દરખાસ્ત આવી કે દરેક અઠવાડિયાને છેલ્લે દિવસે શિક્ષકોને ગાડીમાં નાખી પાંચ પંદર માઇલ દૂર ગામડામાં કુદરત વચ્ચે સંપૂર્ણ શાંતિ અને આરામ વચ્ચે લઈ જવા જોઈએ; શાળા ઉઘડે તે દિવસે સવારે નવ વાગે તેઓ પાછા આવે. સૌને આ દરખાસ્ત ગમી. પણ કામનું શું ?

મેં કહ્યું: “ખરી રીતે આપણી કામ કરવાની રીત જ કઢંગી છે. પરદેશી લોકો જેમ અમુક વખત સુધી એકતાન થઈને સખત કામ કરે છે, ને ત્યાર પછી કામ છોડી આરામ લે છે, તેમ આપણે પણ કરતાં શીખવું જોઈએ. આખો દહાડો કામ ઝઝૂમ્યા કરે ને રાતે પણ કામનો ઢગલો ચારે કોર રાખી સૂવું, અને સવારે કામની ચિંતામાં અનિદ્રા કે અર્ધનિદ્રા હાંસલ કરી ગારા જેવા ઉઠવું, એમાં તો આયુષ્ય ઓછું કરવા જેવું છે. પણ આપણે કાર્યક્ષમતા ( efficiency )નો

વિચાર કરવાના છીએ ? મીલનો માલેક આ વસ્તુનો વિચાર કરી શકે છે, કારણ કે તેની આગળ સ્થૂળ લાભહાનિના આંકડ઼ તૈયાર હોય છે. પણ શિક્ષણનું કામ શિક્ષકની સફાઇ વિનાની પદ્ધતિથી બગડે અને શિક્ષક મરી જાય તો નુકસાન થાય, એ વિચારો આજના અર્થશાસ્ત્રમાં છે ? કામ બગડે તો કોને દેવાળું કાઢવાનું છે ? ને કામ સુધારવા શિક્ષક મરે તો કોને રોવાનું છે ?

શિક્ષકો પોતાના જીવનનું અને પોતાના યોગ્ય ફાળાનું અર્થશાસ્ત્ર વિચારવા નવરા ન હોય કે અસમજ હોય, તો બીજા કોણ એ વિચારે ?

જો આપણે માનીએ કે બાળકો એ ભાવિ પેઢી છે—કેળવણી એ એનું ખરૂં ધન છે, તો શિક્ષકોની કિંમત વિચારવી પડે. અને છતાં શિક્ષકો કેટલા બધા સોંઘા છે ! આફ્રિકામાં હાથીદાંતને ખેતરની વાડ કરવા માટે લાકડાના દાંડાની જગાએ વાપરવામાં આવતા હતા; કારણ કે જંગલી લોકોને હાથીદાંતની કિંમત નહોતી !

" શિક્ષકે પોતાનો બધો વખત શિક્ષણને આપી દેવો જોઇએ." એ વિચાર મને રુચતો નથી. હા, શિક્ષક પોતાની વધારેમાં વધારે શક્તિ શિક્ષણ પાછળ વાપરે તેવી અનુકૂળતા કરી આપવી જોઇએ.

ગઈ કાલે રાત્રે મારે ત્યાં મંડળી જામી હતી. દામુ મુંબઈથી આવ્યો હતો, એટલે ગોપાળરાવ એને મળવા આવ્યા હતા. અમે જુદા જુદા વિષયો ઉપર વાતો કરી. આજકાલ આપણે થોડા અને કામ વધારે છે એ વિચાર ઉપર આવ્યા. એમ કરતાં શિક્ષકનો આરામનો પ્રશ્ન નીકળ્યો. એમ દરખાસ્ત આવી કે દરેક અઠવાડિયાને છેલ્લે દિવસે શિક્ષકોને ગાડીમાં નાખી પાંચ પંદર માઈલ દૂર ગામડામાં કુદરત વચ્ચે સંપૂર્ણ શાંતિ અને આરામ વચ્ચે લઈ જવા જોઈએ; શાળા ઉઘડે તે દિવસે સવારે નવ વાગે તેઓ પાછા આવે. સૌને આ દરખાસ્ત ગમી. પણ કામનું શું?

મેં કહ્યું: "ખરી રીતે આપણી કામ કરવાની રીત જ કઢંગી છે. પરદેશી લોકો જેમ અમુક વખત સુધી એકતાન થઈને સખત કામ કરે છે, ને ત્યાર પછી કામ છોડી આરામ લે છે, તેમ આપણે પણ કરતાં શીખવું જોઈએ. આખો દહાડો કામ ઝઝૂમ્યા કરે ને રાતે પણ કામનો ઢગલો ચારે કોર રાખી સૂવું, અને સવારે કામની ચિંતામાં અનિદ્રા કે અર્ધનિદ્રા હાંસલ કરી ગારા જેવા ઉઠવું, એમાં તો આયુષ્ય ઓછું કરવા જેવું છે. પણ આપણે કાર્યક્ષમતા ( efficiency )નો

વિચાર કરવાના છીએ ? મીલનો માલેક આ વસ્તુ નો વિચાર કરી શકે છે, કારણ કે તેની આગળ સ્થૂળ લાભહાનિના આંકડ તૈયાર હોય છે. પણ શિક્ષણનું કામ શિક્ષકની સફાઇ વિનાની પદ્ધતિથી બગડે અને શિક્ષક મરી જાય તો નુકસાન થાય, એ વિચારો આજના અર્થશાસ્ત્રમાં છે ? કામ બગડે તો કોને દેવાળું કાઢવાનું છે ? ને કામ સુધારવા શિક્ષક મરે તો કોને રોવાનું છે ?

શિક્ષકો પોતાના જીવનનું અને પોતાના યોગ્ય ફાળાનું અર્થશાસ્ત્ર વિચારવા નવરા ન હોય કે બેસમજ હોય, તો બીજા કોણ એ વિચારે ?

જો આપણે માનીએ કે બાળકો એ ભાવિ પેઢી છે—કેળવણી એ એનું ખરૂં ધન છે, તો શિક્ષકોની કિંમત વિચારવી પડે. અને છતાં શિક્ષકો કેટલા બધા સોંઘા છે ! આફ્રિકામાં હાથીદાંતને ખેતરની વાડ કરવા માટે લાકડાના દાંડાની જગાએ વાપરવામાં આવતા હતા; કારણ કે જંગલી લોકોને હાથીદાંતની કિંમત નહોતી !

"શિક્ષકે પોતાનો બધો વખત શિક્ષણને આપી દેવો જોઇએ." એ વિચાર મને રુચતો નથી. હા, શિક્ષક પોતાની વધારેમાં વધારે શક્તિ શિક્ષણ પાછળ વાપરે તેવી અનુકૂળતા કરી આપવી જોઇએ.

જેને શિક્ષણનો નાદ—ઇશ્ક લાગ્યો હોય તે ભલે તેની પાછળ ચોવીશમાંથી પચીસ કલાક ગાળે. તેને માટે ત્યાં જ જીવન છે; ખરો આનંદ પણ તેમાં જ છે; મોક્ષદ્વાર પણ એ જ છે. એવા શિક્ષકો વધે એમ ઇચ્છીએ. પરંતુ સાધારણતઃ મનુષ્ય પાસેથી તેના મનુષ્યજીવનમાં બધાં દ્વારો ખુલ્લાં રાખી, તે માટે તેને પૂરતો વખત આપીને જ શિક્ષકના ધંધાનો આદર્શ રચીએ.

× × ×

જીવનનો ઉદ્ધાર કરનારી જો કોઇ એક જ વસ્તુ હોય તો તે સત્ય જ છે; અને તેથી જ સત્યનો વિવેક વધારે ઝીણો કરવો પડે. સત્ય અસત્યનાં સૂક્ષ્મ સ્વરૂપો સમજવાં જોઇએ. અસત્યને સત્ય ન સમજી લઇએ તે માટે જાગતા રહેવું ઘટે. સત્યને અસત્ય તરીકે ઓળખવાની ભૂલ પણ ન જ થવી જોઇએ. મન, વાણી અને કર્મની એકતા એ સત્યનું શુદ્ધ સ્વરૂપ છે. એકલી વાણીનું સત્ય એ સત્ય ન પણ હોય; કર્મના સત્યમાં સાથે વાણી અને મન ન પણ હોય; મનનું સત્ય વાણીમાં ન પણ ઉતરે; ને મન તથા વાણીના સત્ય પ્રમાણે ક્રિયા ન પણ ચાલે. આપણે જાતને ખૂબ તપાસવી ઘટે છે. મન જેવું હોય તેવું જાણતાં આંચકો ખાવો ન પાલવે.

જગતની ખાતર મનની વિરોધી ક્રિયા કરવામાં અસત્ય જ છે.

× × ×

મારા એક મિત્ર ઉપર ઓળખીતાનો પત્ર આવ્યો. ઓળખીતાએ લખ્યું હતું: "આપણે શિક્ષણના એક અગત્યના પ્રશ્ન ઉપર વિચાર કરવો છે: મારે તમને મારા વિચારો જણાવવા છે. તમે મને મળવા આવશો?"

મારો મિત્ર લખે છે: "આજે નહિ પણ કાલે આવીશ. આજે જરા કામમાં છું."

બીજે દિવસે મિત્ર જતો નથી. તે કહે છે: "વરસાદ બહુ પડે છે. આજે કોણ જાય!"

ત્રીજે દિવસ સવારે તેને ઘણું જ કામ છે એમ લાગવાથી ત્યારે પણ તે જતો નથી. સાંજે બાળકોને ફરવા લઇ જવાનો વિચાર આવે છે ને પેલા ઓળખીતાને મળવા જવાનું મોકૂફ રાખે છે. પણ સાંજે વળી બીજા પ્રતિકૂળ સંજોગો ભાસતાં ફરવા જવાનું માંડી વાળે છે. સાંજ ચોખ્ખી હતી; વરસાદ પડતો ન હતો; બાળકોને ફરવા લઇ જવાનું બંધ રહ્યું હતું. અને છતાં પેલાને મળવા જવાની ફુરસદ દેખાતી ન હતી.

મને શંકા પડે છે કે મારો મિત્ર તેને

ગઇ કાલે રાત્રે મારે ત્યાં મંડળી જામી હતી. દામુ મુંબઇથી આવ્યો હતો, એટલે ગોપાળરાવ એને મળવા આવ્યા હતા. અમે જુદા જુદા વિષયો ઉપર વાતો કરી. આજકાલ આપણે થોડા અને કામ વધારે છે એ વિચાર ઉપર આવ્યા. એમ કરતાં શિક્ષકનો આરામનો પ્રશ્ન નીકળ્યો. એમ દરખાસ્ત આવી કે દરેક અઠવાડિયાને છેલ્લે દિવસે શિક્ષકોને ગાડીમાં નાખી પાંચ પંદર માઇલ દૂર ગામડામાં કુદરત વચ્ચે સંપૂર્ણ શાંતિ અને આરામ વચ્ચે લઇ જવા જોઇએ; શાળા ઉઘડે તે દિવસે સવારે નવ વાગે તેઓ પાછા આવે. સૌને આ દરખાસ્ત ગમી. પણ કામનું શું ?

મેં કહ્યું: " ખરી રીતે આપણી કામ કરવાની રીત જ કઢંગી છે. પરદેશી લોકો જેમ અમુક વખત સુધી એકતાન થઇને સખત કામ કરે છે, ને ત્યાર પછી કામ છોડી આરામ લે છે, તેમ આપણે પણ કરતાં શીખવું જોઇએ. આખો દહાડો કામ ઝઝૂમ્યા કરે ને રાતે પણ કામનો ઢગલો ચારે કોર રાખી સૂવું, અને સવારે કામની ચિંતામાં અનિદ્રા કે અર્ધ નિદ્રા હાંસલ કરી ગારા જેવા ઉઠવું, એમાં તો આયુષ્ય ઓછું કરવા જેવું છે. પણ આપણે કાર્યક્ષમતા ( efficiency )નો

વિચાર કરવાના છીએ ? મીલનો માલેક આ વસ્તુનો વિચાર કરી શકે છે, કારણ કે તેની આગળ સ્થૂળ લાભહાનિના આંકડ તૈયાર હોય છે. પણ શિક્ષણનું કામ શિક્ષકની સફાઇ વિનાની પદ્ધતિથી બગડે અને શિક્ષક મરી જાય તો નુકસાન થાય, એ વિચારો આજના અર્થશાસ્ત્રમાં છે ? કામ બગડે તો કોને દેવાળું કાઢવાનું છે ? ને કામ સુધારવા શિક્ષક મરે તો કોને રોવાનું છે ?

શિક્ષકો પોતાના જીવનનું અને પોતાના યોગ્ય ફાળાનું અર્થશાસ્ત્ર વિચારવા નવરા ન હોય કે બેસમજ હોય, તો બીજા કોણ એ વિચારે ?

જો આપણે માનીએ કે બાળકો એ ભાવિ પેઢી છે—કેળવણી એ એનું ખરૂં ધન છે, તો શિક્ષકોની કિંમત વિચારવી પડે. અને છતાં શિક્ષકો કેટલા બધા સોંઘા છે ! આફ્રિકામાં હાથીદાંતને ખેતરની વાડ કરવા માટે લાકડાના દાંડાની જગાએ વાપરવામાં આવતા હતા, કારણ કે જંગલી લોકોને હાથીદાંતની કિંમત નહોતી !

" શિક્ષકે પોતાનો બધો વખત શિક્ષણને આપી દેવો જોઇએ." એ વિચાર મને રુચતો નથી. હા, શિક્ષક પોતાની વધારેમાં વધારે શક્તિ શિક્ષણ પાછળ વાપરે તેવી અનુકૂળતા કરી આપવી જોઇએ.

ગઇ કાલે રાત્રે મારે ત્યાં મંડળી જામી હતી. દામુ મુંબઇથી આવ્યો હતો, એટલે ગોપાળરાવ એને મળવા આવ્યા હતા. અમે જુદા જુદા વિષયો ઉપર વાતો કરી. આજકાલ આપણે થોડા અને કામ વધારે છે એ વિચાર ઉપર આવ્યા. એમ કરતાં શિક્ષકના આરામનો પ્રશ્ન નીકળ્યો. એમ દરખાસ્ત આવી કે દરેક અઠવાડિયાને છેલ્લે દિવસે શિક્ષકોને ગાડીમાં નાખી પાંચ પંદર માઇલ દૂર ગામડામાં કુદરત વચ્ચે સંપૂર્ણ શાંતિ અને આરામ વચ્ચે લઇ જવા જોઇએ; શાળા ઉઘડે તે દિવસે સવારે નવ વાગે તેઓ પાછા આવે. સૌને આ દરખાસ્ત ગમી. પણ કામનું શું?

મેં કહ્યું: " ખરી રીતે આપણી કામ કરવાની રીત જ કઢંગી છે. પરદેશી લોકો જેમ અમુક વખત સુધી એકતાન થઇને સખત કામ કરે છે, ને ત્યાર પછી કામ છોડી આરામ લે છે, તેમ આપણે પણ કરતાં શીખવું જોઇએ. આખો દહાડો કામ ઝઝૂમ્યા કરે ને રાતે પણ કામનો ઢગલો ચારે કોર રાખી સૂવું, અને સવારે કામની ચિંતામાં અનિદ્રા કે અર્ધનિદ્રા હાંસલ કરી ગારા જેવા ઉઠવું, એમાં તો આયુષ્ય ઓછું કરવા જેવું છે. પણ આપણે કાર્યક્ષમતા ( efficiency )નો

વિચાર કરવાના છીએ ? મીલનો માલેક આ વસ્તુ નો વિચાર કરી શકે છે, કારણ કે તેની આગળ સ્થૂળ લાભહાનિના આંકડ તૈયાર હોય છે. પણ શિક્ષણનું કામ શિક્ષકની સફાઈ વિનાની પદ્ધતિથી બગડે અને શિક્ષક મરી જાય તો નુકસાન થાય, એ વિચારો આજના અર્થશાસ્ત્રમાં છે ? કામ બગડે તો કોને દેવાળું કાઢવાનું છે ? ને કામ સુધારવા શિક્ષક મરે તો કોને રોવાનું છે ?

શિક્ષકો પોતાના જીવનનું અને પોતાના યોગ્ય ફાળાનું અર્થશાસ્ત્ર વિચારવા નવરા ન હોય કે બેસમજ હોય, તો બીજા કોણ એ વિચારે ?

જો આપણે માનીએ કે બાળકો એ ભાવિ પેઢી છે–કેળવણી એ એનું ખરૂં ધન છે, તો શિક્ષકોની કિંમત વિચારવી પડે. અને છતાં શિક્ષકો કેટલા બધા સોંઘા છે ! આફ્રિકામાં હાથીદાંતને ખેતરની વાડ કરવા માટે લાકડાના દાંડાની જગાએ વાપરવામાં આવતા હતા, કારણ કે જંગલી લોકોને હાથીદાંતની કિંમત નહોતી !

“ શિક્ષકે પોતાનો બધો વખત શિક્ષણને આપી દેવો જોઈએ.” એ વિચાર મને રુચતો નથી. હા, શિક્ષક પોતાની વધારેમાં વધારે શક્તિ શિક્ષણ પાછળ વાપરે તેવી અનુકૂળતા કરી આપવી જોઈએ.

જેને શિક્ષણનો નાદ—ઇશ્ક લાગ્યો હોય તે ભલે તેની પાછળ ચોવીશમાંથી પચીસ કલાક ગાળે. તેને માટે ત્યાં જ જીવન છે; ખરો આનંદ પણ તેમાં જ છે; મોક્ષદ્વાર પણ એ જ છે. એવા શિક્ષકો વધે એમ ઇચ્છીએ. પરંતુ સાધારણતઃ મનુષ્ય પાસેથી તેના મનુષ્યજીવનમાં બધાં દ્વારો ખુલ્લાં રાખી, તે માટે તેને પૂરતો વખત આપીને જ શિક્ષકના ધંધાનો આદર્શ રચીએ.

× × ×

જીવનનો ઉદ્ધાર કરનારી જો કોઇ એક જ વસ્તુ હોય તો તે સત્ય જ છે; અને તેથી જ સત્યનો વિવેક વધારે ઝીણો કરવો પડે. સત્ય અસત્યનાં સૂક્ષ્મ સ્વરૂપો સમજવાં જોઇએ. અસત્યને સત્ય ન સમજી લઇએ તે માટે જાગતા રહેવું ઘટે. સત્યને અસત્ય તરીકે ઓળખવાની ભૂલ પણ ન જ થવી જોઇએ. મન, વાણી અને કર્મની એકતા એ સત્યનું શુદ્ધ સ્વરૂપ છે. એકલી વાણીનું સત્ય એ સત્ય ન પણ હોય; કર્મના સત્યમાં સાથે વાણી અને મન ન પણ હોય; મનનું સત્ય વાણીમાં ન પણ ઉતરે; ને મન તથા વાણીના સત્ય પ્રમાણે ક્રિયા ન પણ ચાલે. આપણે જાતને ખૂબ તપાસવી ઘટે છે. મન જેવું હોય તેવું જાણતાં આંચકો ખાવો ન પાલવે.

જગતની ખાતર મનની વિરોધી ક્રિયા કરવામાં અસત્ય જ છે.

× × ×

મારા એક મિત્ર ઉપર ઓળખીતાનો પત્ર આવ્યો. ઓળખીતાએ લખ્યું હતું: "આપણે શિક્ષણના એક અગત્યના પ્રશ્ન ઉપર વિચાર કરવો છે. મારે તમને મારા વિચારો જણાવવા છે. તમે મને મળવા આવશો ?"

મારો મિત્ર લખે છે: "આજે નહિ પણ કાલે આવીશ. આજે જરા કામમાં છું."

બીજે દિવસે મિત્ર જતો નથી. તે કહે છે: "વરસાદ બહુ પડે છે. આજે કોણ જાય !"

ત્રીજે દિવસ સવારે તેને ઘણું જ કામ છે એમ લાગવાથી ત્યારે પણ તે જતો નથી. સાંજે બાળકોને ફરવા લઇ જવાનો વિચાર આવે છે ને પેલા ઓળખીતાને મળવા જવાનું મોકૂફ રાખે છે. પણ સાંજે વળી બીજા પ્રતિકૂળ સંજોગો ભાસતાં ફરવા જવાનું માંડી વાળે છે. સાંજ ચોખ્ખી હતી; વરસાદ પડતો ન હતો; બાળકોને ફરવા લઇ જવાનું બંધ રહ્યું હતું. અને છતાં પેલાને મળવા જવાની ફુરસદ દેખાતી ન હતી.

મને શંકા પડે છે કે મારો મિત્ર તેને

મળવા માગતો જ નથી: ખરી વાત એમ છે કે મારો મિત્ર પેલા ઓળખીતાની વાતમાં સાર જોતો નથી. શિક્ષણની તેની વાત પાછળ સ્વાર્થ જુએ છે. તેને તે ઓળખીતો ગમતો નથી. પણ છતાં તેટલું તે પોતાની જાત સાથે સ્પષ્ટ કબૂલ પણ કરતો નહિ હોય, અને માટે તે આવાં બહાનાં કાઢતો નહિ હોય ? કદાચ. પણ આવાં બહાનાં કાઢવાં એમાં વધારે ગંભીર અસત્ય છે. પ્રત્યેક વખતે દેખીતી રીતે બહાર જવાની પરિસ્થિતિ પ્રતિકૂળ દેખાય છે, પણ ખરી રીતે પ્રતિકૂળતા એક ઓઠું છે કે વાસ્તવિક મુશ્કેલી છે ?

મારા એ મિત્રને એક બીજો મિત્ર પૂછે છે: "પણ પેલા તમારા ફલાણા મિત્રે ચિઠ્ઠી લખી હોત તો અનરાધાર વરસતા વરસાદમાં પણ તમે તેને મળવા ન જાત ?" મારો મિત્ર કહે છે: "જરૂર જાત." એ જવાબ જ બતાવે છે કે મુશ્કેલીઓ બહાના રૂપ છે; ખરી વાત અણગમો છે. પણ આવું મનુષ્યસ્વભાવમાં કેમ હશે ? હું ધારું છું કે મારો મિત્ર એટલો આત્મપરીક્ષક ઓછો અને તેથી એટલો અસત્યભાષી. એણે ચોખ્ખેચોખ્ખું લખ્યું હોત કે હું તમને નહિ મળી શકું કારણ કે તમે મને ગમતા નથી, તો તેનું સત્ય ઉત્તમ

કોટિનું લેખાત. તેણે લખ્યું હોત કે હું અનુકૂળતા હશે તો મળવા આવીશ, અને મન સાથે નિશ્ચય કર્યો હોત કે મારે મળવા જવું જ નથી, તો બહારથી તે ખોટું બોલ્યો ગણાત પણ અંદરથી તો તે સત્યનિષ્ઠ જ રહ્યો હોત. પણ માણસ જ્યારે પોતાની જાતને જ ખોટું ખોટું સમજાવે છે ત્યારે તે અસત્યવાદીથી પણ ભયંકર બને છે. સત્ય ઉત્તમ છે; જાણી જોઇને બોલેલું અસત્ય આત્મ-વંચનામાંથી ઉત્પન્ન થયેલ ભાસમાન સત્યથી વધારે સારૂં છે.

× × ×

મને આફ્રિકાનો એક પ્રસંગ યાદ આવે છે. મારા શેઠની ઑફિસમાં બે કસાઇઓ આવતા: એક આરબ અને બીજો યુરોપીઅન. મેં એક વાર આરબને કહ્યું: "ભલા, તું શરીફ કુળનો થઇ કસાઇનું કામ કેમ કરે છે? આ જીવોને મારતાં તને દયા નથી આવતી? આ પાપનો બદલો તને ખુદા નહિ આપે? તારે માટે દોજખ નથી?"

આરબે બે કાનને બે હાથે પકડ્યા, આંખમાં આંસુ આણ્યાં ને બોલ્યો: "અલ્લા, અલ્લા! હું બહુ પાપી છું. મારૂં શું થશે?"

પેલા યુરોપીઅન કસાઇને મેં કહ્યું એટલે તે કહેઃ " હું ખુદાને માનતો જ નથી. મારા ધંધા માટે હું આ કરૂં છું. એમાં પાપ શાનું ? બધા લોકો પાપ કહેતા હોય તો તે પણ આ પૃથ્વી ઉપરના જ મનુષ્યો કહે છે; આપણે મંગળના માણસોને પૂછવું જોઇએ કે તેમનું શું ધારવું છે." તે જુસ્સાથી બોલ્યો; પોતે કરે છે તે વ્યાજબી કરે છે; તેની અંતરની ખાતરીથી બોલ્યો. તેના મનમાં દ્વિધાવૃત્તિ ન હતી.

મને લાગે છે કે આરબ હિંસા કરે છે; પેલો યુરોપીઅન પણ હિંસા કરે છે. છતાં પણ આરબને એ હિંસાનું પાપ લાગશે, અને યુરોપીઅન તેમાંથી છૂટી જશે.

× × ×

થોડા વખત પહેલાં મસ્તરામભાઇને ત્યાં એક ભજનકારનો જલસો હતો. એક ભક્ત સરસ ભજન કરતો હતોઃ પૂર્ણ ભાવથી અને એકતાનતાથી. મસ્તરામભાઇએ મને તે ઓળખાવ્યો ને કહ્યું " એ આ ગામનો કસાઇ છે છતાં ભક્ત છે." મને આશ્ચર્ય થયું. મસ્તરામે કહ્યું: " વ્યસન માત્રથી તે મુક્ત છે. જૂઠું બોલવું હરામ છે. દરેક ગુરુવારે ગામના ભજની લોકો તેને ત્યાં એકઠા થાય છે."

મેં જોયું કે આ કસાઇ કસાઇ નથી. તેણે તેમાં પાપ માન્યું જ નથી. તેનાં બધાં લક્ષણો પુણ્યશાળીનાં જ છે. પૈસા લઇને ઘેટાંનું ગળું કાપનાર જો સત્ય બોલવા માટે ગળું આપવા તૈયાર હોય તો તે ખરેખરો સંત જ સમજવો.

× × ×

મને રેલ્વેમાં એક વાઘરી મળ્યો હતો. મેં તેને કહ્યું: "તમે માંસ ખાઓ છો તે ઠીક નહિ."

તે કહે: "ગામમાં વેચાય છે. અમારો ખોરાક છે. રોજની વાત થઇ. એમાં પાપ જેવું લાગતું નથી."

મેં કહ્યું: "પણ પ્રાણીઓને મારવામાં પાપ ખરૂં?"

તે કહે: "હા, પાપ તો ખરૂં જ. પણ તે હું કરવા જાઉં છું?"

મેં કહ્યું: "પણ તે તમારે માટે જ કરે છે. તેને કોઇ ઘરાક ન મળે તો તે પોતાનો ધંધો જ છોડી દે."

વાઘરી કહે: "એમ તો લાગે જ છે. પણ શું કરીએ?"

મને થયું કે આ વાઘરીને પાપ લાગવું જ જોઇએ.

સત્ય અસત્ય અને પાપ અપાપમાં ઘણી ઝીણવટથી વિચાર કરવો જોઇએ.

× × ×

લીલુ અને વિદુને તાવ આવતો હતો. લીલુ મોટી અને વિદુ નાની. એક વાર લીલુ આવીને કહે: "આજે વિદુની દવા ઢોળાઇ ગઇ છે એટલે મારી દવામાંથી એને થોડીએક પાઓ. મારી દવા અને એની દવા સરખી જ છે. ક્વીનાઇન છે." મારા મનમાં લીલુ વિષે બહુ ઉંચો ખ્યાલ આવ્યો. મનમાં થયું: "જુઓ તો બહેનોની પરસ્પરની લાગણી!" મેં વિદુને બોલાવીને દવા પીવાનું કહ્યું. વિદુ આવી ને લીલુ દવા લાવી. લીલુ કહે: "એમ ને એમ જ શીશીમાંથી સીધી દવા રેડોને?" મેં વિદુના ગળામાં દવા રેડી. વિદુ મ્હોં બગાડતી બગાડતી દવા ગળી ગઇ. પછી મેં લીલુને કહ્યું: "ચાલો ત્યારે, હવે આ બાકીની દવા તમે પીઓ." લીલુ હસી પડી. તે કહે: "હાશ! એક ટંક તો વિદુને આપી ઓછો કર્યો ને હવે બીજો પણ નહિ પીવાય." મેં નવાઇ પામી પૂછ્યું: "એમ કેમ? નહિ કેમ પીવાય?" લીલુ કહે: "એ તો દવા વિદુના ગળામાં રેડી એટલે એંઠી થઇ. એંઠી દવા ન પીવાય." લીલુના

શબ્દો સાંભળી હું આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયો ! આટલી નવ વર્ષની છોકરી બોલે છે શું ? મેં કહ્યું: "પણ ત્યારે દવા તો પીવી જ જોઇએ ના ? લીલુ કહે: "પણ નો'તી પીવી એટલા માટે તો વિદુને પાઈ અને એંઠી પણ થવા દીધી." હું તો ઠરી જ ગયો. અહા ! આટલી છોકરીએ દવા ન પીવા શી બુદ્ધિ લડાવી ! આપણે તો સમજ્યા હતા કે કેવી એની બેન પ્રત્યેની લાગણી ! કેટલી બધી એ બુદ્ધિશાળી ! લીલુ વિષેનો મારો ખ્યાલ ઉતર્યો પણ નહિ ને ચડ્યો પણ નહિ. પણ બાળકોની મનોવૃત્તિના જ્ઞાનમાં એક નવું કિરણ પડ્યું. અજબ છે ના બાળકો, અને એમની ઝીણી બુદ્ધિ !

હું વિચાર કરતો હતો એટલામાં બીજી સવાર પડી. લીલુ મારી પાસે આવી ને બોલી: "આજે સોમવાર છે; હું એકટાણું કરીશ." મેં તેની સામે જોઇ કહ્યું: "થઇ શકશે ?" તે કહે: "હા, હું કરવાની જ છું." મેં કહ્યું: "ઠીક, કરો." તુરત જ તે બોલી: "આજે દવા નહિ પીવાય." મેં કહ્યું: "કેમ ?" લીલુ કહે: "આજે એકટાણું છે, દવા ન પીવાય." "પણ કોણે એવું કહ્યું ?" "હું કહું છું કે ન પીવાય. એકટાણું કરીને ન પીવાય." લીલુ જવાબ આપી સહેજ હસી. જરા

મારાથી દૂર જતાં જતાં સંભળાય તેમ બોલી: "હાશ! આજે પણ દવા પીવાનું મટ્યું. કડવું મોઢું કરવું નહિ પડે."

હું તો બહુ જ તાજુબ થયો. શી લીલુની યુક્તિ! આને તે વખાણવી કે વખોડવી? હવે મને તેની યુક્તિમાં રસ લાગ્યો. જોઉં તો ખરો કે કેટલાં બહાનાં કાઢી તે દવા નથી પીતી?

સાંજે જતી વખતે કહે: "રોજ રોજ એક-ટાણું કરીએ તો દવા પીવાની નહિ."

મેં કહ્યું: "એમ તે હોય? દવા તો પીવી જોઈએ ના?" એટલે તે કહે: "તો પછી આજે શું કામ ન પીધી?" મેં કહ્યું: "તો શું કામ ન પીધી?" લીલુ કહે: "તમે કહ્યું ને કે સોમવારે ન પીવી?"

લીલુએ કેવી વિચિત્ર રીતે બધી વાત ઉલટાવીને મૂકી તે મારી નજરે આવ્યું ને હું તેના માનસપ્રદેશમાં વધારે પેઠો. મારા મનમાં થયું કે આ લીલુ આટલી બધી બુદ્ધિ એક દવા ન પીવા માટે વાપરે છે! તેને જેમ હું પરાણે દવા પાતો નથી, તેમ તે પણ સમજે છે કે દવા પીવી તો જોઇએ; તે વિના તાવ નહિ મટે. અને છતાં તેને દવા પીવી નથી ગમતી, નથી ભાવતી. અને તેથી તે જાતજાતના ઉપાયો લે છે. મને થયું કે બાળ-

કોને બુદ્ધિથી વસ્તુના લાભાલાભ સમજાવીએ તો પણ તેમની મનોવૃત્તિ તો જે હોય તે જ રહે. બુદ્ધિપૂર્વકની સમજણ ગમવું ન ગમવું તેના ઉપરનો કાબૂ મેળવે છે એમ દેખાય ખરૂં; મતલબ કે બુદ્ધિ કબૂલ રાખે તે પ્રમાણે માણસ ચાલે ખરો. તર્કથી દોષ આવે તેવો પ્રદેશ વર્તનમાંથી છોડી દે, અને છતાં જરા આડે માર્ગે ચાલી એને એ જ માર્ગે આવવા માણસ પ્રયત્ન કરે. મનના ઉંડાણને પોતાની સિવાય બીજા કોઇથી અડી શકાય નહિ. પોતે પણ બહિર્મુખ બનીને તેને સ્પર્શી ન શકે. બહિર્મુખ બનીએ ત્યારે માત્ર તેના ઉપર એક જાતનું ઢાંકણ મૂકીએ છીએ; પણ અંદર તરફ વળતાં એનો એ જ મનુષ્ય નજરે પડે છે. બાળક આપણી દલીલ સાથે સંમત થઇ દવા પીવાની ના ન પાડે; આપણને તે માટે ઉત્સાહ બતાવે અને પછી એમાંથી જુદી જુદી રીતે નાસી જાય. જો આપણે વિનોદપ્રિય હોઇએ તો વિનોદ દ્વારા નાસે; આપણે લાગણીપ્રધાન હોઇએ તો તે લાગણી દ્વારા ભાગે; આપણે કોઈ પણ જાતના વહેમોવાળા હોઇએ તો વહેમો દ્વારા ભાગે. બાળકો કે મોટાંઓ જ્યારે તેમની મનોવૃત્તિને અનુકૂળ કરવું હોય છે ત્યારે તેઓ તે કરે જ છે; માત્ર તેઓ જગતને વાજબી

કેમ લાગે છે અને તે કેવી રીતે ચાલી શકશે તેનો માર્ગ ગોઠવે છે. આમાં બાળકની દુષ્ટતા નથી; બુદ્ધિનો દુરુપયોગ પણ નથી. મનુષ્યવૃત્તિની સાહજિકતા છે.

વિચારના આટલા બધા પ્રદેશ ઉપર લીલુએ મારી નજર નખાવી.

મેં કહ્યું: "લીલુ, આ બધી વાતો એક દવા ન પીવાની છે. અને દવા તો પીધે જ છૂટકો, કારણ કે તે વિના માંદા પડાય."

લીલુએ કહ્યું: "તે દવા પીવાની કોણ ના પાડે છે? માંદા પડવું તો મનેય નથી ગમતું."

આટલું લીલુએ કહ્યું છતાં આવતી કાલે દવા ન પીવા માટે તો એકાદ બહાનું શોધી કાઢશે. અગાઉ મેં એ. એસ. નીલનું The Problem Child*" વાંચ્યું હતું. નીલ માનસશાસ્ત્રી વિષે મારો મત ઉંચો છે. તેનામાં મનમાં ઉંડા જવાની કુદરતી બક્ષિશ છે એમ કહેવાય છે. હું એમ કહું છું કે તેનામાં ખરી વસ્તુને એવી ને એવી જોવાની શક્તિ છે. નગ્ન સત્ય જેને કહે છે તે પોતાને

*આ પુસ્તકનું ભાષાંતર 'મૂંઝવતું બાળક' એ નામે શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર તરફથી પ્રગટ થયું છે. ભાષાંતર કર્તા શ્રી. હરભાઈ ત્રિવેદી : કિંમત ૧-૦-૦

વિષે તેમ જ અન્યને વિષે તે જોઇ શકે છે. તે બેશરમ છે. ઘણા માણસો એવા છે કે પોતાની જાતને નગ્ન જોઇ શકતા નથી; પોતાને જોવામાં તેઓ શરમાય છે. પોતે પોતાના જ હોવા છતાં તેમને પોતાને જોતાં ઘૃણા, શરમ, સંકોચ વગેરે થાય છે. આવા ઘણા માણસો હોય છે. પોતાનો નગ્ન ન જોનાર બહિરની દૃષ્ટિએ પોતાના અંતરને જોઇ શકતા નથી. કોઇને એમ જોવાય નહિ એવી સંસ્કારી માન્યતાને લીધે તેઓ પોતાને પણ જોઇ શકતા નથી–પોતાને વિષે અજ્ઞાની રહે છે. આ તો સ્થૂળની વાત થઇ. પણ આવા લોકો પોતાના સૂક્ષ્મને, મનને, લાગણીઓને અને વિકારો વગેરેને પણ જોઇ શકતા નથી; તેઓ જોતાં સંકોચ પામે છે, શરમાય છે, ભડકે છે ને બ્હીએ છે. કેમ કે માણસ અંતર્બાહ્ય કેવો હોવો જોઇએ તેનું જે ધોરણ જગતે બાંધી આપ્યું છે તે ધોરણે પોતાને જોતાં તેઓ ગભરાય છે. તે ધોરણે પોતે ઘણી વાર અત્યંત નીચો દેખાય છે, ને તેથી નીચાઇની ઉંચાઇ કરવાનો વિચાર હાથમાં લેવાને બદલે તે નીચાઇને જોવા જ નથી માગતો. અર્થાત્ તે પોતાની સામે જોઇને પોતાને જાણવા માગતો જ નથી. આવા માણસો જેવો નીલ નથી.

તે દરેક બાળકને નગ્ન જોઇ શકે છે. મોટા અમી-રનું બાળક આવું ભયંકર કેમ નીકળે, તે જોવું-જાણવું તેના કરતાં તેને ઉઘાડીને તે જોવું જ નહિ એમ તેને નથી થતું. તે માને છે કે એ એવું પણ હોય. અમીરનો દરજ્જો બહારનો છે; બાળકની અંતરની મનોવૃત્તિઓ એ જ ખરી વસ્તુ છે. ‘ મૂંઝવતા બાળક ’નો વિચાર તે જ સારી રીતે કરી શકે છે કે જે બાળકને આરપાર જોવા-ની હિંમત દાખવી શકે છે. એ જ રીતે જે સ્વતંત્ર નથી તે જેમ બીજાને સ્વતંત્રતા આપવાને લાયક થઇ શકતો નથી, તેમ જ જે પોતાને નગ્ન નિહાળી શકતો નથી તે કદી પણ ‘ મૂંઝવતા બાળક ’નો કેસ હાથ લઇ શકતો નથી. ‘ મૂંઝવતા બાળક ’ને સમજવા ઘણાઓ પ્રયત્ન કરે છે પણ નિષ્ફળ જાય છે, તેનું એક અને મુખ્ય કારણ એ લાગે છે કે તેમનામાં નગ્ન બાળકને જોવાની તાકાત નથી.

મારા મનમાં જે વિચાર આવ્યો ને હું જે કહેવા જતો હતો એ તો એ છે કે ‘ મૂંઝવતા બાળક’ને સુધારવાને માટે નીલે નિશાળ કાઢી ને તેમાં તેને યશ ન મળ્યો. તેના ‘ મૂંઝવતા બાળક ’ના પુસ્તકના છેલ્લા પ્રકરણમાં તે નિરુત્સાહ-ભર્યા ઉદ્દગારો કાઢે છે. જાણે કે તે થાકી જતો

હોય કે હારી જતો હોય એમ લાગે છે. એમ જ બનવું સ્વાભાવિક હતું. તેણે 'મૂંઝવતા બાળક'નું પૃથક્કરણ સુંદર કર્યું છે પણ તેની મુક્તિના માર્ગોમાં તે સદૈવ ફતેહમંદ નથી નીવડ્યો; તેમ તેને આશાવંત અને સ્પષ્ટ ચોક્કસ માર્ગ નથી જડ્યો. વાત તો એમ છે કે નીલની નિશાળે જાય તે પહેલાં તો દરેક બાળક 'મૂંઝવતું' થઇ જાય છે. નીલ તેને નિશાળમાં સુધારવાનો મિથ્યા પ્રયત્ન કરે છે એમ કોઇ કહે તો શું ખોટું? આજનાં માબાપો જ કોયડા રૂપ–મૂંઝવતાં છે. માબાપો કોયડા રૂપ હોઇ તેમનાં બાળકો બમણાં મૂંઝવતાં બનવા પામે તો તે કેવળ સ્વાભાવિક છે. એટલે જ તો માત્ર બાલશિક્ષણ આજના ગૂંચવાડાનો નિકાલ નહિ લાવે; એનો નિકાલ માબાપોના શિક્ષણમાં છે; માબાપોના શિક્ષક સાથેના સહકારમાં છે; માબાપોની જાગ્રતિમાં છે. નીલને આપણે એવી ભલામણ કરવી જોઇએ કે તેણે 'મૂંઝવતાં માબાપો'ની નિશાળ ચલાવવી. મને લાગે છે કે તેની નિશાળે બેસનારને તેણે શોધવા જવાં નહિ પડે.

× × ×

એક સામયિકમાં મેં વાંચ્યું હતું. એક માતાએ કહ્યું: "દીકરી બેટા, જો આવા બૂટ ન પહેરીએ;

આવાને બદલે આવા શોભે; આવા પહેરાય." દીકરીએ જવાબ આપ્યો: "બા, શું મારે મારા પગને કયા બૂટ પહેરાવવા તે પણ તારે નક્કી કરવું જોઈએ? હું મને ઠીક લાગે તે બૂટ પહેરીશ. તું તને ઠીક લાગે તેવા બૂટ કેમ પહેરે છે?"

મને વાંચતાં પ્રથમ તો થયું: "જોને, આ દેશનાં બાળકોનું સ્વાતંત્ર્ય કેટલી વધારે હદે ગયેલું છે! મોટાં સાથે દીકરી આમ બોલે એ ઠીક તો નહિ." પણ મારો વિચાર ટકી શકે એમ ન હતું. મારી સામે રોજ બનતા બનાવો એટલા બધા હતા કે પેલી છોકરીનો જવાબ વાજબી લાગે છે. અહીંની આપણી માતાઓને આપણે પોતાની દીકરીઓને પોતાની જ રીત પ્રમાણે પહેરાવતી, ઓઢાડતી, બેસાડતી, ઉઠાડતી, બોલાવતી, ચલાવતી નથી જોતા? માતા અને પિતા પોતાનાં બાળકો માટે પોતાની જાતને હમેશાં સંપૂર્ણ આદર્શ રૂપ માને છે એ એક નવાઇ છે, અદ્દ્ભુત આશ્ચર્ય છે! અને છતાં તે છે. કાલે જ મેં એક માતાને પોતાના બાળકને કહેતી સાંભળી: "જો આમ જમાય. આમ બેસીને." મેં પૂછ્યું: "તમને કઇ રીતે જમવું ગમે છે? માએ જવાબ આપ્યો: "હું આ છોકરીને જેમ જમવાનું કહું છું તેમ."

હું સમજ્યો: "આ માતા પોતાની છોકરીને પોતાના જેવી ઘડવા માગે છે." મારા મનમાં આવ્યું કે છોકરી નરમ છે તેથી તે પોતાની માતા જેવી ઘડાશે. પણ પેલી અમેરિકાની છોકરી નરમ ન હતી; તેના ઉપર માએ પોતાની મહોર મારવાનો પ્રયત્ન કર્યો ને નિષ્ફળ ગઇ. પેલી અહીંની છોકરી એટલી કઠણ નથી; તે દબાયેલી છે, અને મા તેને પોતાના જેવી બનાવે છે. બધી જ માતાઓ છોકરીઓને અને બધા જ પિતાઓ છોકરાઓને પોતાના જેવા જ ઘડવા મથે છે; અને તેથી જ છોકરાઓ અને છોકરીઓ માબાપ જેવાં-જેવડાં રહે છે. માબાપ પોતાનાથી સંતોષ પામે છે, તેમ જ તેઓ પોતાના જેવાં બાળકોથી સંતોષ પામે છે. તેમની સામે નવા યુગનાં માબાપો અને નવા યુગનાં બાળકો ધરીએ તો તેઓ આરસી રૂપે નીવડે. એ વાત તો ઠીક; પણ માબાપો આ પોતાનો ભયંકર રોગ સમજી લે તો? રોગનું નામ સ્વમતાગ્રહ (dogmatism). હું કરૂં છું તે કર, હું વિચારૂં તેમ વિચાર, હું સમજું તેમ સમજ, હું ધારૂં તેમ ધાર, મારી કલ્પના એ તારી કલ્પના, મારી ભાવના એ તારી ભાવના, મારો ધર્મ એ તારો ધર્મ, હુંમય તું બની જા: આનું નામ સ્વમતાગ્રહ. આનું નામ બીબાથી બીજું ઉઠાવવું;

એટલે કે માણસનું 'મમી' કરવું. મનુષ્યો પ્રગતિ કરતા ત્યારે અટકે છે કે જ્યારે તે સ્વમતાગ્રહી થવા લાગે—પોતાની જાત જેવી જ બીજી જાત ઉભી કરવા ઇચ્છે. આપણે આગળ વધતા નથી તેનું કારણ આપણા કેટલાયે જૂના દાદાઓથી ચાલતું આવતું સ્વમતાગ્રહીપણું છે. દાદા જેવા જ સ્વમતાગ્રહી માણસો હજી પરંપરાને વખાણી રહ્યા છે; હજી પરંપરાને માન આપીને ચાલવાનું કહી રહ્યા છે; પરંપરામાં મહત્તા જુએ છે. અત્યાર સુધી ચાલેલા સ્વમતાગ્રહીપણાની સફળતા અજાયબ જેવી છે. સ્વમતાગ્રહીપણાના રોગમાં વાત એવી બને છે કે જેના પર સ્વમતાગ્રહ લાદવામાં આવે છે તે બિચારો કીટ-ભ્રમરન્યાય પ્રમાણે સ્વમતાગ્રહી થાય છે. તે સ્વમતાગ્રહીઓમાં ભવ્યતા ને દિવ્યતા ભાળે છે; તે બીજાને પોતાનો મત અને આગ્રહ આપવાનું કામ પવિત્ર અને ધાર્મિક ગણે છે. આજે આપણી માનસિક સ્થિતિનું પ્રથક્કરણ કરીએ તો આપણને આ તત્ત્વો માલૂમ પડશે.

× × ×

દરિયાકાંઠે અમે હવા ખાવા ગયાં ન હતાં પણ ત્યાં રહી અક્ષરજ્ઞાનની યોજના આજુબાજુ ફેલાવતાં હતાં. અંત્યજોને માટે પણ અમારી યોજના

છે જ. નિરક્ષર બધાને તેનો લાભ હોઇ શકે. હું એક વડ નીચે શ્રીદક્ષિણામૂર્તિ સ્તોત્રમાંથી એક પવિત્ર શ્લોક બોલીને ને તેમને બોલાવીને અંત્યજ છોકરાઓને ભણાવવા બેઠો.

ઘણાં વર્ષથી જેમ તરસી જમીન પર વરસાદ પડતાં જ તે પાણીને શોષી લે તેમ આ છોકરાઓ હું જે પાઠ આપતો હતો તે લઇ લેતા હતા. પણ એથી વધારે તો જેમ ઘણો તરસ્યો કે ભૂખ્યો (પાણી કે અન્ન મળતાં) પીવા કે ખાવા માંડે છે ને ઘણી વાર પાણી કે અન્ન અંતરવાસ જાય છે, એમ જ આ જ્ઞાનપિપાસુ ને ક્ષુધાર્ત બાળકો બહુ ઉતાવળથી પાઠો લેવા માંડ્યાં. હું હરખાઇ ગયો. મારા મનમાં વિચાર આવ્યા: "જેને ભણવું ગમતું નથી તેને નિશાળે જવું પડે છે ને પરાણે કોળિયા ભરવા પડે છે; તેમને અજીર્ણ થાય છે ને માંદગી આવે છે. અર્થાત્ પરાણે ભણવા જવાને બદલે બાળકો માથું દુખે છે, પેટમાં દુખે છે, એવા ઢોંગ કરે છે; જ્યારે જેના પેટમાં ભૂખ છે તેને કોઇ ભણાવતું નથી. પરંપરાના દાસ બનેલા લોકો તેને ભણાવવામાં પાપ સમજે છે, ભ્રષ્ટતા સમજે છે. પોતાનાથી કોઇને આગળ વધવા ન દેવાની ઇચ્છાવાળા દ્વેષી લોકોએ કરેલ સખત કાયદાના આ

લોક વિના વાંકે ભોગ થઈ પડ્યા છે.

હું ભણાવતો હતો ત્યારે લોકો આસપાસ જોવા મળતા હતા. મને કહે: "ભાઈ, બ્રાહ્મણ થઈને ઢેઢને ભણાવવાનું? અભડાઓ નહિ?"

મેં કહ્યું: "બ્રાહ્મણનું જ એ કામ છે. અને હું જો ગુરુ હોઉં તો શિષ્યોથી ન અભડાઉં. ગુરુ કદી અભડાય નહિ."

લોકો જવાબ દઈ શકતા ન હતા ને સમાધાન પણ થતું ન હતું; કેમ કે હું નવો બ્રાહ્મણ હતો ને મારું શાસ્ત્ર નવું હતું. પરંપરાને તોડનારનું લોકો પર તેજ પડે છે, કારણ કે તેઓ તોડનારની હિંમત જોઈને તેને મનમાં વખાણે છે. પણ તેઓ તેનો સ્વીકાર કરી શકતા નથી કારણ કે તેમનામાં તેનો અંશ નથી.

અમારી બાજુમાં શંકરનું મંદિર હતું. ત્યાંના પૂજારીઓ વગેરે આ મારા કામની બાબતમાં ખૂબ ચર્ચા ને વિરોધ ચલાવતા હતા. મારા રસોયાને તેઓ મંદિરમાં ન આવે તેમ કહેતા હતા, ને રસોયો ગભરાઈને જતો પણ ન હતો; હું મારી મરજીમાં આવે ત્યારે મંદિરે જતો હતો. રસોયો પરંપરાને માનનાર હતો એટલે પરંપરાના પૂજારી લોકોની બીક રાખતો હતો; પણ મેં તો તેનો

ત્યાગ કર્યો હતો એટલે પરંપરાની નિર્બળતા મારામાં ન હતી; હું ઉલટો બળવાન બન્યો હતો. મંદિરના માણસો પણ મારી સામે કશું કરતા ન હતા પણ ભાવથી જોતા હતા, કેમ કે તેઓ જે બેડીઓમાં હતા તેમાંથી હું મુક્ત હતો. થોડા વખત પછી ઢેઢ આવતા બંધ થયા. મારૂં અનુમાન છે કે ગામના લોકોએ તેમને આવતા બંધ કર્યા હશે. પરંપરાના પૂજારીઓનો આગ્રહ મારા ઉપર તો ચાલી શકે તેમ ન હતું; પણ તેઓ નિર્બળ ઉપર પોતાની નિર્બળતા નાખી શકતા હતા. તેમણે ઢેડોને જ કહી દીધું: “ જોજો અલ્યા, ભણવા ગયા છો તો માર્યા વિના નહિ મૂકીએ. ગામમાંથી કહાડી મૂકશું. ” અને પેલા બિચારા કાળાંતરથી આધીન થઇ રહેલા ઢેડો કેટલી ઝીક ઝીલી શકે ?

મને થાય છે કે હું ઢેડોનો ગુરુ થઇને બેસું તેથી કંઇ ન વળે. પરંપરાનો ઉચ્છેદ કરી સૌને એમાંથી છોડાવું તો વખતે ઢેડો પણ બચે. થોડા વખત પહેલાં મારી પાસે બે ઢેડનાં બાળકો ભણવા આવ્યાં; તેમને હું ગાયત્રીમંત્ર અને અષ્ટાધ્યાયી રુદ્રીનો પાઠ શીખવવા બેઠો. મને લાગે છે કે આ કાંઇ પરંપરા તોડવાનો ગંભીર અને સાચો માર્ગ નથી;

આ તો ઉચ્છાંછળાપણું જરૂર લેખાય. પરંપરિત આચારોને છેડવાપણું ખરું, સામે કરવાપણું પણ ખરું, કિલ્લાને હલાવવાપણુંય ખરું. પણ નવાઇની વાત એ થઇ કે ઢેડોને એ શીખવું ન ગમ્યું. તેઓ કહેઃ " અંગ્રેજી શીખવો." બિચારા ઢેડાઓ ! આ તરફથી પરંપરાની પકડમાં આપણી સાથે આગળ ન વધે; પેલી તરફથી પરંપરાના પ્રદેશની બહારના લોકોના મોહમાં નવે જ માર્ગે અને તે પણ ઉંધે માર્ગે જવા નીકળે ! બીજો કશો વિષય ન જડ્યો ને તેઓ અંગ્રેજી શીખવા નીકળ્યા ! જ્ઞાતિ જમી રહે ને પાછળથી ઢેડ-વાઘરા પડે તેમ હવે જ્યારે અંગ્રેજી ભણતરનો મોહ છોડવાનો વખત આવ્યો ત્યારે આ લોકો તેની પાછળ નીકળ્યા ! પણ તેમાં તેમને કશો ઠપકો ન હોય. આપણી કતારને છેલ્લે તેઓ છે; આપણી પાછળ પાછળ તેઓ ઢસરડાતા આવે છે. આપણે પણ એ મોહમાં પડ્યા અને આગળ ચાલ્યા; એમને પણ એ જ અનુભવ થશે ત્યારે જોશે. હું એમને અંગ્રેજી તો કેમ ભણાવું ? હું તો તેમના વિનાનો થઇ રહ્યો.

એક વાત કહેવી જોઇએ કે તેમના મોઢામાં વેદની વાણી જરૂર બેસતી હતી અને શોભતી હતી. ભગવાને ઘડેલાં સૌના ગળાંમાં વેદવાણી જઇ શકે.

ઢેડના ગળામાંથી તે પાછી ન પડી, એટલે મને ભગવાનના ન્યાય અને મનુષ્યના અન્યાયનો સ્પષ્ટ ખ્યાલ થયો.

હું કોઇ વાર વિચિત્ર બનું છું. મેં પેલા ઢેડોને શીખવવા એક પવિત્ર અને અડીને નહાય તેવા બ્રાહ્મણને બેસાર્યો. તે મારા અધ્યાપનમંદિરનો વિદ્યાર્થી છે. તત્ત્વથી તે ના ન પાડે. તેણે કહ્યું: "શીખવું ખરો, પણ દૂરથી." મેં કહ્યું: "એમ." હવે જુઓ ખુબી! વેદ ન અભડાય ને માણસ અભડાય એટલે સુધી તો આ ભાઇએ પહોંચાડ્યું. મારી ખાતરી છે કે થોડા વખતમાં પોતે પણ નહિ અભડાય. પણ આશ્ચર્ય તો એ છે કે વેદ ન અભડાય ને માણસ અભડાય. હું પોતે તો માણસ છું માટે જ અભડાવાની ના પાડું છું. મનુષ્યત્વ છે ત્યાં સુધી કોઇ ન અભડાય. અભડાય છે તેમાંથી મનુષ્યત્વ ઓછું થતું હશે તેથી કદાચ તેને આભડછેટ અડતી હોય તો! તો પછી આભડછેટથી ભાગવું કે મનુષ્યત્વ વધારવું? બિચારા ગરીબોથી દૂર રહેવું, તેમને હડધૂત કરવા, તેમને ભણાવવા નહિ, એથી મનુષ્યત્વ ન ઘટે? ને તેઓ અનેક વાર અભડાઇ જતા હોય તો એમાં કોનો વાંક? પણ બીક તો એ રહે છે કે લાંબે વખતે મનુષ્યત્વના ટકા ઘટતા

જશે ને તેને બદલે આભડછેટ વધશે, તો માણસ બિચારો માણસ મટી પોતે ઢેડ ભંગી બની જશે ! મહાત્મા ગાંધીજી એમ જ કંઇક કહે છે કે આપણા જ પાપે આપણે આજે અંત્યજો જ બન્યા છીએ. મને લાગે છે કે આજના બ્રાહ્મણને જેટલું અંત્યજ બનવું સહેલું છે તેટલું અંત્યજને બ્રાહ્મણ બનવું અઘરૂં નથી.

× × ×

આ અંત્યજની વાત ચાલતાં પેલો વડ નીચે ભણતો છોકરો યાદ આવે છે. એની આંખો એટલી બધી ભાવપૂર્ણ–પ્રેમપૂર્ણ હતી કે ભાગ્યે જ કોઈ આજના શિક્ષકે તેના શિષ્યોમાં તે જોઇ હશે. કેમ કે છોકરાનું હૃદય અંદરથી ઉત્કૃષ્ટ પ્રેમપૂર્ણ હતું; મારા તરફ ભાવભર્યું હતું. તેના જ્ઞાનની પિપાસા તૃપ્ત કરનાર પ્રત્યે માન, મમતા અને આભારથી તે જોતો હતો. તે મને કહે: “ મને બરાબર શીખવજો હો. હું બરાબર શીખીશ. ઓલ્યો ન આવે તો કાંઇ નહિ. એને ન શીખવો તો કાંઇ નહિ. મને શીખવજો. હું શીખીશ. હું તમારી પાસે જ શીખીશ. મારે બીજા પાસે નથી શીખવું. ” આનું નામ અભિમુખતા. આને ભણાવતાં ગુરુઓ ખીલે. આપણે તો બધાને ભણાવવું છે; કસ વિનાની ધરતીમાં

પણ ખેડ કરવી છે! આપણે વિદ્યાર્થીઓ સામે નહિ પણ અભ્યાસક્રમ સામે જોવાનું છે. આપણે એવી પ્રેમળ આંખો ક્યાંથી ભાળીએ? પણ ગુરુભાવી અંતઃકરણની સમજણ માટે એ છોકરો મહાન અભ્યાસ છે. તે કહે છે કે તમારી પાસે જ આવીશ. તે કહે છે કે બીજાને ન શીખવો તો કાંઇ નહિ, મને શીખવજો. તે બીજાની અદેખાઇ નથી કરતો. તે કહે છે કે બીજાને શીખવો કે ન શીખવો; હું તેની સાથે નિસબત નથી રાખતો. હું તો મારૂં જીવન શોધું છું. મને બીજાની અદેખાઇ નથી તેમ એમની ચિંતા પણ નથી. હું તમારાથી તન્મય થઇ જાઉં, હું તમારાથી ભરપૂર થઇ જાઉં, મારૂં પાત્ર તમારાથી છલી વળે એટલે બસ! બીજા પર વરસો, જરૂર વરસો; પણ તેનો વિચાર તમે કરો. હું તો મારો વિચાર કરી શકું છું, અને હું તમને માગું છું. આ હૃદયપ્રવાહ અત્યંત શુદ્ધ પ્રેમનો છે. ભંગીના ગંદા ફાટલેહાલ બાળકમાં જે શુદ્ધ પ્રેમ ત્યાં જોવામાં આવ્યો તે બીજે સ્વચ્છ કપડાં પાછળ ને ટાપટીપ પાછળ જોવામાં નથી આવતો–ન આવે.

× × ×

બાલમંદિરનાં બાળકોમાં અનેક જાત અને

અનેક રંગો છે. પણ બધાની ફરિયાદ લગભગ એક સરખી છે કે અમને બા અથવા બાપા મારે છે. બાળકોને તેમનાં માબાપ વિરુદ્ધ દેખાવું બહુ ગમે છે. હું કહું છું કે જેઓને માબાપ મારતાં હોય તેઓ હાથ ઉંચા કરે. લગભગ બધાંય બાળકો હાથ ઉંચા કરે છે. એમાં એ જોવામાં આવે છે કે સારા સારા માણસો-સમજુ માણસોનાં બાળકોને પણ માર પડતો જણાય છે. 'નહિ મારશો' એવી ચિઠ્ઠી બાળકોને માબાપ પર લઇ જવી ગમે છે. તે ચોક્કસ યાદ રાખીને ચિઠ્ઠી માગે છે ને માબાપને હાથોહાથ આપે છે. માબાપ જ્યારે મારે છે ત્યારે તેને સંભળાવે છે કે અમને ન મરાય. મારશો તો અમુક ભાઇને કહી દઇશું. તેમ છતાં બાળકને બા મારે છે તો તેને ત્યાં હું જાઉં છું ત્યારે ત્યારે બાળક કહે છેઃ "તમે મારવાની ના પાડી છે છતાં હજી અડપલું કરે છે."

માબાપો પોતાનાં નાનાં બાળકોને શા માટે મારતાં હશે? એક એવી વિચિત્ર વાત છે કે માર ખાનારાં બાળકો પોતાનાં માબાપને ચાહતાં નથી. બાળકો જીવવા માગે છે; તેઓ માબાપની મદદ વિના મોટાં ન થઇ શકે, તેથી મારે તેવાં માબાપોને પણ તેઓ વેઠી લઇ શકે છે. માબાપો તેમને

ચાહવા માંડે છે ત્યારે તેઓ પણ અણુટ્ટ્ટકે ચાહવા લાગે છે; અર્થાત્ માબાપ સાથે ગેલ ને રમત કરે છે. પરંતુ તેઓ તેમનાં માબાપોની રીતિનીતિ ભૂલી જતાં નથી; તેઓ તેમના પ્રત્યે પ્રેમથી નહિ પણ સ્વાર્થથી જોઇને તેમની સાથે બધું કામ લે છે. વળી માર ખાનારાં બાળકો મનમાં બડબડે છેઃ "બાને હું આમ મારૂં; બાપાને હું આમ મારૂં!" બા અને બાપાની વધારે પડતી બીક હોય કે ખોટું ઉભું કરેલું તેમના પ્રત્યે સન્માન હોય તો તે બાપાને બદલે કોઇ પણ બળવાન પુરુષ–દાખલા તરીકે પોલિસ-નું નામ લે છે ને બોલે છેઃ "પોલિસને મારીશ." ઘણી વાર બાળકો માંદાં પડે છે ત્યારે તેઓ જે ન બોલી શકાય તેવું બોલે છેઃ "બા અમને મારે છે. એ બાપા! અમને મારશો નહિ." બા અને બાપાને આ વાતની ખબર હશે? તેઓ આ જાણે તો પોતાના વર્તનમાં સુધારો કરે?

× × ×

છોકરાઓ સારા શિક્ષકને ચાહે છે પણ નઠારા વિષે ખૂબ ચીડ રાખે છે. મેં એક વાર એક બાળકને કહ્યુંઃ "તમને શિક્ષક મારે તો તમે મોટા થઇને તેને મારશો નહિ; આપણાથી મરાય નહિ."

બાળકે જોરથી કહ્યું: "મારશું, મારશું; સો સોટી મારશું!" જે શિક્ષકને માટે સો સોટીની સજા એક બાળક ઠરાવે છે તે શિક્ષકે હવે તો જીવવું જ ન ઘટે. બાળકો હવે લાંબો વખત શિક્ષકનું સામ્રાજ્ય ટકવા નહિ દે. તેઓ કાં તો શિક્ષકને સંપૂર્ણ પ્રેમથી સ્વીકારશે અગર તેને પદભ્રષ્ટ કરશે. તેઓને શિક્ષક જોઈએ છે પણ ખરાબ શિક્ષક નથી જોઈતો. જૂના વખતથી આવું જ કંઈક ચાલ્યું આવે છે. આગળનાં બાળકો શિક્ષકોને પસંદ ન કરતાં ત્યારે પાટીનો છૂટો ઘા કરી નાસી જતાં. ત્યાર પછીનાં બાળકોએ નાસી જવું પસંદ ન કર્યું; શાળા પોતાની પણ છે તેમ તેમને લાગ્યું હશે. એટલે જ શિક્ષકને તેઓ શાળામાં જ પજવવા લાગ્યાં. શિક્ષકની ખુરશીમાં ટાંકણી ખોસવી વગેરે કરવા લાગ્યાં. વખત એવો આવી લાગ્યો છે કે બધાં બાળકો ભેગાં થઈ શિક્ષકને શાળાના મકાનમાં કેદ કરે ને તેનું અન્નજળ બંધ કરે! બાળકો જો એમ માને કે નિશાળ તો અમારી છે, ને અમારી નિશાળ છે માટે શિક્ષકને સ્થાન છે, તો તેઓ શિક્ષકને માથે બહુ કરે. શિક્ષકોએ હવે દુનિયાના રાજાઓ સાથે પોતાનો તાજ નીચે ઉતારવો પડશે, અને બાળકોની સ્વતંત્ર સભાના

એક સભ્ય થઇને બેસવું પડશે.

× × ×

" માનવ જાતનું ભાવિ બાળકોને પગલે પગલે પ્રગતિ કરી રહ્યું છે."*

ફિલિપ્સ બ્રૂકસનો આ વિચાર સુંદર અને સત્ય છે. બાળકો નાનાં છે; તેમના પગ નાના છે: પણ તેના ઉપર ભવિષ્યનો કાળ આગળ ધપે છે. કેટલી સુંદર રીતે બાલજીવનનું મહત્ત્વ આ વાકયમાં છે ? અને કેટલી અનુદાર રીતે બાળકોને આજે આપણે સમજી રહ્યા છીએ ? કદાચ આપણે તો બાળકોની પાસે પીછેહઠ ( backward march ) કરાવીએ છીએ, કેમ કે આપણે તેમને આગળ વધારવાની ઇચ્છા નથી રાખતા; તેમને આગળ વધવાનાં સાધનો નથી આપતા. વગર સાધને આગળ વધનારને આપણે બાંધી રાખીએ છીએ. આપણે પણ તેમની સાથે આગે કૂચ ( onward march ) માં જોડાઇશું ? આપણે બાળકોની પાછળ પાછળ તો જઈએ !

× × ×

* The future of the race marches forward on the feet of little Children—Phillips Brooks.

ભાઈ શામજીનો પુત્ર રામજી મારા બાલમંદિરમાં ભણે છે. તેના ભણતરને માટે શામજીભાઇ બહુ કાળજી રાખે છે, અને તે સ્વાભાવિક છે. રામજી એમ તો ચબરાક છોકરો છે; ગમે તેવો છે, ચપળ છે. દિવસનો મોટો ભાગ તે મિક્કેનો બનાવવામાં ગાળે છે. તે કામમાં તે તલ્લીન રહે છે, પ્રસન્ન રહે છે. તે કામમાં તે નવું નવું કરે છે. કામથી થાકયા વિના તે દિવસ પૂરો કરે છે. તેને વાંચવાનું લખવાનું કહીએ છીએ તો મ્હોં બગાડે છે; થોડી વાર વખતે વાંચવા લખવા લે છે, પણ કંટાળીને છોડી દે છે.

હવે એક બીજો છોકરો છે–રવજી ભીમજી. રવજી શાંત અને ગંભીર છે. ઝટ ઝટ વાંચતાં આવડી ગયું છે. તે મોટે ભાગે વાંચ્યા જ કરે છે. મિક્કેનો તેની સામે જ હોય છે પણ ભાગ્યે જ તેના તરફ દૃષ્ટિ નાખે છે. બધાં બાળકોમાં વાંચનાર તરીકે તે તરી આવે છે. જેવો રામજી મિક્કેનોના કામમાં તલ્લીન દેખાય છે તેવો જ રવજી વાંચવામાં તલ્લીન રહે છે.

આ બન્ને છોકરાઓમાં રવજી લુહારનો છોકરો છે, રામજી બ્રાહ્મણનો છે. રવજીના પિતા ભીમજી એક ઇજનેર છે અને રામજીના પિતા શામજી શિક્ષક છે, સાહિત્યરસિક છે, કવિ પણ છે.

આ બન્ને છોકરાઓ બાલમંદિરમાં પ્રગતિ કરી રહ્યા છે એમ હું માનું છું. બન્ને બાલમંદિરને ચાહે છે; બન્ને પ્રાણુવાન છે. મને તેમની ચિંતા રહેતી નથી.

આ બન્નેના પિતા મારું માથું પકવ્યા કરે છે. રવજીના પિતા કહે છે: “ભાઇ એને જરા મિકેનો આપો. વાંચી વાંચીને ક્યાં એને માસ્તર થવું છે કે લહીઓ થવું છે? મારે તો એને મારી લાઇન લેવડાવવી છે. એને કેમે કરી મિકેનોનો રસ લેવડાવશો?” રામજીના પિતા શામજી એવી જ રીતે મારો જીવ ખાય છે. તે કહે છે કે “આ છોકરાને હજી પૂરૂંપાધરૂં વાંચતાંયે નથી આવડતું. મિકેનો શીખીને એનો શો દિ’ વળવાનો હતો? તમે એને બે બે ઘડી જરા પરાણે તો પરાણે, પણ વાંચવા તો બેસાડો?”

આ બે પિતાઓને મારે શું કહેવું? તેમને વાત સમજાવીએ છીએ તો ગળે ઉતરતી નથી. હું તેમને કહું છું: “ભાઇઓ, આ છોકરાઓ જે શીખવા દોડે છે તે શીખવા દો. હું તેમને ફરજ પાડતો નથી છતાં તે પોતાની મેળે એ કરે છે; અને છતાં તે પોતાને જે જોઇએ છે તે જ લેવા કરે છે. બ્રાહ્મણના દીકરાનો જીવ ઇજનેરનો છે ને લુહારના દીકરાનો જીવ સાહિત્યકારનો છે. જન્મથી

તેઓ બ્રાહ્મણ કે લુહાર ભલે હોય, પણ તેનાં વલણો જુદાં છે. તે કયાંથી આવ્યાં તે પ્રભુ જાણે; પણ તે છે અને તે ધોળે દિવસે નરી આંખે દેખાય છે. એમને જે શીખવું હોય તે શીખવા દ્યોને, ભલા ભાઈઓ!"

પણ પેલા સાહિત્યરસિક પિતાને મારી વાત ગમતી નથી. તેની આંખ આગળ પોતાના પુત્રને ભાવિ લુહાર જોવો રુચતો નથી. તે પોતાની પ્રતિકૃતિ જોવા ખુશી છે. એવી જ સ્થિતિ પેલા લુહાર પિતાની છે. તેને પોતાનો દીકરો ઇજનેર નહિ થાય તો કંઇક સત્યાનાશ જશે એમ લાગે છે.

મને થાય છે કે આ બન્ને પિતાઓ જરા પણ ચિંતા ન કરે તો કેવું સારું? જેને ઇજનેરી વલણ નથી તેને ઇજનેર બનાવશું તો તે ખરાબ ઇજનેર થશે; અને જેનો જીવ સાહિત્યનો કે કવિતાનો નથી તેને કવિ બનાવશું તો તે ખરાબ કવિ થશે. આ બંને ખરાબ પરિણામોમાંથી તેમના પિતાઓ તેમને બચાવે તો? આ પિતાઓ પોતાના પુત્રનું ભલું ચાહે છે કે ભૂરું તે બાબત સમજાતી નથી. તેઓ માને છે કે તેઓ ભલું ચાહે છે; પણ પરિણામ ભૂરું આવશે. જેમાં જે લાયક છે તેનાથી તેને ઉલટે માર્ગે મૂકવો એમાં કેવું પરિણામ આવે?

× × ×

મારા એક સગા છે, તે સરવે ખાતામાં છે. હું જ્યારે જ્યારે મળું છું ત્યારે તે બબડયા કરે છે: “ભોગ લાગ્યા કે આ ખાતામાં આવ્યા ? એ દિવસ આખો બસ માપણી, ને નકશા ને એનું એ જ. તમારા જેવું છે ? વાંચવું, વિચારવું, લખવું; એ મિત્રો સાથે વાર્તાવિનોદ અને ચર્ચા કરવી ?” આ ભાઇને કોઇ દિવસ પોતાના ધંધા વિષે ઉત્સાહથી વાતો કરતા સાંભળ્યા જ નહિ. આખું ખાતું ખરાબ, કામ ખરાબ, બધું ખરાબ એમ જ તે કહે. હવે મારા એક બીજા મિત્ર છે. તેમની પ્રવૃત્તિ વાંચવું, વિચારવું, લખવું, ચર્ચાવાર્તા વગેરે જાતની છે. પેલા મારા સગા તેની હમેશાં અદેખાઇ કરે છે; તેની સ્થિતિ વખાણે છે ને પોતાની ધિક્કારે છે. છતાં આ મિત્ર પણ પોતાની સ્થિતિથી અત્યંત કંટાળે છે. કહે છે: “દિવસ રાત આ લખવું ને વાંચવું એ તે કોને ગમે ? આના કરતાં એકાદ સીધી નોકરી હોય તો પાંચ કલાક ઑફિસમાં જઇ ભલે નકશા કાઢવા હોય તો નકશા કાઢી આવીએ ને જમીન માપવી હોય તો એ પણ કરી આપીએ; પણ આ બેઠા બેઠા વાંચવું લખવું તો નથી જ ગમતું.”

આ બે અસંતોષી માણસોના અસંતોષનું મૂળ તેમની મૂળ મનોવૃત્તિઓ છે. જેની મૂળ વૃત્તિ સાહિત્યપ્રેમ છે તે સરવેમાં આવી પડ્યો છે; જે સરવે કે એવા ખાતાને લાયક છે તે ભાઈને સાહિત્યને લગતા કામની નોકરી કરવી પડે છે. આપણા મનમાં થશે કે વિધિની કેવી વિચિત્રતા! પણ ખરી રીતે એ વિધિની વિચિત્રતા નથી પણ કેળવણીની કરુણતા છે. સરવેયર છે તે સરવેયરનો છોકરો છે; એનો દાદો પણ સરવેયર હતો. તેને પરંપરાથી ઉતરી આવતા ધંધામાં નાખવામાં આવ્યો છે. તેને તે જ કામ તેના બાપે શીખવ્યું છે; તેમાં જ તેની ઉન્નતિ તેના બાપે માની હતી. તેમાં બાપની દૃષ્ટિ પોતાનાથી આગળ નથી ગઈ. નિશાળમાં કોઈએ તેનું સાહિત્યરસિક મન જોયું નહિ હોય, અને હશે તો પણ તેની નિશાળમાં તેને પોષવાને અવકાશ ન હતો. બાપે ધાર્યું કે દીકરે સરવેયર થવું ને દીકરાને સરવેયર બનવું પડ્યું. દીકરે પોતે ધાર્યું હોત કે શું થવું, તો તે સાહિત્યમાં પડત, એને લગતી પ્રવૃત્તિ શોધત, કેમ કે તે સાહિત્યનો જીવ હતો. પણ પેલો પરાણે લખવા વાંચવાની ફરજ અદા કરનાર મારો મિત્ર જુઓ. તે પણ એમ જ આ હાલતમાં આવી પડ્યો છે.

તેના કાકા, મોટાભાઇ બધા એ જાતનું કામ કરવાવાળા. તેમને એમ જ થયું કે આ લાઇનમાં આ પડે તો ઠીક. તેને એ જ લાઇનમાં નાખ્યો. પણ તેની વૃત્તિ સરવેયર કે એવા ધંધાને માટે લાયક હતી છતાં તેને ખીલવાનો કે તેમાં પડવાનો અવકાશ ન મળ્યો.

આમ મનગમતી વાત ભણવાની અને તેને લગતી પ્રવૃત્તિ કરવાની આ બન્નેને તક મળી નહિ, તેથી બન્ને પોતાની પ્રવૃત્તિથી અને જાતથી કંટાળે છે. પણ જો તેઓને નાનપણમાં શાળામાં પોતાના વલણ પ્રમાણે ભણવા દઇ વલણ પ્રમાણેના ધંધાને માટે યોગ્ય થવા દીધા હોત તો ? તો તેઓ સુખી થાત. તેમને પોતાના ધંધામાં શેર લોહી ચડત.

આ વાત બરાબર ખરી છે. મારા પાડોશમાં એક ગવૈયો છે. તે એક પ્રતિષ્ઠિત દાક્તરનો દીકરો છે. દાક્તરે તેને દાક્તર બનાવવા ઘણાં ફાંફાં મારેલાં પણ નાનપણથી આ ભાઈને ગાવા વગેરેનો શોખ, તેથી તેને અમસ્તું પણ કંઈ ભણવા તરફ મન ન લાગ્યું. ગાવાનો ધંધો શીખવાની એના પિતા હા જ શાની પાડે ? એમાં શું વળે ? છોકરો મેટ્રિકમાં જ ચાર વર્ષ નાપાસ થયો. મેટ્રિકમાં કંઇ વાંચે તો કે ? એ તો બે મિત્રોની

સાથે ગાય, વગાડે ને મજા કરે. આખરે એ અને તેના પિતા થાકયા. મેડિકલ લાઇનમાં તો ન જવાયું. છેવટે મુંબઇમાં નોકરી લીધી પણ એમાં તો એ વધારે થાકયો. છેવટે તે સંગીતના વર્ગોમાં ગયો અને ત્યાં તે ખૂબ જ ખીલ્યો. સંગીતના વિષયમાં તેણે નામ કાઢયું. હમણાં તે મુંબઇમાં પ્રસિદ્ધ છે. વારંવાર તેના જલસા થાય છે. તે ખૂબ આનંદમાં રહે છે; મજા કરે છે. કદી પોતાનાથી કે સંગીતથી કંટાળતો નથી. જુઓ, આ માણસ મનગમતા ધંધામાં પડ્યો છે માટે સુખી અને આનંદી છે. ધારો કે મહામહેનતે તે મેટ્રિક પાસ થયો હોત, બાર વર્ષે તે દાક્તર થયો હોત તો પણ તેને શું તે ધંધામાં લહેર આવત ? નહિ જ.

આજ કાલ સેંકડો-હજારો નહિ પણ લાખો માણસો પોતાના ધંધાથી અનેક રીતે કંટાળેલા છે તેઓ સુખી નથી. કારણ એ જ છે; કે તેઓ ખોટા ધંધામાં આવી પડ્યા છે. કારણ એ નથી કે તેઓ હુશિયાર નથી, અગર તો દુઃખી થવા જ માગે છે. કારણ આગળ કહ્યું તેમ એ છે કે તેમને જોઇતો ધંધો તેમને મળ્યો નહિ અગર તેઓ મેળવી શકયા નહિ, કારણ કે તેવું ભણવાની કયાંયે સગવડ ન હતી, કારણ કે ચાલુ નિશાળોએ

અને માબાપોએ તેમને જ્યાં ત્યાં જે મળ્યું તે ભણાવ્યું અને જે તે ધંધામાં ઉતારી પાડ્યા. અગર તો પેટને ખાતર બિચારાઓને જે ધંધો હાથ લાગ્યો તે પકડી લેવો પડ્યો.

જ્યાં સુધી નિશાળોમાં માણસનાં આંતર વલણો ઉઘાડાં થઇ જાય એવું શિક્ષણવાતારણ થાય નહિ, જ્યાં સુધી વલણ પ્રમાણેની પ્રવૃત્તિ માટે તૈયાર કરવાનું શાળાઓમાં બને નહિ પણ ઉલટું અમુક વિષયો જ ભણવાના, અને તેને પરિણામે અમુક જ ધંધાઓ માટે તૈયાર થવાનું હશે, ત્યાં સુધી માણસો ખોટા ધંધામાં ભરાઇ પડવાના અને આખર સુધી બિચારા અસંતોષી અને દુ:ખી જીવન ગાળવાના, અથવા તેવું જીવન ચલાવી લેવાના સમાધાનીભર્યાં પ્રયત્નોમાં જીવન-શક્તિ ખોઇ નાખવાના.

× × ×

આપણે એકાદ પ્રતિભાસંપન્ન વ્યક્તિ જોઇને અંજાઇ જઇએ છીએ. અરે, અદ્દભુત શક્તિ કહીને નમી પડીએ છીએ. વાત બરાબર છે. પ્રતિભા માન અને નમનને પાત્ર છે. પણ એકાદ બે પાંચ જ વ્યક્તિઓ પ્રતિભાઓ રૂપે કેમ છે? પ્રતિભા કુદરતી બક્ષિશ હશે? કે પ્રતિભા એ જીવાત્માને

અનુકૂળ વાતાવરણમાં મળેલી અનુકૂળ વલણની કેળવણી હશે? લોકો તો એમ માને છે કે પ્રતિભા કુદરતી છે; શિક્ષણથી તે ન બની શકે. મને પણ લાગે છે કે પ્રતિભા કુદરતી હોય કે ન હોય પણ તે શિક્ષણથી તો ન જ બની શકે. હા, ઘણી વાર બન્યું છે તેમ ખરાબ શિક્ષણમાંથી નાસી જઇ જેઓએ સ્વતંત્રપણે પોતાનું શિક્ષણ લીધું છે તેઓ પ્રતિભાસંપન્ન દેખાયા છે. પ્રતિભા એટલે પોતાની અંતઃસ્થ શક્તિનો પૂરેપૂરો વિકાસ. કાવ્યવૃત્તિનો મનોનુકૂલ વિકાસ એટલે પ્રતિભાસંપન્ન કવિ; લેખન વૃત્તિનો મનોનુકૂલ સંપૂર્ણ વિકાસ એટલે પ્રતિભા-સંપન્ન લેખક. માણસમાં પ્રતિભાનાં બીજો છે જ; પ્રત્યેક માણસ માણસ હોવાથી જ તેનામાં પ્રતિ-ભાનાં બીજો છે. કોઇ માણસમાં કવિની પ્રતિભા છે, કોઇમાં સંગીતકારની છે તો કોઇમાં કુંભારની છે. દુનિયામાં કુંભારોમાં સર્વશ્રેષ્ઠ કુંભાર થવું અને એ ધંધાની મહત્તા વધારવી—એ ધંધામાં શોધખોળો કરવી, એ ધંધાને ધનસંપન્ન કરવો, એ ધંધાને પ્રતિષ્ઠા અપાવવી એ જે કરી શકે તે કુંભારની પ્રતિભા છે, ને તે કુંભારમાં હોઈ શકે છે. આટલું કરવાને કુંભારને સંપૂર્ણ તક મળી જાય તો તેને આપણે પ્રતિભા જ કહીએ. ફૉર્ડ આજે

એક પ્રતિભા કહેવાય છે; એ એક ફતેહમંદ લુહાર સિવાય વધારે નથી. તે સામાન્ય લુહાર ન રહેતાં લુહારોનો લુહાર થયો છે; સામાન્ય યંત્ર ચલાવનાર ન રહેતાં યંત્રોનો ઘડનાર થયો છે. એની પ્રતિભા નવીનતા અને વિશેષતા આણે છે એટલું જ નહિ, પણ નવું અર્થશાસ્ત્ર અને નવીં ફિલસુફી લાવે છે. લુહાર પ્રતિભાસંપન્ન થયેલ છે તેમ હજામ થઇ શકે. પ્રતિભા માટે અનુકૂળ વાતાવરણ જોઇએ. આજની નિશાળો અનુકૂળ વાતાવરણ આપવા માંડે ને ભણાવવાની પીડા છોડી દે તો જરૂર અનેક પ્રવૃત્તિમાં અનેક પ્રતિભાઓ પ્રગટ થાય. બાકી તો આજની શાળાઓ પ્રતિભાનો ભૂકો કરવાનાં મજબૂત અને પ્રતિષ્ઠિત કારખાનાંઓ માત્ર છે.

× × ×

બાલમંદિરમાં નાટકોની તૈયારી થતી હતી. ક્યારનાંયે બાળકો નાટક જોવા માટે ઉત્સુક બની બંધ દરવાજા આગળ હારબંધ ઉભાં હતાં. એક બાળકને બીજા બાળક સાથે વાત કરતાં મેં સાંભળ્યું: “ ગિજુભાઇ મને નથી ગમતા; એનું મોઢું કાળું છે. ”

દૂરથી હું સાંભળતો હતો. હું સમજી ન શક્યો. મારૂં મોઢું કાળું નથી જ; ઘઉંવર્ણું છે. અને

હું બાળકોને ન ગમું તેવો પણ નથી. ખાસ રૂપાળો ન ગણાઉં છતાં કરૂપ પણ ન ગણાઉં. હું મૂંઝાયો.

વિચાર કરતો હતો એટલામાં એ જ બાળકે આવીને કહ્યું: "હું નાટક જોવા નહિ આવું."

મને સૂઝ્યું: "નાટકને અને મારા કાળા મોઢાને સંબંધ હોવો જોઇએ." વિચારસાહચર્યથી ( associations of ideas ) મને સ્ફૂર્યું: "હા. તે દિવસે 'ભયનો ભેદ'ના નાટકમાં બે ચાર બાળકો મારા ભૈરવના વેશથી ભયભીત થઇને રડી ઉઠ્યાં હતાં, તેમાંનું એક તો આ નહિ હોય ?"

મેં આજે બાળકની સામે હસીને કહ્યું: "ન ગમે તો નાટકમાં ન આવતા. પણ આજે હું કાળું મોઢું નથી કરવાનો, હો ! આજ તો હું બીજો વેશ કાઢવાનો છું. તે દિવસે મેં કાળાં લૂગડાં પહેર્યાં હતાં એટલે છોકરાં બ્હીતાં હતાં ખરૂં કે ?"

બાળકે કહ્યું: "અરે, બધાં રોતાં હતાં ! તમે બહુ ખરાબ લાગતા હતા."

મેં કહ્યું: "આજે હું ખરાબ નહિ લાગું."

તે બાળક તે દિવસે નાટકમાં આવ્યું. દરેક વખતે નાટકમાંથી નાસી જનાર બાળકના માનસનો ભેદ આજે ઉકલ્યો.

તે દિવસે ભજવેલ 'ભયનો ભેદ'નું નાટક નાનાં બાળકો માટે બહુ ભયંકર નીવડ્યું હતું. અસલ ભૈરવ થવા માટે મેં ખૂબ કાળજીપૂર્વક બિહામણો વેશ ધર્યો હતો. બોલતી વખતે પણ હું જોરદાર ઘોઘરો અવાજ કાઢીને બોલતો હતો. મોટાં જોનારાંઓએ વેશ અને અભિનયની ખૂબ કદર કરી, અને નાનાં બાળકોમાંનાં ઘણાં બહુ બ્હીનાં; કદાચને આખી જીંદગી માટે. નાટક બાળકો માટે હતું અને મોટાંઓએ કરેલી કદર સાચી હોવા છતાં બાળકોપૂરતી અમારી મહેનત નિષ્ફળ નીવડી.

મને તે દિવસે રાત્રે થયુંઃ "નાટકની પસંદગી બરાબર હતી?" જવાબ મળ્યોઃ "ના." અલબત્ત સહુ નટોને સંતોષ થયો. મોટી ઉંમરના પ્રેક્ષકોને ખૂબ આનંદ મળ્યો. પ્રદર્શનવૃત્તિને અને વિવેચનવૃત્તિને સારો ખોરાક મળ્યો. પણ બાળકોને નિષ્ફળતા મળી.

આપણે ઘણી વાર બાળકોને માટે ભજવવાનાં નાટકોમાં, કહેવાની વાર્તામાં, દેખાડવાનાં દશ્યો (નાટકો, સિનેમા, ચિત્રો વગેરે)ની પસંદગીમાં બહુ મોટી ભૂલ કરી નાખીએ છીએ. મેં ઉપરોક્ત કરેલી ભૂલ તરફ પહેલેથી મારું ધ્યાન કેમ ખેંચાયું નહિ હોય તે માટે મને સાશ્ચર્ય દુઃખ

સાથે હસવું આવ્યું.

નાનાં બાળકો ભયંકર દશ્ય જોઇને ડરી જાય એ વિચાર મારા સામાન્ય જ્ઞાનમાં હોવા છતાં જ્યારે આવી મોટી ભૂલ થઇ, ત્યારે હું આવી ભૂલ માટે મારા માનસનું પૃથક્કરણ કરવા લલચાયો. એ. એસ. નીલે Casting out Fear નામનું એકાંકી નાટક લખ્યું; શ્રી. હરભાઇએ તેનું ભાષાંતર ' ભયનો ભેદ ' બનાવ્યું અને અમે તે ભજવ્યું. સાચી વાત છે કે એ નાટકમાં દર્શાવ્યા મુજબ ભય એ દબાવેલા–ગૂંગળાવેલા–રોકેલા પ્રેમનું ફળ છે. Fear is thwarted Love; Hate is thwarted Love. નીલ નાટક દ્વારા સમજાવવા માગે છે કે Let us not fear but love; Remove fear and there is love behind it. ( આપણે બ્હીવું નહિ પણ પ્રેમ કરવો. ભયને ખસેડો એટલે તેની પાછળ પ્રેમ દેખાશે. ) આ બધું બરાબર છે. મને અને હરભાઇને તે માન્ય છે. પણ શા માટે નીલે એવું નાટક લખ્યું હશે ? શા માટે હરભાઈએ નીલનું એ જ નાટક ભાષાંતર માટે પસંદ કર્યું હશે ? અને શા માટે મેં તે ભજવ્યું હશે ?

પોતાનામાં રહેલી બીકને કાઢી નાખવા માટે

નીલે તે લખ્યું, હરભાઇએ તેનું ભાષાંતર કર્યું અને મેં તે ભજવ્યું ? કે નીલ, હરભાઇ અને હું પ્રેમરૂપ છીએ, અને સમજ્યા વિના અમારામાં આરોપિત ભય લોકોને અમારૂં સત્ય સ્વરૂપ દેખાવા દેતો નથી એમ સાબીત કરવા અમે આ કર્યું ?

આપણે આપણી માનસિક મુશ્કેલીઓને દૂર કરવા ઘણી વાર બાળકોને કે બીજાઓને જોખમ નથી કરી બેસતા શું ? ધારો કે બાળકો જાણતાં હતાં કે ગિજુભાઈ પોતે જ ભૈરવ બનેલ છે; અને ઘણાં તે જાણતાં જ હતાં. વળી ચાલુ નાટકે જ્યારે બાળકોમાં રડારોળ થઇ પડી ત્યારે મેં કાળો બુરખો કાઢી નાખી મારૂં પ્રેમના વેશનું મોઢું બતાવ્યું હતું, અને છેવટે ભયનો આખો વેશ ફેંકી દઇને હું પ્રેમ-સ્વરૂપ ઉભો રહ્યો, અને અત્યંત રમણીય દેખાવ દેખાયો. તો પણ ખરી હકીકત એ નથી કે બીધેલાં બાળકોનાં કાળજાં ધબકતાં હતાં, પ્રેમનું સ્વરૂપ જોવાને માટે જરા પણ લલચાતાં નહોતાં અને નાસી છૂટવાની ઉતાવળમાં હતાં ? અરે, કેટલાંક તો નાસી પણ છૂટયાં હતાં ? ત્યાર પછી તો મેં કેટલીયે વાર બાળકોને કહેલું કે “એ તો હું હતો; કાળો વેશ હું હતો.” બાળકોએ તે કબૂલ કર્યું; એમાં બ્હીવા જેવું કશું

ન હોય એમ તેમની બુદ્ધિએ મંજૂર રાખ્યું; છતાં તેઓની બીક ગઇ નહોતી, તેની ખાતરી મને પેલા બાળકે કરી આપી.

એ નાટકમાં હું અને મારા બીજા નટમિત્રો ભલે બહુ વખાણતા હોઇએ, તો પણ બાળકો આગળ ફરી વાર તે કરવા જેવું નથી એવી પ્રતિજ્ઞા તો નાટકને બીજે જ દિવસે મેં લીધી હતી. નાટકની રાત્રે બે બાળકોને તાવ આવી ગયો હતો; એક બાળક તો કેટલાય દિવસ સુધી આવ્યું જ નહિ. હું ગમે તેટલો મનાવું કે બાળકે બ્હીવાની જરૂર છે; બીકમાંથી પસાર થઇને જ માણસ નિર્ભય બને છે; ભય એ પ્રેમની શરૂઆત છે; ભયમાં નિર્ભયતાનું મૂળ છે. આ બધું ભ્રામક માનસશાસ્ત્ર (quack psychology) હું માનું નહિ. ભયની જે છાપ એક વાર પડે છે તે બુદ્ધિબળથી, તર્કવિકાસથી, તત્ત્વજ્ઞાનના બળ વડે કે લોઢા જેવા કેળવેલા શરીરબળથી પણ ખસતી નથી. બાલ્યાવસ્થામાં પડેલી ભયની છાપ મગજમાં ભૂતની જેમ ઘૂમે છે અને માણસને હમેશાં બ્હીવડાવે છે.

× × ×

વિનાયકભાઇ ઉપર નાનપણમાં ચોરથી બ્હીવાની છાપ પડે છે. ચોરનું નામ સાંભળે કે ઘર ઉપર

અરધી રાતે કોઇ કાંકરો નાખે તો પથારીમાં જ તેઓ પસીનાથી ભીના થઇ જાય છે. મારા ઉપર એવી જ રીતે નાનપણમાં ભૂતની વાતો સાંભળીને ભૂતથી બ્હીવાથી છાપ પડી છે. એ છાપ આજે અડતાળીશ વર્ષે એવી જ નીકળે છે. લોર્ડ લીટનની Haunted Houseની વાર્તા સાંભળીને મને સૂતી વખતે જ બીકના ચમકારા લાગે છે. રાતમાં ભૂતડાંનું સ્વપ્નું આવે છે, ને હું જાગી જાઉં છું. અમસ્તો હું વૈજ્ઞાનિક માનસવાળો માણસ છું. Haunted Houseની વાર્તા ભૂત સાબીત કરે છે તેના કરતાં તેને અસાબીત વધારે કરે છે. બાલ્યકાળમાં પડેલી ભયની છાપને દેખીતી રીતે ભય ઉપજાવે તેવી વાર્તા એવી ને એવી સજીવન કરે છે; તેની આ વાર્તા ખાતરી આપે છે. આપણી મોટી ઉંમરની બધી બીકો નાનપણમાં લાગેલી બીકો માત્ર છે. જે નાનપણમાં કદી બીધો નથી કે જેને કદી બ્હીવડાવ્યો નથી તે મોટી ઉંમરે બ્હીતો નથી. મોટી ઉંમરે બુદ્ધિનો પ્રદેશ ખીલેલો હોવાથી તે ઉંમરે માણસ બ્હીવાનું શીખતો નથી. અજ્ઞાન અને બુદ્ધિના ઓછા વિકાસને કાળે જ બ્હીવાનું શીખાય છે. અને એક વાર બીકની છાપ પડી તે બુદ્ધિ વિકસ્યા છતાં, અનુભવ વધ્યા છતાં, બહાદુ-

રીનાં અનેક પરાક્રમો કરવાની શક્તિ આવ્યા છતાં, અને બહાદુરી સાચે જ કર્યા છતાં બ્હીવાનું ચાલુ જ રહે છે. લગભગ બધા જ માણસો બ્હીએ છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી, કારણ કે નાનપણમાં તેઓ બીધેલા હોય છે.

× × ×

આપણે પ્રયત્ન કરી જોઇએ કે નાનપણમાં બાળકોને ભૂતની, પ્રેતની કે એવી બીક લાગે તેવી કોઇ જાતની વાત ન કરીએ તો મોટપણે તેઓ એવી ભ્રામક બાબતોથી બ્હીશે જ નહિ. તેઓ આશ્ચર્યથી મોટી ઉંમરે તેવી વાતો સાંભળશે ખરાં, છતાં તેઓ તેમાંથી બ્હીવાનું શીખશે નહિ, તેમને બીકનાં સ્વપ્નાં નહિ આવે. સુશીલા વાજબી જ કહે છે કે મને કશાની બીક લાગતી જ નથી. હું તેને ટેકો આપીશ, કારણ કે સુશીલા-બચુની નાનપણની કેળવણીમાં મેં બીકની વાતોનો સખતાઇથી બહિષ્કાર કર્યો હતો. ટીકુ-બળુ બ્હીતાં હોય એમ દેખાય છે, અને મોટપણે બ્હીશે. તેઓ પાંચ વરસની ઉંમર વટાવી ગયાં છે એટલે બ્હીવાની તેમની કેળવણી સંપૂર્ણ થઇ છે. કારણ એમ છે કે ભલે મેં ભૂત-પ્રેતાદિકના વિષયમાં સંશોધક તરીકે પણ વાતો કરી છે પરંતુ સંશોધકનું કામ જુદું છે

અને કેળવણીકારનું જુદું છે. કેળવણીકાર સંશોધક કેમ બનવું તેની રીત મારે શોધવી જોઈ

× × ×

ઘણા માણસો એમ કહે છે કે હું બ્હીતો જ નથી; છાતી ઠોકીને એમ કહે છે કે હું બ્હીતો જ નથી; વારંવાર બોલીને એમ કહે છે કે હું બ્હીતો જ નથી. જો આપણે બીકણ લોકોની વસ્તીની ગણતરી કરવી હોય તો આવા ઉપર કહેલા લોકોને જ મૂકી દેવા. કાકાસાહેબે કહેલું કે ગુન્ડો મોટામાં મોટો ડરપોક હોય છે. ( A bully is a great coward ) એ ખરેખર માનસશાસ્ત્રાનુસાર જ ( psychological ) છે.

ચંદ્રમણિ કહે છે: " જાઓ, ગભરાયા વિના જાઓ. હું રાત્રે એ સભામાં જરૂર હાજર રહેવાનો છું, અને હથિયારની કશી જરૂર નથી." પેલાઓ ગયા પછી ચંદ્રમણિ તેની દીકરી નિર્મળાને કહે છે: "પેલી મારી લાકડી ક્યાં છે?" મિત્ર ટહુકો કરે છે: "કેમ, ચાલશો ના?" ચંદ્રમણિ જવાબ આપે છે: " જોઉં છું. આ નટવર ઊંઘતો નથી તે ઊંઘાડીને નીકળીશ. તમે જાઓ, હું આ આવ્યો." ત્ર જાય છે. ચંદ્રમણિને તેની સ્ત્રી કહે છે: " તમારે ં હોય તો જાઓ; હું નટુને રાખીશ." ચંદ્ર-

મણિ ખાટલામાં આડું પડખું કરી થાકીને કહે છેઃ " હવે કાંઇ જવાની જરૂર નથી. ત્યાં હવે શરૂ થઇ ગયું હશે." ચંદ્રમણિનાં પત્ની ચંદ્રમણિને ચીડવે છેઃ " ઘરમાં ડાંખરા! ત્યાં સભામાં મારામારી થવાની છે, ત્યારે તમે તો અહીં સૂતા છો!"

સ્વાભિમાન અને બીક વચ્ચે રસ્તો કાઢતા ચંદ્રમણિ માળીની નાતમાં ભજનમંડળી બેઠી હતી ત્યાં પહોંચી જાય છે; મારામારીવાળી સભામાં નહિ. ત્યાં જઇને કહે છેઃ " લ્યો, મેં તમને વચન આપ્યું હતુંને કે ભાષણ કરી જઇશ, તેથી આજે કામ નહોતું એટલે આવ્યો છું. ઠીક બધા ભેગા છો." ચંદ્રમણિએ ઘણા જોરથી ભાષણ કર્યું અને નિર્ભયતાનો મહિમા સમજાવ્યો. ભાષણ બહુ ફતેહમંદ થયું હતું.

સવારે પાડોશીએ પૂછ્યું: " સભામાં કેમ ન આવ્યા?" ચંદ્રમણિએ જવાબ આપ્યોઃ " અરે ભાઇ! પેલા માળીઓને વચન આપ્યું હતું એટલે ત્યાં જવું પડ્યું."

A great coward is a great bully.

× × ×

લખાવતાં લખાવતાં મારા મિત્ર કહેઃ " લેખ

બહુ લાંબો તો નથી થતો ના ?" મેં કહ્યું: "ના, ના." મારા મિત્રના મનમાં સાંજ પડતી હતી અને ઉઠવું હતું તેથી ચાર પાનાનો લેખ લાંબો લાગતો હતો. હું ચાર મહિનાની માંદગી પછી લખાવવાની ખુશાલીમાં હતો એટલે ચાળીશ પાનાં લખાવ્યા પછી પણ નાનો કહેત. ( લંબાઇ ટૂંકાઇનો આધાર મનની સ્થિતિ ઉપર છે.) Length and shortness seem to be subjectively related ) કદાચ મારા મિત્ર કહેશેઃ "મારો હેતુ જુદો હતો." એમ બની શકે. એના બધા હેતુઓની કલ્પના કરૂં તો એક પછી એક આ હેતુઓ કહી શકું. પોતે 'વડલો' નામનું માસિક ચલાવવા માગે છે તે માટે કદાચ આ લેખ લાંબો થઇ જવાની ભીતિ લાગી હોય. તેઓ મારી 'હાલતાં ચાલતાં' ની આગલી શૈલી જાણે છે એટલે અત્યારની શૈલી જરા લાંબીલચક લાગી હોય. વાત ખરી છે કે ઘણા વખતથી આ રીતે લખવાની ટેવ છૂટી ગઇ હતી એટલે જૂની ઢબનું લખાણ હાથ બેઠું નથી. મારા મિત્ર સાચા હોય તો પણ એના વિચારની પાછળ એ હતું કે આગળ જતાં એમને પુસ્તક કરવું છે તેમાં જો શૈલીભેદ થાય તો રસ ઓછો આવે. અને મારે તેમનું કહેવું

કબૂલ ન કરવું હોય તો હું કહું કે શૈલીભેદ એ જ રસ છે, અને માટે જ મેં લાંબી શૈલીનો ઉપયોગ કર્યો છે. મહાત ન થવું હોય તો આવો તર્કવાદ ( rationalization ) માણસ કરે, પણ તે લાંબો વખત ટકે નહિ.

× × ×

પણ આપણે આડા ફંટાયા. આપણે મૂળ તો સુશીલા નથી બ્હીતી તેનું કારણ શોધતા હતા.

નિર્ભયતાની કેળવણીથી તે નથી બ્હીતી એ વાત જેટલી સાચી છે, તેટલી જ રાત્રે અંધારે જતાં કે પ્રાઇમસ સળગાવતાં બ્હીતી નથી તેનું કારણ અજ્ઞાન છે તે છે.

વીલેપારલેમાં દરજીની સ્ત્રી કૂવામાં પડી અને દામુભાઈ તથા વનુભાઇ એક પછી એક ધબોધબ કૂદી પડ્યા ત્યારે તેઓ બ્હીતા હતા એમ કહેવાય નહિ પણ તેમની નિર્ભયતા અજ્ઞાનને લીધે હતી. દામુએ અંદર ગયા પછી જાણ્યું કે કૂવામાં પડેલી એક સ્ત્રીના મુડદાને કાઢવું કેટલું ભયંકર છે, અને પોતે પોતાની જાતને કેટલી જોખમમાં મૂકી છે, ત્યારે તે ઢીલો પડી ગયો અને બહારથી કોઇ દોરડું નાખી ખેંચી કાઢનાર ન હોત તો તે શિથિલ ( nervous ) થઇ સારો તરિયો છતાં ડૂબી જાત.

અજ્ઞાનની નિર્ભયતા બીકણની બીક કરતાં વધારે ભયંકર છે.

સુશીલા કશાથી બ્હીતી નહોતી. એક દિવસ બાકસ સળગાવતાં આખું બાકસ સળગ્યું અને તેની આંગળીઓ દાઝી ગઇ. અજ્ઞાનની નિર્ભયતા ટળી ગઇ અને સજ્ઞાનની બીક તેનામાં પેઠી. મને થયું કે એ સારૂં થયું. માણસે બ્હીવું જોઇએ.

કમળાબેન ઉઘાડે પગે અરધીં રાતે ડોલરનાં ફૂલ વીણવા જાય છે. તે કહે છેઃ "હું કશાથી બ્હીતી નથી." ડોલર પાસે, બેઠેલા સાપને દેખશે કે પાંદડાં ઉપરથી વીંછી કરડશે એટલે લાકડી અને બત્તી લઇને ડોલર લેવા જવાનું માંડી જ વાળશે. અજ્ઞાનથી નિર્ભય લોકો જ્ઞાન થતાં બીજે છેડે જાય છે, અને બમણા બીકણ થાય છે.

જ્ઞાનથી બીકણ બનેલો દામુ હવે સારો નિર્ભય થશે; હવે તે દોરડું નાખીને જ દરજીની સ્ત્રીને કાઢવા પડશે.

બ્હીવું એ પ્રેરણા છે, અને તે જીવનસંરક્ષણ માટે છે. સિંહને જોઇને ગાય ભાગી જાય છે તેમાં તે બીકણ નથી; તેણે ભાગવું જ જોઇએ. બિલાડી જોઇને જો તે ભાગે તો તે બીકણ છે. સામે આવતી મોટરની સામે ખસ્યા વિના, હું ઉભો રહું તો હું

નિર્ભય નથી પણ મૂરખો છું. અગર મને મારી જીંદગીની કિંમત નથી, અથવા તો હું આત્મઘાત કરવા માગું છું. અને આત્મઘાતી નિર્ભય છે એમ કેમ કહેવાય? પણ જ્યારે હું દોડતી મોટરના માર્ગમાંથી ખસી જાઉં અને મારી જાતને બચાવું ત્યારે હું બીકણ નથી. તેમ જ બે મોટર વચ્ચે આવી જતા એક માણસને બચાવવા હું મારા જીવને જોખમમાં નાખું ત્યારે પણ હું બીકણ નથી.

જીંદગીને જોખમમાં નાખવી એ હમેશાં નિર્ભયતાનું લક્ષણ નથી; જીંદગીને બચાવવી એ હમેશાં બીકણનું લક્ષણ નથી.

× × ×

આપણે બ્હીતાં શીખવું જોઇએ અને બાળકને તે શીખવવું જોઇએ. બ્હીવું એટલે ગભરાવું, ભયભીત થવું એમ નહિ; બ્હીવું એટલે સંભાળ રાખતાં શીખવું; સમયસૂચક અને સાવધાન રહેતાં શીખવું; ખોટી રીતે ડરી જતાં ન શીખવું; વગર સમજે બ્હી મરતાં ન શીખવું; માત્ર અજ્ઞાનથી કે વહેમથી ગભરાઇ જતાં ન શીખવું.

અમારા ગામનો એક સિપાઇ સ્મશાન પાસેથી રોન મારતો હતો. માણસના સાંચળથી એક ગીધ ઉડ્યું અને અંધારી રાતે અજ્ઞાનને લીધે તે ફાટી

પડ્યો ! તેને કોઇએ કહેલું કે સ્મશાનમાં ભૂત થાય છે. ખરી રીતે એ સ્મશાનમાં કોઇ ભુત થતું જ નહોતું.

ન બ્હીવાના શિક્ષણમાં પ્રથમ વસ્તુ ન બ્હીવડાવવાની છે. અર્થાત્ નાની ઉંમરમાં વહેમો અને ભયભરેલી વાતો બાળકોને કહેવી ન જોઇએ. કહેવી નહિ એટલે કહેવી જ નહિ; કોઇ પાસેથી સાંભળવા દેવી જ નહિ; તેવી ચોપડીઓ હાથમાં આવવા દેવી જ નહિ; તેવાં ચિત્રો, તેવા સિનેમા, તેવા બધા પ્રસંગો અને ખાસ કરી આવી વાતોમાં રસ લેનારા નવરા ગપાટિયાઓથી તેમને દૂર રાખવાં.

હડકાયું કૂતરૂં, સાપ, વાઘ, દીપડો, ચોર એવું એવું સાંભળતાં જ બાળકો અને મોટાંઓ ડરી જાય છે. તે બધાં નુકસાનકારક છે; ઘણી વાર જાનને હાનિકારક પણ છે. તેમનો સામનો કેમ કરવો તે આપણે બાળકોને શીખવવાનું છે. અર્થાત્ તે કેટલાં ભયંકર છે, કેવી રીતે તેમનાથી દૂર રહેવાય, ઉપર આવી પડે તો કેમ બચાય, એ વાત બાળકોને કહેવાની છે. એમાં નિર્ભયતાની કેળવણી છે.

શાનાથી ડરવું કે ચેતતા ચાલવું તે બાળકોને બરાબર જણાવવું; તેનાં કારણો શાં છે તે સમજાવવાં, અને ઉગરવાનો રસ્તો બતાવવો. જેનાં

કારણો ન હોય, તેથી જે કાર્ય જ ન હોય, અને તેથી જેમાંથી બચવાનો ન બચવાનો સવાલ જ ન હોય, તેવી વસ્તુઓ બાળકો પાસે લાવવી જ નહિ; અને આવે તો બુદ્ધિવાદથી તેની હયાતી નથી તેમ સમજાવવું.

હમણાં જ મેં એક વાર્તા વાંચી. તે ભૂતિયા ઘરની હતી. એક ભૂતિયા ઘરમાં ભૂત થતાં હતાં અને કોઇ તેમાં એક રાત સુદ્ધાં રહી શકતું નહોતું. એક હિંમતબાજ માણસ તેના નોકર અને કૂતરા સાથે તેમાં રહેવા ગયો. તેણે પોતે કરેલા અનુભવો જેમ જેમ હું વાંચતો જતો હતો તેમ તેમ મારાં રોમાંચ ખડાં થતાં હતાં; અને રાત્રે સૂતી વખતે હું પણ તે દેખાવોથી ફરી વાર રોમાંચિત થતો હતો.

પેલો બહાદુર માણસ હથિયાર રાખી રાત આખી ત્યાં બેઠો. એવાં ભયંકર દૃશ્યો તેની નજરે પડ્યાં ( અત્યારે આ લખાવતાં પણ રોમાંચ અનુભવું છું ) કે તેનો નોકર ભયભીત થઇ નાસી ગયો, અને લગભગ ગાંડા જેવો થઇ ગયો; તેના બીધેલા કૂતરાને તો ભૂતોએ મારી જ નાખેલો. ભૂતિયા ઓરડામાં આ નિર્ભય માણસે ખુરશીઓને પોતાની મેળે ચાલતી જોઇ; ચડતાં ઉતરતાં માણસોનાં

પગલાં સાંભળ્યાં. બાળકને દીઠા વિના બાળકનાં પગલાં ધૂળ ઉપર પડતાં નજરોનજર ભાળ્યાં; માણસ કે હાથ દેખાયા વિના તેના ટેબલ ઉપરથી ઘડિયાળ ઉપડી ગયું તે તેણે જોયું; અને ઘાયલ થયેલા મડદા જેવી, સાપની જેવી આંખોવાળી વ્યક્તિઓને તેણે જોઇ. ખુરશીમાંથી તે ન ઉઠી શકે તેટલો પોતે વાતાવરણના અસરથી દબાઇ ગયો હતો–તેનું શરીર પરાધીન બન્યું હતું. છતાં તે હાથમાં છરો અને રિવોલ્વર લઇને આ બધું શું ચાલે છે તેનો અભ્યાસ કરતો હતો, અને જરા પણ ચિંતા કે ભય વિના વચ્ચે વચ્ચે 'મેકૉલે' વાંચતો હતો. દીવા ઓલવાઇ ગયા, તાપવાની સગડી ઓલવાઇ ગઇ, ભયંકર અંધારૂં થઇ ગયું; અને એ અંધારામાં સામાન્ય માણસ-બીકણ માણસ ફાટી પડે તેવું તેને દેખાયું. છતાં તેણે અભ્યાસ જ કર્યા કર્યો અને કંઇ પણ ઇજા પામ્યા વિના ભયંકર ઘરમાં રાત આખી રહ્યો અને જીવતો બહાર આવ્યો.

આનું કારણ તેણે નક્કી કર્યું હતું કે જો હું બ્હીશ તો મરીશ. આવો સંકલ્પ કરવાની પાછળ તેની નિર્મળ અને વૈજ્ઞાનિક બુદ્ધિ હતી. તેની દલીલ હતી કે કોઇ પણ હિલચાલ અને કૃતિની પાછળ કોઇ પણ એજન્સી હોવી જોઇએ. એટલે

અહીં જે બધું દેખાય છે તેની પાછળ કોઇ પણ એજન્સી હોવી જોઇએ: અને તે દૈવી નહિ પરંતુ માનુષી. બુદ્ધિની આ દૃઢ માન્યતા ઉપર તે આ બધું જોઇને ખમી શક્યો; ન બ્હીધો. આખરે તેણે આ એજન્સી કઇ છે તે શોધી કાઢી. એની પાછળ યોગબળવાળો દુષ્ટ બુદ્ધિનો એક માણસ હતો.

અસાધારણ ભયંકર દશ્યોથી તે મરી જ ગયો હોત, જો તેની બુદ્ધિ બરાબર વૈજ્ઞાનિક ન હોત તો.

ઇંદ્રિયોથી જે અનુભવાય નહિ એમાં કશું ન માનવાની, અને જે કાંઇ ઇંદ્રિયોથી અનુભવાય તેની પાછળ માનવી શક્તિ હોવી જોઇએ એમ માનવાની કેળવણીમાં નિર્ભયતાની કેળવણી છે. આવી જાતની નિર્ભયતાની કેળવણી ઇંદ્રિયાતીત અનુભવોના વિષયમાં પણ નિર્ભય થવાનો માર્ગ ઉઘાડે છે.

× × ×

દાસુ મને પૂછે છે: "આનો શો ખુલાસો ? હું અંધારામાં એકલો ક્યાંઇ જાઉં છું તો બ્હીતો નથી; અને બત્તી લઇને જાઉં છું ત્યારે બત્તીથી જેટલા ભાગમાં અજવાળું પડે છે તેટલા ભાગમાં બ્હીતો નથી, ને અંધારાના ભાગમાં બ્હીઉં છું. તેનું કારણ શું ?"

બચુ કહે છેઃ "મારૂં તેથી ઉલટું છે. બત્તી લઇને જાઉં તો હું બ્હીતો નથી અને તે વિના હું બ્હીઉં છું."

મને લાગે છે કે બન્નેનો અનુભવ સાચો છે. દામુની ભાષામાં બોલું તો (દામું સાચું પૃથક્કરણ કરી શકતો લાગે છે કારણ કે તે બહુ ભણેલો નથી અને માનસશાસ્ત્રની પરિભાષાથી ગૂંગળાયેલો નથી.) "હું એટલા માટે નથી બ્હીતો કે બત્તી હોય છે ત્યારે મને એમ થાય છે કે જેટલા ભાગમાં અજવાળું છે તેટલા ભાગમાં તો કાંઇ બીક જેવું નથી; અને તેની સાથે જ મને એમ થાય છે કે હવે જ્યાં અંધારૂં છે ત્યાંથી કોઇક આવશે. પણ જ્યારે બત્તી વિના જ નીકળું છું ત્યારે સર્વત્ર અંધારૂં હોઇ ક્યાંઇથી બીક લાગતી નથી, કારણ કે બધે ઠેકાણે મને સરખું લાગે છે; અને નજીકના અંધારામાં કાંઈ નથી તેમ દૂરના અંધારામાં પણ કાંઇ નહિ હોય એમ માનું છું."

આ માનસિક વ્યાપાર (Phenomena) અટપટો લાગે છે. પણ તેને વિચારી શકીએ. દામુને નાનપણથી અંધારામાં જવાની ટેવ છે એટલે તેની સામે અંધારામાં નિર્ભયતા છે. કેળવણીથી શીખ્યો છે કે બત્તીથી સુરક્ષિતતા છે ત્યારથી તે

અજવાળા સિવાયના બધા ભાગમાં બ્હીએ છે. જ્યાં સુધી અજ્ઞાન હતું ત્યાં સુધી અંધારાનો ભય નહોતો; પણ જરાક પ્રકાશ પડ્યો કે તરત જ અંધારૂં જુદું પડ્યું અને અજ્ઞાનનો ભય લાગ્યો. પ્રકાશ અધૂરો હોવાથી જ અંધારામાં બીક દેખાઇ. નિર્ભયતા કાં તો પૂર્ણ અંધારામાં એટલે અજ્ઞાનમાં છે, કાં તો પૂર્ણ પ્રકાશમાં એટલે જ્ઞાનમાં છે; જો કે બંનેની કિંમત જુદી જ છે.

હવે બચુની વાત. બચુ કેળવણીથી શીખ્યો છે કે અજવાળું લઇને જઇએ એટલે જે હોય તે દેખાય. તેની નિર્ભયતા જ્ઞાન ઉપર છે. બત્તીના પ્રકાશમાં ભય નથી એવી ખાતરી છે, તેથી અંધારામાં પણ જશે ત્યારે ત્યાં બ્હીવાનું નહિ રહે એવી તેની ખાતરી છે. આ બચુના નિર્ભય માનસનું પૃથક્કરણ છે.

બચુ બત્તી એટલા માટે લે છે કે જો કોઇ બ્હીવા જેવું હોય તે અજવાળું લઇને જઇએ તો જાણી શકાય. અર્થાત્ જેનાથી બ્હીવું જોઇએ અથવા સંભાળ લેવી જોઇએ તે પ્રકાશથી જાણી શકાશે ને ઉપાય લઈ શકાશે, તે માન્યતામાં તેની નિર્ભયતા છે. અને તેની અંધારાની બીક બત્તીથી એટલા જ માટે દૂર થાય છે, દામુ કલ્પે છે તેમ

અંધારામાં ભય જ છે અને તેમાંથી કાંઈક નીકળશે, તેવી માન્યતાથી બચ્ચુ ચાલતો નથી કારણ કે તેને અંધારાની બીક લગાડી નથી પણ અજવાળાનો ઉપયોગ બતાવવામાં આવ્યો છે; જ્યારે દામુ ટેવથી અંધારામાં ન બ્હીતાં, અને વાતો સાંભળીને ગમે ત્યાં બ્હીતાં શીખેલો છે.

× × ×

મારે એક બીજો સર્વસામાન્ય અનુભવ નોંધવો છે. એ વિષે હું ચર્ચા નહિ કરૂં, પણ ચર્ચા કરવાનું આમંત્રીશ.

જે ઓરડામાં આપણે સૂઈએ છીએ તે ઓરડા સિવાયના બીજા બધા ઓરડા આપણે બંધ શા માટે કરીએ છીએ ? સૂતી વખતે આપણા ઓરડામાં પ્રકાશ શા માટે રાખીએ છીએ ? જે ઓરડા વાપરતા નથી તે ઓરડામાં બત્તી લીધા વિના જતાં કેમ બીક લાગે છે ? ગઈ કાલે જે ઓરડામાં સૂતા હતા તે જ ઓરડામાં અંધારૂં છે માટે આપણને જતાં સંકોચ કેમ થાય છે ?

શું અંધારૂં એ સ્વાભાવિક (instinctive) ભય છે ?

× × ×

બીક વિષે આટલું બધું લાંબું લખ્યું તેનું

કારણ શું ? હું મારામાં રહેલી બીકને પોતાના-માંથી કાઢી નાખવાનો પ્રયોગ તો નથી કરતો ? મને એ જ સાચું લાગે છે. હજી સુધી હું બ્હી શકું છું એ વાત સાબીત થઇ છે. સર કોનન ડોઇલનું 'Hounds of the Baskerville' મેં હમણાં જ વાંચ્યું અને બે રાત Hounds (કૂતરાઓ)ના દેખાવો કલ્પનામાં આવી જાણે કે મને ઝઝકાવતા હતા. હું બુદ્ધિથી ડરતો નહોતો છતાં વોટ્સન જેમ ઝઝકતો હતો. ખરો નીડર હું શેરલોક હોમ્સને ગણું. ઉપરની વાર્તા પોતાને નિર્ભય માનતા લોકોએ જરા વાંચી જવા જેવી છે. 'એહ, એમાં શું ?' એમ કરી વાંચવાની ના પાડનાર માણસ પોતે બીકણ છે એમ સમજી જ લે. પણ આ વાત હવે બંધ રાખશું. મારો હેતુ સરી ગયો છે. દરેક લખાણ આત્મલક્ષી જ હોય છે. હું લખું છું તે બીજાને વંચાવવા માટે લખું છું, એ તો પછીનો અને પરલક્ષી વિચાર છે.

× × ×

ઘણી વાર ચશ્માં ઉતારીને મોઢું ધોયા પછી મેં જ ઉતારેલાં ચશ્માં મને હાથ લાગતાં નથી. હું ચશ્માં મૂકેલી જગ્યાએ ભૂલી જાઉં છું, ખરૂં ? માનસ-પૃથક્કરણશાસ્ત્રીઓ કહે છે કે 'માણસ

ઇરાદાપૂર્વક ભૂલી જાય છે. ત્યારે આ ચશ્માંની જગ્યા ભૂલી જવામાં મારો કયો ઇરાદો છે? શોધું છું છતાં ભૂલી જવાનો ઇરાદો મને જડતો નથી. ચશ્માં મારે તરત જ જોઇએ તે જાણનાર હું, હાથ ન આવે તેવો ઇરાદો રાખી જ ન શકું. માનસ-પૃથક્કરણશાસ્ત્રીઓનો આ એક જ અર્થ મને માન્ય નથી.

રસ ન હોવાથી માણસ ભૂલી જાય છે. મને ચશ્માંના ઉપયોગમાં રસ હોય જ; છે જ. એટલું જ નહિ પણ જરૂરિયાત છે. અને જરૂરિયાતની પાછળ માત્ર સિદ્ધાંતથી નહિ પરંતુ સાચે જ રસ છે. અને છતાં ચશ્માં મને હાથ આવતાં નથી. સામાન્ય ભાષામાં મેં ચશ્મા કયાં મૂકયાં તે હું ભૂલી ગયો ગણાઉં.

મને લાગે છે મારો ભૂલી જવાનો આ વ્યાપાર મારાં ચશ્માંને સુરક્ષિતપણે રાખવાના વિચારમાં છે. હું એને એટલી બધી સંભાળથી અને એવી ગુપ્ત જગ્યાએ, એટલે કે જ્યાં સામાન્ય રીતે બીજાની હડફેટે આવી તે તૂટીફૂટી ન જાય એવે સ્થળે રાખું છું, કે પછીથી હું ચશ્માં વિષે નિશ્ચિંત બનું છું; અને નિશ્ચિંતતાને લીધે જેને હું ભૂલી જવું કહું છું તે બને છે.

× × ×

ભૂલી જવા વિષે વળી એક બીજો અનુભવ. મને ગમતી સુંદર ચોપડી ચીમનલાલ મારી પાસે માગવા આવે છે. ચીમનલાલને હું કહું છું: "એ ચોપડી કોઇકને આપી છે પણ યાદ આવતી નથી, કોને." ઘણું સંભારવાની મહેનત કરૂં છું અને આખરે ચીમનલાલને નિરાશ કરી પાછા મોકલું છું. થોડી જ વારમાં હું બોલી ઉઠું છું: "એ હા, એ તો મેં કોઇને આપી જ નથી. હા, ચંદ્રશંકરને આપવાનો મારા મનમાં વિચાર હતો." ચીમનલાલને નિરાશ કરવા માટે મને દિલગીરી થાય છે. હું વિચાર કરૂં છું: "એમ કેમ બન્યું? વિસ્મૃતિ કેમ થઇ? જરા પ્રામાણિક બની જાતને શોધું છું. ચીમનલાલને શું મારે ચોપડી નહોતી આપવી? શું એને ચોપડી નથી આપતો? ના, એમ તો એને ચોપડી ઘણી વાર આપું છું; અને ચોપડી સામે પડી હોત તો આપત જ. ચીમનલાલ મારો મિત્ર છે. ત્યારે આમ કેમ બન્યું?" હું આંતર મનમાં જાઉં છું. મને સૂઝે છે: "હં. ચોપડી ચંદ્રશંકરને આપવાનો મારો વિચાર તો હતો, પણ ચંદ્રશંકરને ચોપડી આપી ચૂક્યો નહોતો. કદાચ ચોપડી આઠ દિવસ સુધી ચંદ્રશંકરને ન મોકલત.

પણ ચોપડી અપાઇ ગઇ છે, અને જેને આપી છે તે યાદ આવતો નથી તેમ મેં કહ્યું, કારણ કે ચંદ્રશંકરને માટે મારે ચોપડી રાખવી હતી–ચીમનલાલને બદલે. હું ચોપડી અપાઇ ગઇ છે એમ કહું અને કોઇનું નામ ન લઉં તો જ આ વાત શક્ય હતી. કારણ કે નામ લઉં તો તેવા કોઇને આપી નહોતી, અને ઘરમાં છે એમ કબૂલ કરૂં તો ચીમનલાલને માટે ચોપડી શોધવી પડે અને ચોપડી નીકળે. બે મિત્રો વચ્ચે પક્ષપાત કરવા માટે મારે 'ભૂલી જવા' ની મદદ લેવી પડી.

લખતાં લખતાં મારા મિત્ર મને પૂછે છે: "એવું ન બને કે ચીમનલાલને ચોપડી આપવાનો સાચો જ ઇરાદો હોય, અને બીજી બાજુ ચંદ્રશંકરને ચોપડી સાચોસાચ આપી હોય અને છતાં નામ યાદ ન આવે?" બનવા જોગ છે. ચંદ્રશંકરને ચોપડી પરાણે આપવી પડી હોય અને તેના ઉપર કંટાળો આવ્યો હોય તો ચંદ્રશંકરનું નામ ભૂલી જવાય અને તેને બદલે બીજા કોઇનું નામ ન હોવાથી કોને આપી છે તે યાદ નથી એમ કહેવાઈ જાય.

× × ×

ભગવાનજી મને દવા પીવાનું સંભારી દેવા

આવે છે ત્યારે હું વિચાર કરૂં છું: " હું દવા પીવાનું ભૂલી જાઉં છું માટે તેને સંભારી દેવાપણું છે. હું સાજો થવા માગું છું. દવાની જરૂર સ્વીકારૂં છું અને દવા પીવા પણ માગું છું. ન પીઉં તો ભગવાનજી પાયા વિના રહેવાના નથી તે પણ જાણું છું. મને દવા પીવી નથી ગમતી માટે હું પીવાનું ભૂલી જાઉં છું એમ નથી; દવા કડવી છે માટે દવા પીવાનું ભૂલી જાઉં છું એમ પણ નથી. અર્થાત્ દવા સામે કંટાળો છે કે દવામાં મને રસ નથી તે કારણે દવા પીવાનું હું ભૂલતો નથી. પણ નહિ પીઉં તો ભગવાનજી મને દવા પાવા આવશે જ એવી મારી ખાતરી હોવાથી હું દવા પીવાનું ભૂલી જાઉં છું. એટલે કે દવા પીવાનું મેં ભગવાનજી ઉપર છોડયું હોવાથી હું દવા પીવાનું ભૂલું છું. આપણું પોતાનું કામ આપણે પોતે કરવાનું હોય છે તે જ્યારે આપણે બીજા ઉપર વિશ્વાસથી છોડીએ છીએ, ત્યારે તે કામ કરવાનું આપણે ભૂલતા નથી, પણ બીજો તે આપણી પાસે કરાવશે એવી ખાતરી હોવાથી આપણે તે બાજુ ઉપર રાખીએ છીએ.

પણ નાનાં છોકરાંઓ દવા પીવાનું સંભારતાં જ નથી, અગર રમવામાં કે ભણુવામાં ભૂલી

જાય છે, કારણ કે તેઓને દવા પીવી ગમતી નથી. દવા ન ગમવાથી ભૂલી જવાપણું નાનાં બાળકોમાં બને છે એવો અનુભવ હોવાથી, માબાપો બાળકોને દવા પીવાનું સંભારી આપે છે; એટલે કે પોતે બાળકોને દવા પાવાનો વખત ભૂલતાં નથી.

એવું જોવામાં આવે છે કે ગળી દવા પીવાનું બાળકો ભૂલી જતાં નથી પણ વખત પહેલાં સંભારીને પીવા માગે છે. માબાપોએ આમાંથી અથવા બાલસ્વભાવના સામાન્ય જ્ઞાનમાંથી દવા સાથે ટીકડી આપવાનું કેમ ન શોધી કાઢ્યું હોય?

એવા માણસો જોવામાં આવે છે જેઓ રોગની ભયંકરતા જાણતા હોય છતાં દવા પીવાનું ભૂલી જાય છે, અને દવા પીધા વિનાના રહી જાય છે એમ કહે છે. તેઓ જાણે છે કે દવા પીવામાં ફાયદો છે; દવા પીવી એ તેમના લાભની વાત છે. છતાં તેઓ પીવાનું ભૂલી જાય છે. તેઓનો ઇરાદો દેખીતી રીતે દવા ન પીને વધારે માંદા પડવાનો તેઓએ જાહેર કરેલ નથી; છતાં દવા પીવાની વિસ્મૃતિ પાછળ તેમનો દવામાંથી રસ ઉડી ગયો છે એમ નથી, પણ સાજા થવામાંથી અર્થાત્ જીવનમાંથી રસ ઉડી ગયો છે એમ છે. એવા જ દરદીની મનોવૃત્તિની બીજી બાજુ જે એ જ મનો-

વૃત્તિ છે, તે એ છે કે તેઓ સંભારી સંભારીને વખતસર દવા પીએ છે. જીવન અને દવામાંથી રસ ઉડી ગએલો હોવાથી–દવા પીવાનું યાદ આવવાનું નથી એવી પાકી ખાતરી હોવાથી જ તેઓ કાળજીપૂર્વક સંભારીને દવા પીએ છે. કાળજીપૂર્વક સંભારવું એ ભૂલી જવાની બીજી બાજુ છે.

× × ×

જ્યારે શેઠ નોકરને ખરાવી ખરાવીને કહે છેઃ " જોજે, આવતી કાલે ફલાણાભાઇ આવે છે માટે સ્ટેશને ગયા વિના રહીશ નહિ; જો ભૂલ ન થાય; જો ચૂકતો નહિ." ત્યારે શેઠ આવનારને વિષે ઓછું મહત્ત્વ અથવા અનાદર ધરાવે છે; તેનું સ્વાગત કરવાનું ભૂલી જવા માગે છે. તેને ખાતરી છે કે તેનું અપ્રિય આગમન તેને આવતી કાલે યાદ રહેવાનું નથી; તેથી જ તે નોકરને ભાર દઇને યાદ આપવાનું કહે છે. ખરી રીતે એ પોતે પોતાને જ યાદ રાખવાનું કહે છે, સંભારી રાખવાનું કહે છે; કારણ કે તે સાંભરવું મુશ્કેલ છે; કારણ કે તે અણગમતું છે.

આપણે ખરાવીને આપેલો જ કોઇનો સંદેશો આપતાં ભૂલી જઇએ છીએ તેનાં કારણો તપાસતાં રમુજ આવે એવું છે. કાં તો સંદેશો આપ-

નાર આપણને ગમતો નથી. દામુભાઈ મુંબઈ જતી વખતે બે ડઝન સંદેશા ભાવનગરથી મેળવે છે. સ્ટેશન ઉપર જીનુ સાથે વાત કરે છેઃ "લોકો સમજતા નહિ હોય કે હું તે આ સંદેશા પહોંચાડવા ક્યાં નવરો છું? તેમાંયે વળી દેવશંકરે તો સાત સંદેશા આપ્યા છે! માણસોને સંદેશા આપવાની સમજણ ક્યારે આવશે?" કોણ માનશે કે દામુભાઈ આ સંદેશા પહોંચાડશે? મુંબઈ પહોંચતા પહેલાં સંદેશાની વિગતો પ્રામાણિકપણે તે ભૂલી જશે; એકબીજા સંદેશાના શબ્દો ગોટવાઈ જશે. અને ઘેર જઈ વનુભાઈને કહેશેઃ "પેલા મૂર્ખાએ આપેલા સદેશા ભૂલી જવાયા. લખી લીધું હોત તો સારૂં હતું."

દામુ સંદેશા ભૂલી જવા માગતો જ હતો. એનું સૂચન તેણે સ્ટેશન ઉપર જ કર્યું હતું. એનું કારણ તેને સંદેશા આપનારની સામાન્ય બુદ્ધિ ગમી નહોતી, અને તેથી તે માણસ તેને નહોતો ગમ્યો.

દામુ થોડોએક પૃથક્કરણશાસ્ત્રી છે. ઘણી વાર રમુજમાં સંદેશા મોકલનારાઓને કહી દે છેઃ "તમારે સંદેશા મોકલવા હોય તો મોકલો. હું એ ભૂલી જવા માગું છું."

× × ×

ઘણી વાર સંદેશો એવા પ્રકારનો હોય છે કે માણસને તે યાદ રાખવો પસંદ પડતો નથી. એક યુવક પોતાની કોઈ પ્રેમી યુવતીને સંદેશો મોકલે અને તે સંદેશો લઈ જનાર બીજો યુવક જો એ જ યુવતીનો ઉમેદવાર હોય, તો તે સંદેશો સહી શકતો નથી; તેને તે અપ્રિય લાગે છે, અને માટે તે ભૂલી જાય છે.

આપણને ટપાલમાં નાખવા આપેલ કાગળ આપણે ટપાલમાં નાખવાનું ભૂલી જઈએ છીએ. ઘણી વાર એટલા માટે કે જેને કાગળ રવાના કરવાનો હોય છે તે આપણને નથી ગમતો, અગર તો તેના ઉપર લખનારે કાગળ કેમ લખ્યો, અગર તો આપણને વંચાવ્યા વિના કાગળ કેમ લખ્યો, અગર તો કાગળમાં કંઈક આપણી વિરુદ્ધ હશે, આવાં કારણોથી આપણે કાગળ ટપાલમાં નાખતા નથી, એટલે કે કાગળ ખિસ્સામાં રહી જાય છે. ચાર પાંચ કે દસ દિવસ પછી આપણે કહીએ છીએ: "અરે, કાગળ ટપાલમાં નાખવો રહી ગયો!" ઘણી વાર આપણે એમ પણ કહીએ છીએ: "હવે બહુ મોડું થયું. ચાલો કાગળ ફાડી નાખીએ."

× × ×

ગઈ કાલે ચંદ્રકાંત ઉપર મુંબઈથી તાર હતો:

"Come soon. Consultation inevitable. (જલદી આવો. સલાહ અનિવાર્ય છે.)" વાંચતાં જ જે પહેલો ઉદ્‌ગાર નીકળ્યો તે આ હતોઃ "પૈસા વધારાના લાગે છે." આ શબ્દો મેં અણુધાર્યા સાંભળ્યા ન હોત તો હું આ કિસ્સાનું રહસ્ય સમજી શકત નહિ. જે વખતે આ શબ્દો ચંદ્રકાંત બોલ્યો તે વખતે તે પોતે પોતાની સાથે વાત કરતો હતો. અલબત્ત તે પોતે પોતાના મન સાથે પોતે ન સમજી શકે તેમ સ્પષ્ટ હતો એમ હું તરત જ સમજી ગયો હતો. અને મેં તો નિર્ણય કરી જ નાખ્યો હતો કે ચંદ્રકાંત મુંબઇ જવાનો નથી.

હવે દેખીતી રીતે તે પોતાની ઇચ્છા છતાં, પોતાને જરૂર લાગતી હતી છતાં, કેવી રીતે મુંબઇ ન ગયો તે જોઇએ.

પહેલાં તે મુંબઇ જવાની બધી તૈયારી કરે છે. પોતાની સ્ત્રીને કહે છેઃ "મુંબઇ જવાનું છે. ભાતું તૈયાર કરો. ગયા વિના ચાલે એમ નથી. જવું પડશે." એની સ્ત્રી માનસશાસ્ત્રી હોત તો 'જવું પડશે.' એ શબ્દો સાંભળીને તેણે ભાતું કરવાનું મોકૂફ રાખ્યું હોત.

પોતાના નોકરને ચંદ્રકાંત કહે છેઃ "જો, બિસ્તરો તૈયાર કર. જો, ભૂલ્યા વિના, આપણું

ઘડિયાળ બરાબર મેળવી રાખજે. આપણું ઘડિયાળ ઘણી વાર દગો દે છે. જો, ભૂલતો નહિ. ઘડિયાળ મેળવવાનું ખાસ ભૂલતો નહિ." નોકર કુદરતી માનસશાસ્ત્રી હતો, અને તે કુદરતી રીતે તેના શેઠનું કહેવું સમજતો અને તેનો બરાબર અમલ કરતો.

બધો વખત શેઠે ઘડિયાળ સામે નજર રાખી બધું કામ આટોપ્યું. વચ્ચે એક વાર પણ ખાતરી નહોતી કરી કે નોકરે ઘડિયાળ બરોબર મેળવ્યું છે કે નહિ. વખત થતાં તે ગાડી માટે નીકળ્યો અને ફક્ત થોડીક ક્ષણો માટે જ તે ગાડી ચૂક્યો. તે ઘણો વધારે દિલગીર થાય છે, અને ઘેર આવી કહે છેઃ "પત્યું; ચાલો તાર કરીએ કે ગાડી ચૂક્યો. હવે તો આવી નહિ શકાય. માફ કરજો." તાર કર્યા પછી નોકરને પૂછે છેઃ "અલ્યા, ઘડિયાળ મેળવી હતી કે નહિ? મેં તને ખરાવીને નહોતું કહ્યું કે ઘડિયાળ મેળવજે?"

ભાર દઈને અને ખરાવીને નોકરને કહેવાની સાથે જ તેણે ગાડી ચૂકવાનું જાણે કે નક્કી જ કરી નાખ્યું હતું. તેના નોકરના ભૂલકણાપણા વિષે તેને ખાતરી હોવાથી જ તે ગાડી ચૂકવામાં નિર્ભય હતો.

× × ×

એક વાર ચર્ચા ચાલતી હતી. સુશીલા કહે: "જે ઘરમાંથી આપણે નીકળી જઈએ છીએ તે ઘર તરફ મારાં પગલાં ભૂલથી પણ વળતાં નથી." બચુ કહે: "ગઈ કાલે જ મારી એથી ઉલટી દિશામાં ભૂલ થઈ હતી. હું ભૂલી જ ગયો કે ઘર બદલ્યું છે." આ બાબતમાં આ બન્નેમાં કેમ તફાવત છે તેનો હું વિચાર કરવા લાગ્યો. સુશીલાને પહેલું ઘર વીસરી જવાનાં કોઈ માનસશાસ્ત્રીય કારણો નથી. અલબત્ત આવાં કારણો હોઈ શકે. દાખલા તરીક જૂનું ઘર ન ગમતું, ત્યાં કોઈ અણગમતો બનાવ બનેલો હોવો, વગેરે વગેરે. બચુને તે ઘર ખાસ ગમતું હોવાનાં કારણો નથી. મારી પોતાની ટેવ જૂના ઘર તરફ કદી ભૂલથી પણ ન જવાની છે. હવે મને જૂના ઘરમાં રસ નથી માટે મારા પગ તે તરફ નથી વળતા એમ નથી; બચુને તેમાં રસ રહ્યો છે માટે તેના પગ તે તરફ વળી જાય છે એમ પણ નથી. આ કિસ્સો રસ-અરસના કારણે યાદ રહેવા કે ભૂલી જવા સંબંધેનો નથી. કદાચ તે ગતિમાન (dynamic) અને સ્થિતિનિષ્ઠ ક્રિયાશક્તિ (static will)નો છે. સુશીલાની અને મારી ક્રિયાશક્તિ સ્થિતિનિષ્ઠ છે જ્યારે બચુની ક્રિયાશક્તિ ગતિમાન છે. અમે એક

વાર સમજ્યા કે હવે પેલે ઘરે જવાનું નથી એટલે અમારી ક્રિયાશક્તિ તે તરફ વધતી જ નથી, જ્યારે બચુની તે તરફ વધે છે.

× × ×

એક મસ્તકશાસ્ત્રીએ મને કહ્યું: "તમારા મસ્તકમાં મુખાકૃતિ-સ્મૃતિ ( face-memory ) અને સ્થળ-સ્મૃતિ ( place-memory )નું સ્થાન નથી." મને મસ્તકવિદ્યામાં બહુ શ્રદ્ધા નથી, પણ તેનું આ કથન મારા પૂરતું સાચું છે. હું મોટા શહેરમાં એકદમ ભૂલો પડી જાઉં છું, કારણ કે હું જોયેલા રસ્તાઓ ભૂલી જાઉં છું. અને ચહેરાઓ તો હું એટલી હદ સુધી ભૂલી જાઉં છું કે જેઓને હું કહું છું કે હું તમને ઓળખતો નથી તેઓ અચંબાથી મારી સામે જુએ છે, અને મારૂં કહેવું ભાગ્યે જ માને છે. તેઓને એમ લાગે છે કે હું તેમને બનાવું છું, અથવા તો તેમના ચહેરા ઓળખું છું તેવું જણાવા દેવા માગતો નથી. ખરી હકીકત એમ છે કે હું મુખાકૃતિ-વિસ્મૃતિશીલ છું. મારે કારણ શોધવું જોઇએ. ઘણી વાર મને ભય લાગે છે કે પાંચ વરસ પછી મારો ભાઇ દામુ મને અકસ્માત અણધારે સ્થળે મળે તો હું એની સામે જોઇ રહું અને કહું કે

"વખતે મેં તમને ક્યાંઈક જોયા છે!" અમસ્તા એવા ક્યાંઈક જોયાના દાખલાઓ તો હરહમેશ જ કર્યા છે. આમ કેમ બનતું હશે? મને એમ બન્યા લાગે છે કે માણસના ચહેરાપૂરતો હું પરલક્ષી (objective) કરતાં આત્મલક્ષી (subjective) વધારે છું. અર્થાત્ હું તેનો ચહેરો યાદ રાખવાને જરાયે લલચાતો નથી; જ્યારે તેની સાથે થયેલી વાત, વાતનું સ્થળ, વાતની ઝીણી વિગતો હું નથી ભૂલતો. ભૂલાઈ જવાયેલા ચહેરાવાળો માણસ એક વાર ઓળખાયો પછી તેના સંબંધે હું બધું કહી શકું છું. કદાચ દુનિયા તરફ જોવામાં મારી દૃષ્ટિ દાર્શનિક કિંમત (face-value) લેવા કરતાં આંતરિક કિંમત (inner-value) લેવાની વધારે હોય. હા, એમ હું કહી શકું કે જો મને મારા કામમાં આગળ વધવા માટે ચહેરાઓ યાદ રાખવાની જરૂર હોત તો ચોક્કસ મને ચહેરાઓ યાદ રહેત. અર્થાત્ જો હું ધંધાદારી વેપારી, કે રાજકારણી, કે ચિત્રકાર કે એવો માણસ હોત તો જુદું બનત. પણ હું શિક્ષક છું અને મારે છોકરાંઓના ચહેરાઓ કરતાં તેમનાં ભેજાંઓ સાથે વધારે સંબંધ છે. ભણાવતી વખતે હું તેમનાં ભેજાંઓ સામે જોઉં છું, નહિ કે તેમના ચહેરાઓ

સામે: ચહેરાઓ અને સ્મૃતિ-વિસ્મૃતિ સંબંધે હું આટલું વિચારી શકું છું.

× × ×

ચહેરાઓ સાથે જ નામ ભૂલી જવાનું પણ બની આવે છે. વાત સાચી છે કે જેનું નામ તમને નથી ગમતું તે તમે ભૂલી જાઓ છો. મારો અનુભવ છે કે 'પ'થી શરૂ થતા નામવાળો માણસ મને નથી ગમતો; જેમ કે પ્રાણજીવન. એટલે મને પ્રાણજીવન નામ સહેજે યાદ આવતું નથી એટલું જ નહિ, પરંતુ પ્રાણશંકર, પ્રાણકુંવર, પ્રાણલાલ એ નામો પણ યાદ નથી આવતાં. પત્રોનાં સરનામાં કરતી વખતે હું કહું છું: "હૈયે છે પણ હોઠે કેમ નથી આવતું?" ખરી રીતે તે હૈયે નથી માટે હોઠે નથી આવતું. જે નામના માણસ સાથે તમારે કજિયો હોય એ નામેરી બધાં માણસો ઘણી વાર તમને નથી ગમતાં, અને તેનાં નામો યાદ રહેવાં મુશ્કેલ બને છે. એક ચહેરો ન ગમે તેથી બીજા પાંચ પચીશ ચહેરાઓ ન ગમે તેવું નથી બનતું, કારણ કે ચહેરાઓ એટલા બધા સરખા નથી હોતા. પણ એક નામના ઘણા માણસો હોય છે તેથી વિચારસાહચર્ય (law of association) ને લીધે તે નામો ઉપર અસર થાય છે.

આજ સવારનો એક અદ્ભુત દાખલો નામ-વિસ્મૃતિ સંબંધેનો આપું. મારી વિદ્યાર્થિની લક્ષ્મીના પતિનું નામ મારે જોઇતું હતું. હું તેના પતિની સાથે વારંવાર પત્રવહેવાર કરૂં છું; મને તે મળેલ છે; અમારે પરસ્પર સદ્ભાવ છે. અને છતાં તે નામ કેમે કરી મને યાદ આવતું નહોતું. છેવટે મેં ઑફિસમાંથી સરનામાની ચોપડી મંગાવી. પણ કક્કાવારીમાં કયા અક્ષરમાં જોવું તેની મૂંઝવણમાં પડ્યો. આખરે 'ક'થી પાનાં ફેરવવા માંડ્યો અને 'દ'માં દેવકૃષ્ણ નામ જડ્યું. હું વિચારમાં પડ્યો: "દેવકૃષ્ણ નામ સહેલું છે, હમેશ વપરાશનું છે, અને હું કેમ ભૂલ્યો?" બહુ વિચાર કરતાં જડી આવ્યું કે મારા બાપા અમારા ગામના ભાનુશંકરને ધિક્કારતા, અને ભાનુશંકરના ભાઇનું નામ દેવકૃષ્ણ હતું. અમે નાના હતા ત્યારે નદીએ નહાવા જતા, અને જ્યારે દેવકૃષ્ણને નદીમાં ઉભા ઉભા સૂર્યની સામે અર્ઘ્ય આપતો જોતા ત્યારે બાપના માનસની સાથે જોડાઇને મનમાં ખીજાતા.. "હં...પેલો દેવકૃષ્ણ! ભાનુશંકરનો ભાઇ." માનસિક પ્રદેશનાં કાર્યો અદ્ભુત છે! ક્યાં ભાનુશંકરનો ભાઇ દેવકૃષ્ણ અને ક્યાં લક્ષ્મીનો પતિ દેવકૃષ્ણ? ઘણેભાગે તિરસ્કાર કે ઘૃણાને કારણે આપણે

નામો ભૂલી જઇએ છીએ. ( We forget the names, bacause of hate. )

પણ વિદ્યાર્થીઓને નદી ઉપરનાં ગામોનાં નામો યાદ નથી રહેતાં એમાં નદીની સામે વાંધો નથી પણ ભૂગોળના વિષયની સામે વાંધો છે. વિદ્યાર્થીઓને ભૂગોળ ભણવી ગમતી ન હોય અને છતાં ભણે જ છૂટકો હોય તો એનો તિરસ્કાર ગામનાં નામો સામે અથડાય છે. એમ પણ બને છે કે ભણાવનાર માસ્તર ગમતો ન હોય તેને લીધે ભૂગોળ યાદ ન રહે. માસ્તરને મનમાં બે ગાળો દેવાથી વધારે કાંઇ બની શકે નહિ, એટલે બધો રોષ ભૂગોળ ઉપર જ ઉતરે.

× × ×

પાઠ યાદ ન રહેવાનાં કેટલાંયે કારણો છે. પોતાને વિષયમાં રસ ન હોવાનું કારણ બહુ પ્રસિદ્ધ છે. બીજાં પણ કારણો છે. વિષયમાં રસ હોય છતાં માસ્તર ગમતો ન હોય તો વિષય યાદ નથી રહેતો. એક છોકરીને એના બાપે પૂછ્યું: " તને સંગીતની એક પણ ચીજ કેમ યાદ નથી રહેતી ? તારા શિક્ષક તને ભણાવતા નથી ? " છોકરીએ કહેલું: " મારા માસ્તરનું મોઢું ચીબરી જેવું છે.

મને તે નથી ગમતા." અહીં શિક્ષક નથી ગમતો માટે વિષય ન ગમ્યો એમ બન્યું.

માસ્તર ઓળખીતો હોય છે તે જ કારણે ઘણી વાર યાદ રહે છે. ટ્યૂશન આપનાર માસ્તર ટ્યૂશન આપવાથી પાઠો યાદ રખાવતો હોય તેના કરતાં તેની સાથેની ઓળખાણને લીધે છોકરાંઓને પાઠો યાદ રહેતા હોય એ વિચારવા જેવું નથી? ટ્યૂશન આપનાર શિક્ષકો છોકરાંઓને બહુ ભણાવતા હોય એમ નથી લાગતું.

પરાણે નિશાળે મોકલેલ છોકરાનો પરાણેપણાને કારણે તે દિવસના પાઠો સ્મૃતિમાં રહેતા નથી. વિના કારણે શિક્ષક જેના ઉપર ગુસ્સે થઈ ગયો હોય તેવા છોકરાઓને પણ તેના પાઠો યાદ રહેતા નથી. પોતાને નહિ પણ બીજાને શિક્ષક મારતો જોવામાં આવતાં શિક્ષક ઉપરથી જેનું મન ઉતરી જાય છે, અથવા જેઓ શિક્ષકથી ડરી જાય છે તેઓને પણ પાઠ યાદ રહેતા નથી. બહાર વરઘોડો જતો હોય અને વર્ગમાં શિક્ષક ભણાવતો હોય તે વચ્ચે, બહાર જવાનું મન અને શિક્ષકની નામંજૂરી આવીને ઉભાં રહે છે ત્યારે પણ સ્મૃતિ બહેરી બને છે. વિદ્યાર્થીઓને યાદ નથી રહેતું તેની પાછળ એક જ કારણ નથી કે તે

ઢોઠ છે અથવા તેની યાદદાસ્ત સારી નથી; પણ અપાતા પાઠો ભૂલી જવાનાં કે કરી લાવેલા પાઠો ભૂલી જવાનાં ઉપર જણાવ્યાં તેવાં અનેક કારણો હોય છે.

× × ×

આ વિષય ઉપર ઘણા વિચારો ઉઠે છે. પણ મારૂં મન ફરી વાર નીલ તરફ દોડે છે. હમણાં હું Dominie's Fire માંથી 'રખડુ ટોળી ભાગ બીજો' ઉતારૂં છું. વળી પાછો નીલ વિચારો હલાવે છે. એને વિષે થોડુંક કહેવાનું છે પણ જરા ધૂન (mood)માં આવીશ ત્યારે. કહે છે કે લેખકો અને કવિઓ ધૂનમાં હોય છે ત્યારે બહુ સારૂં લખે છે. કવિઓને ધૂન વધારે જોઇએ છીએ, અને હું હાલમાં કવિ નથી એટલે મને ઓછી ધૂન આવશે ત્યારે પણ ચાલશે.

આજ કાલ ધૂનને પણ ધૂનમાં રહેવાની જરૂર પડે છે. આપણા લેખો કે પુસ્તકો છપાવવાવાળા અને છાપખાનાં આપણી ધૂનની રાહ જોતાં નથી. આ યુગમાં ધૂને પણ ધંધાદારીની રીતે ઝટપટ ઉકેલતાં શીખવું જોઇએ. (Mood aught to be business-like.) નદીના ઝરણા પાસે, ઉપવનમાં કે પર્વતશિખર ઉપર એકાંત

ભવ્ય સૌંદર્યમાં તરબોળ થઇને એકાદ કાવ્ય કે લખાણ સરજવાનો જમાનો ગયો. અત્યારે તો મારતે ઘોડે જે લખાયું તે લખાયું. ધૂનને પણ હવે ઘોડા ઉપર બેસતાં શીખી જવું પડશે!

× × ×

લખવા બેઠો છું ત્યારે રાત્રિના બાર ઉપર એક વાગ્યો છે. એટલું લખતાં જ વિચાર આવે છે કે લેખનનો સમય જણાવવાની શી જરૂર હતી? શું હું મારા વાચકો ઉપર છાપ પાડવા માગું છું કે હું કેવો ઉદ્યોગી લેખક છું? શું હું એમ માનું છું કે મારા લેખની કિંમત સમય જણાવ-વાથી વધી જશે? ઘણા પત્રલેખકો પોતાના પત્રમાં સમય આપતા વાંચવામાં આવ્યા છે. એ સમય ઘણી વાર રાતના બાર પછીનો હોય છે. જુવાન લેખકો પોતાની વિરહદશા કેવી છે તે મિત્રને કે પ્રિયતમાને જણાવવા સમય આપે છે. ઘણા હોશિ-યાર લોકો પત્રની હકીકત કેટલી બધી અગત્યની યા ઉતાવળની છે કે અરધી રાતે ઉઠીને પત્ર લખવો પડ્યો છે, તે બતાવવા પણ સમય આપે છે. જ્યારે ઘણા લોકો પત્ર લખવા માટે દિવસ અથવા પહેલી રાતે સમય નથી મળતો તે બતાવવા પણ સમય આપે છે. કવિઓ વળી પોતાનાં કાવ્યસ્ફુરણો કેવી

ભિન્ન ભિન્ન ઘડીએ આવે છે તે દર્શાવવા કાવ્યનો સમય આપે છે. અલબત્ત, કવિઓની ધૂન (moods) માનસશાસ્ત્રીઓ સહેલાઇથી સમજી શકે તે માટે તો તેઓ સમય આપતા નથી જ. મારો એક અનુભવ તો છે જ કે પત્ર કે કાવ્યમાં નોંધેલો સમય ભાગ્યે જ વાંચનારના ઉપર બહુ અગર જોઇતી અસર કરે છે, અગર તેઓનું તે તરફ ધ્યાન ખેંચે છે. પણ મેં તો સમય આપી વાચકોનું ધ્યાન અલબત્ત ખેંચ્યું જ છે, કારણ કે સાથે આટલું બીજું લખાણ વાંચતાં સહેજે તેમનું ધ્યાન તેના તરફ જવું જ જોઇએ.

× × ×

નીલ ધારે છે કે વાર્તામાં બાળકોને મારામારીનું કામ બહુ ગમે છે. તેનું કારણ તેઓમાં રહેલ દબાયેલી ક્રૂરતાની વૃત્તિ (repressed sadistic tendency) છે. પ્રત્યક્ષ જીવનમાં તેને અવકાશ નથી તેથી તેઓ વાર્તામાં ખૂબ રસ લે છે, અને પ્રત્યક્ષ જીવનની ઇચ્છાને તૃપ્ત કરી તેમાંથી છૂટે છે. વાર્તા કેળવણીનું કેટલું કિંમતી સાધન છે એ નીલ જાણે છે, અને તેનો સુંદર ઉપયોગ કરે છે. કોઇ પણ રીતે બાળકોએ પોતાનામાં રહેલી વૃત્તિઓને માર્ગ આપવો તો જોઇએ. આવી હીન

વૃત્તિઓને તો વાર્તામાં જ માર્ગ મળી જાય એ જ-ઈષ્ટ છે. નીલ કહે છે કે મેં બાળકોની વૃત્તિને ગતિ આપી; પણ હું એમ કહું છું કે વાર્તામાં મારામારી કરાવી એણે પોતાની વૃત્તિને પણ ગતિ નથી આપી શું ?

નીલ બિચારો શરીરે સશક્ત નહિ હોય.! મારામારી કરવાનો તેને છેલ્લી લડાઈ દરમિયાન મોકો નહિ મળ્યો હોય. નાનપણમાં માબાપે તેને મારામારી કરતાં (એક સારા છોકરાને ઘટે તેમ) રોક્યો હશે. પરિણામે વાર્તા ઉભી કરી તેનાં પાત્રો સાથે એકરૂપ થઈ તેણે પોતાનો હેતુ પાર પાડ્યો!

જો આપણા બાલસાહિત્યના એક લેખક પોતા વિષે લખવાની મને છૂટ આપે તો હું લખી નાખું કે જે વાતો તેઓ લખે છે ને બંદુકો ફોડાવે છે તેની પાછળ દબાયેલી ક્રૂરતાપ્રિય વૃત્તિ (repressed sadism) તો નહિ હોય? અગર તો પોતાના શરીરની અશક્તિને લીધે અલ્પતાનુભવ (inferiority) થવાથી વાર્તા દ્વારા મોટા (superior) થવા તો નહિ માગતા હોય?

× × ×

જેઓએ રખડુ ટોળી (ડૉમિનીઝ ફાઇવ) નહિ વાંચ્યું હોય તેઓ આવા ટાંચણ–સંબંધોથી

ખીજાશે; ભલે. તેઓ મારા પર નથી ખીજાતા પણ પોતાના અજ્ઞાન પર ખીજાય છે.

× × ×

કોઈ કહેશે કે એક નીલનું જ ટાંચણ કેમ આવે છે? મોન્ટીસોરી કે ઍડલર કે ફ્રાઉડનું કેમ નથી આવતું? હરભાઈ કહે છે કે હું ફ્રાઉડિયન છું; હું કહું છું કે હું મોન્ટીસોરિયન છું. એટલે ફ્રાઉડ વિષે લખવાનો એમનો અધિકાર ને મોન્ટીસોરી વિષે લખવાનો મારો અધિકાર; અને ઍડલર અમારી મજિયારી મિલકત. એ વિષે અમે બન્ને લખીએ.

× × ×

ઘણા લોકો મને પૂછે છેઃ "તમે ગધેડાંને કેમ ચાહો છો? એને વિષે કેમ લખો છો? વાતમાં પણ એનો દાખલો કેમ આપો છો?"

"મારી મરજી, તમારૂં શું જાય?" એ સભ્ય જવાબ નથી એટલું જ નહિ, પણ પૂરો જવાબ પણ નથી.

મારા ઘર પછવાડે ગધેડાં બંધાતાં અને બાલ્યાવસ્થામાં મેં તે વારંવાર જોયેલાં એટલે હું તેનો પ્રેમી નથી બન્યો એમ તો હું કહી શકું. કોઈ કહી શકે કે કીટભ્રમરન્યાયે હું એમય થઈ

ગયો હોઉં, અને સર્વ કોઇ પોતાને તો ચાહે છે. એ ન્યાયે હું ગધેડાંને ચાહતો હોઉં !

હું કાયદાનું વાંચતો ત્યારે ગધેડાં ભૂંકી ભૂંકીને મને ખલેલ પાડતાં હતાં અને હું તેમને ધિક્કારતો હતો, તેથી તો હું તેમનો પ્રેમી નહિ બન્યો હોઉં ? સંભવ છે. માનસશાસ્ત્ર કહે છે કે પ્રેમના સિક્કાની બીજી બાજુ તિરસ્કાર રહેલ છે. ( Hate is the other side of love-coin. ) પણ આ જગાએ માનસશાસ્ત્ર સાથે હું મળતો નથી થતો. માનસશાસ્ત્રી મારું મન જાણે તે કરતાં હું મારું મન વધારે જાણું ના ? જો કે પોતાનું મન વધારે જાણનાર જ ઘણી વાર પોતાને વિષે થોડું જ જાણતો હોય છે; પણ તે જવા દઇએ.

મારા એક મિત્ર કહે છે કે મોટા માણસોમાં કંઇ ને કંઇ વિચિત્રતા હોય છે, એમ તમારામાં પણ આ એક વિચિત્રતા હશે. હું જો સાચે જ મોટો માણસ હોઉં તો તો આ વિચિત્રતા માટે મને આનંદ થાય, અને મારા મિત્રે કરેલી શોધ માટે હું તેને અભિનંદન આપું. પણ એ ભાઇ ઉગતા કવિ અને નાટક-લેખક મટી ઉગતા માનસશાસ્ત્રી થશે તો લોકોને ફાયદો થશે કે કેમ ?

પણ હું ગધેડાંના પ્રેમની વાત પર આવું. ભલે

હું મોટો ન હોઉં અને એ મારી વિચિત્રતા પણ ન ગણાય, પણ એ મિત્રના કહેવામાં કંઇક સત્ય હોય એમ તો લાગે છે. એક જાણીતી બાઇએ "સ્ટોરી ઑફ એ ડૉન્કી" (ગધેડાની વાર્તા) નામની એક સુંદર વાર્તા રચી છે. એ રશિયન બાઇ છે. ફ્રેન્ચ ભાષામાં લખાયેલ એ વાર્તાનું અંગ્રેજી ભાષાંતર મજાનું છે. એ બાઇમાં ગધેડાં પ્રત્યેનાં પ્રેમ, માન, સહાનુભૂતિ વગેરે બહુ દેખાય છે. જેટલી મને ગધેડાંની કદર છે એટલી જ તેને છે એમ મને લાગ્યું છે. એ બાઇ મોટી ન હોત તો (અને તે બાઇ મોટી છે જ) આ વિચિત્રતા દાખવત ખરી? વળી મોટાઓ—મોટી ઉંમરના અને પોતાને ડાહ્યા માનનારા લોકો નાનાઓ સાથે વાત કરતાં ગધેડાંનો દાખલો આપે છે, ને તેમને ગધેડાં કહી નાખે છે. અહીં પણ મોટાઓની આ વિચિત્રતા છે. આ ખોટા મોટાઓ, મોટાઓ તો ખરા જ ના? કારણ કે તેમનામાં આ વિચિત્રતા છે! મારા મિત્ર આ પ્રમાણશાસ્ત્ર સ્વીકારશે? હમણાં હમણાં એ પ્રમાણશાસ્ત્ર (logic) શબ્દ પણ પોતાની વાતચીતમાં લાવે છે. એ જવા દઇએ, પણ મૅડમ મોન્ટીસોરી તો મોટાં અને ડાહ્યાં છે ના? એ અત્યારની દુનિયાનાં એક આગેવાન કેળવણીશાસ્ત્રી છે. તે પણ

વાતમાં ગધેડાનો દાખલો આપે છે. મનુષ્યનું પતન થયું છે તે થયું છે, અને હવે તે એકલો પોતાના પ્રયત્નથી પુનઃ પોતાની સ્થિતિ પ્રાપ્ત કરી શકવાનો નથી એ વાત કરતાં તેણે આ પ્રમાણે કહ્યું હતુંઃ—

"Now let us imagine for the purposes of illustration that, by this fall, the man's nature was changed so completely that he was changed into a donkey. There will now be born many other donkeys; these may be very good *as donkeys*, but they can not by their own efforts, be changed back into men again."

" ગયા પખવાડિયે જ મેં આ વાંચ્યું. એ

"ઉદાહરણાર્થે આપણે હવે એમ કલ્પના કરીએ કે આ પતનથી મનુષ્યનો સ્વભાવ એટલો તો સંપૂર્ણ રીતે બદલાઈ ગયો હતો કે તે ગધેડો બની ગયો હતો. હવે પછી બીજા ઘણા ગધેડાઓ જન્મશે; અને ગધેડાઓ તરીકે તેઓ ગમે તેટલા ઉમદા હોવા છતાં માત્ર પોતાના જ પ્રયત્નને લીધે પાછા મનુષ્ય થઇ નહિ શકે."

એટલા માટે જણાવું છું કે મારા વાંચનારા એમ ન માને કે ગધેડા પ્રત્યેનો મારો આદર કે બધું, મેં ડૉ: મોન્ટીસોરી પાસેથી લીધું છે. એની પાસેથી મેં મોન્ટીસોરી પદ્ધતિ લીધી એટલા ખાતર હું કાંઇ એનો ગધેડો, જો મારી પાસે ન હોત તો, ન લેત. બધી બાબતમાં હું મારી સ્વયં વિચાર કરવાની શક્તિ ( originality ) કેમ ગૂમાવું ?

જુઓ ત્યારે, મૅડમ મોન્ટીસોરી મોટાં છે અને તેમની આ વિચિત્રતા છે, એટલે હવે મારા એ મિત્રના કહેવા ઉપરથી હું માનીશ કે હું પણ મોટો માણસ છું, અને મારી આ વિચિત્રતા જ હોઇ શકે. એ મિત્ર વિચિત્રતા જ કહે છે એટલા એ સાવધ છે, નહિતર એ મૂર્ખાઇ ( stupidity ) પણ કહી શકત. અને મોટો માણસ ગણાવા માટે હું એ કબૂલ પણ રાખત ! હું એકલો મૂરખ નથી એની ખાતરી હોવાથી જ હું તેનું કહેવું કબૂલ રાખત.

× × ×

અત્યારે ત્રણ વાગ્યા છે. આટલું લખ્યા પછી મને આરામ લાગે છે; મનનો અને મગજનો ભાર હળવો થયો હોય એમ લાગે છે. જો મારા લખાણને વિદ્વાનો સર્જન કહે તો (જો કે હું

તો એને સર્જન જ માનું છું, કેમ કે તે મારા ઉત્કટ મનોભાવનો અવતાર છે.) હું કહીશ કે સર્જનથી શાંતિ મળે છે એનો આ પુરાવો છે.

મને સૂઝે છે કે પ્રેમીઓ શા માટે અરધી રાતે ઉઠીને પ્રેમપત્રો લખી નાખતા હશે. ઉત્કટ મનોભાવને આવિર્ભુત કરવા જ તો!

× × ×

હું જાણું છું કે મારો સ્વભાવ વધારે બહિર્મુખ (extrovert) છે. અલબત્ત મારામાં અંતર્મુખ (introvert) વૃત્તિનાં લક્ષણો છે, પરંતુ તે બહિર્મુખ સ્વભાવમાં અંતર્ગત રહેલાં છે; એટલે જ હું હમેશ કર્મપ્રધાન છું, અને કર્મ સાથે જ મને મનન-ચિંતન કરવાનું વધારે અનુકૂળ આવે છે.

મારા એક મિત્ર કહે છે કે મને જો કોઈ ચોવીશ કલાક આરામ ખુરશીમાં બેસી વિચાર કરવાનું કહે તો તેમ કર્યા કરૂં. હું કહું છું કે ચોવીશ કલાક સુધી કામ કરતાં હું થાકું નહિ તો કામ કર્યા કરૂં. મારા મિત્ર પાકા અંતર્મુખ વૃત્તિના ગણાય અને હું બહિર્મુખ વૃત્તિનો ગણાઉં.

હું બહિર્મુખ વૃત્તિનો છું એટલે જ અત્યારે મને ઊંઘ નથી આવતી (મારા પગમાં કળતર થાય

છે માટે ) તેથી હું પડ્યો પડ્યો વિચાર્યા કરવાને બદલે લખવા બેઠો છું.

મૂરખ લોકો ઘણી વાર અંતર્મુખ વૃત્તિના માણસોને આળસુ કહે છે અને બહિર્મુખ વૃત્તિનાને ઉદ્યોગી કહે છે, તેઓ બન્ને બાબતમાં ખોટા છે. આંતર મુખ વૃત્તિના અને બહિર્મુખ વૃત્તિના બન્ને ઉદ્યોગી છે; બન્નેની કિંમત તેમના વિચાર કે કામની ઉપયોગિતા ઉપર છે.

મેં શા માટે લખવા માંડયું એનો આટલો ખુલાશો થયો. પણ આવી રીતે લખાણે લખાણે ખુલાસો આપવો પડે તો તો લેખકોની સ્થિતિ કફોડી થઇ જાય. પણ એ ખરી હકીકત છે કે હું સાચે જ કશો ખુલાસો કરવાં માગું છું? કદાચ એમ નથી કે હું આવી રીતે લખીને મારા વાચકોને ગમ્મતે ચડાવવા માગું છું? અગર તો એમ નથી કે હું એક જાતની શૈલીની વિશિષ્ટતા બતાવવા આમ લખું છું? પણ આના જવાબો આપવાનું મારા વિચારી અને વિવેકી વાચકોને સોંપી આગળ ચાલીશ. આ છેલ્લું વાક્ય પણ ગમ્મતે ચડાવવા માટેનું છે એમ ન કહેવાય?

દરેક લેખકે કે ભાષણ કરનારે કે ભણાવનારે જાણવું જોઇએ કે તેણે પોતાનું કાર્ય કેમ કરવું.

પોતાનો વાચક કે શ્રોતા કે વિદ્યાર્થીવર્ગ એકાએક પોતાનો થઇ જાય તો જ ભાષણ કે લેખ વગેરે સફળ થાય છે. સારા લેખકો અને ભાષણ કર્તાઓમાં આવી કુશળતા સહજ હોય છે.

અમે આ વિષે વાત કરતા હતા, ત્યાં કોઇએ કહ્યું: "એમ જ હોય તો આચાર્ય કિૃપલાણીએ એક વાર ઉધડા લઇ નાખે એવું સખત ભાષણ કર્યું હતું, અને ગાળથી જ જાણે કે શરૂઆત કરી હતી. વલ્લભભાઇ તો એક ઘાના બે કટકા એમ પહેલેથી તે છેક છેડા સુધી પોતાનાં ભાષણો કરે છે. એનું શું?"

મેં કહ્યું: "એ ભાઇઓ પણ લોકમાનસના જબ્બર અભ્યાસી છે. લોકમાનસને સામાન્ય માણસો પાસેથી ખુશામત ગમે છે, જ્યારે મોટા માણસો પાસેથી જોડા અને ગાલિપ્રદાન ગમે છે. એટલે જ તેઓ મોટા માણસની ગાળને હસીને સાંભળે છે, અને તે વખાણે છે. કોઇ માનસશાસ્ત્રની પરિભાષા હરઘડીએ વાપરવાનો શોખીન હોય તો તે કહી બેસે કે જે લોકોમાં અલ્પતાનુભવ ગ્રંથિ હોય છે તેવાઓ કડવાં ભાષણો પણ સાંભળી શકે છે, અને જેમનામાં મહાનુભવ ગ્રંથિ હોય તેઓ આવાં ભાષણો કરે છે."

પણ આ વિષયમાં બહુ મજા નથી એટલે જવા દઇએ.

× × ×

મારા એક મુરબ્બી મિત્રે મારા ફળિયામાં બાવળ જોઇને મને કહ્યું: "અલ્યા આ બાવળને ક્યાં ઉગાડ્યો ? એ તો શૂદ્ર ઝાડ છે. માણસમાં શૂદ્રો તેમ ઝાડમાં પણ શૂદ્રો છે. આને તે રખાય ?"

હું વિચારમાં પડ્યો. મેં સરલ ખુલાસો આપ્યો: "એ તો અમે અંત્યજપક્ષી રહ્યા એટલે અમને એવાં શૂદ્ર ઝાડો જ ગમે." તેમણે મારા તરફ અણગમો બતાવ્યો, અને મને અને બાવળને ધિક્કારતા ચાલ્યા ગયા. મને તે વખતે આપેલા ખુલાસાથી પૂરો સંતોષ ન થયો. નવરાશે વિચારો આવ્યા: "એમ નથી કે માણસ બહાર જે ધિક્કારે છે, તે પોતાનામાં રહેલા ધિક્કારવા યોગ્ય ભાગને ધિક્કારે છે ? હા, માનસશાસ્ત્ર પ્રમાણે તો એમ જ કહેવાય. ત્યારે મારા મિત્રે પોતાનામાં રહેલ શૂદ્રત્વને જ ન ધિક્કાર્યું ?" મને વિચાર આવે છે કે ત્યારે તો શાસ્ત્રોએ બનાવેલા શૂદ્રો પણ શાસ્ત્રોની તે કાળની શૂદ્રતા અર્થાત્ હલકાપણાને લીધે તો નહિ હોય ? મારા મિત્ર બ્રાહ્મણ છે (આચાર અને વિચારે). તે કરતાં (ક્રિયામાં અને વ્યવહારમાં) શૂદ્ર જેવા જ છે.

આંગણે બાવળ જોઈને મારા એક બીજા મિત્રે મને કહેલું યાદ આવે છે. "આ બાવળ બાવળોમાં સાત્વિક છે, બ્રાહ્મણ છે. તે પોતાના કાંટા પોતાની ઉપર જ રાખે છે, અને બીજા ક્ષત્રિય બાવળો પેઠે બીજાને લાગતા નથી. કેવું મજાનું ઝાડ !" તેમની આંખો તેના પર પ્રેમથી ઠરી રહી હતી. તેમણે બાવળના કેટલાયે ગુણો કહ્યા. તેઓ ગયા પછી મને પહેલો પ્રસંગ યાદ આવ્યો. વિચાર આવ્યો કે મને આગળ વિચાર સ્ફૂર્યો હતો તે બરાબર હતો. આ ભાઈમાં પોતાનામાં રહેલો સદ્ગુણ પોતે બહાર જોઈ શકયા હતા, અને પોતાનામાં ધિક્કારવાને બદલે સ્તુતિ કરવાનું હોવાથી તેમણે બહાર બાવળમાં પણ તે જ જોયું. અને સાચે જ બે ભાઈઓમાંના બીજા ભાઈ સાત્ત્વિક વૃત્તિના છે, સાચા દેશસેવી છે, સ્વાભાવિક વૃત્તિના છે અને નિર્દંભી છે.

અને બાવળ શું છે? બ્રાહ્મણ કે શૂદ્ર? મને લાગે છે કે બાવળ બાવળ છે; બ્રાહ્મણ કે શૂદ્ર એમાંથી એકેય નથી! પણ તે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રનો અરીસો છે.

× × ×

નાનાકાકાનું ઘર ચણાય છે. નાનાકાકા સદ્-ગૃહસ્થ છે અને તેણે પોતાના કૉન્ટ્રાક્ટર ઉપર

સંપૂર્ણ વિશ્વાસ મૂક્યો છે. કૉન્ટ્રાક્ટર પોતાની દૃષ્ટિએ અને મરજીએ નાનાકાકાનું ઘર બાંધે છે. આજ કાલ અમારી આજુબાજુ ચારેકોર ઘર બંધાય છે. ઘરો બાંધવાનો જાણે કે યુગ આવ્યો છે, અગર તો લોકોને તેનો વા વાયો છે!

ઘર નાનાકાકાનું છે છતાં ચંપાફોઇ ત્યાં રોજ જાય છે ને કૉન્ટ્રાક્ટરની કંઇ ને કંઇ ભૂલ શોધી લાવે છે. "ત્યાં હવાબારી મૂકવાની રહી ગઇ." "પણે લાદીની સાંધો બરાબર જડાયા નથી." "રસોડાની ચોકડીને ઢાળ જ કયાં છે?" વગેરે.

ચંપાફોઇ નાનાકાકાની બાને, બાપાને ને તેની સ્ત્રીને વાત કહે છે, અને આખા ઘરમાં એ બાબત ચોળાય છે. ઘરમાં બધાં કૉન્ટ્રાક્ટર સામે ગરમ ગરમ થાય છે; અંદર અંદર પણ એકબીજાં ગરમ નરમ થઇ જાય છે. નાનાકાકા મનમાં મૂંઝાય છે: "અરે! આ તો ઘર બાંધીને હેરાન થઇ ગયા! મારે બીજાની દખલ જોઇતી નથી અને છતાં ફઇબા શા માટે દખલ કરે છે?" નાનાકાકા તત્ત્વજ્ઞાન અને માનસશાસ્ત્રના વિશારદ છે; નવીન માનસશાસ્ત્ર પણ વાંચે છે. તે આટલી બધી લાગણી બતાવવાની પાછળનો ફઇબાનો હેતુ શોધે છે. ફઇબાના તેના પ્રત્યેના પ્રેમ અને શુભેચ્છાની તેને

શંકા છે. નાનાકાકાને સંધાન મળતું નથી. બીજે દિવસે જ ફૂઆ આવ્યા અને કૉન્ટ્રાકટર ઉપર ઉતરી પડ્યાઃ "બધું ઘર બગાડી માર્યું! મારી તો ખાતરી જ હતી કે આ કૉન્ટ્રાકટર લુચ્ચો છે."

નાનાકાકાએ પૂછ્યુંઃ "પણ તમારૂં ઘર પણ એણે જ બાંધ્યું છે ના?"

"હા. પણ જોતા નથી કરામાં મોટી તડ પડી છે? વળી પાછા પૈસા નાખશું ત્યારે રિપેર થશે!"

નાનાકાકા કહેઃ "એ તડ ક્યારે પડી?"

જવાબ મળ્યોઃ "તેર દિવસ થયા."

નાનાકાકાએ હિસાબ ગણી જોયો. બરાબર બાર દિવસ પહેલાંથી ફૂઈબાનો કૉન્ટ્રાકટર સામેનો વિરોધ ઉભો થયો હતો. ક્ષણમાં નાનાકાકા સમજી ગયા. તેણે વિચાર કર્યો કે બધું ખરાબ થયું છે એમ નથી, પણ ફૂઈબાની અને ફૂઆની નજરમાં કૉન્ટ્રાકટર ખરાબ થયો છે. નાનાકાકાને વધારે વિચાર કરવાનું ન રહ્યું.

× × ×

વાતાવરણમાં એ. એસ. નીલ વિષે વાતો બહુ ચાલે છે. કેટલાક જણામાં નીલનું ભૂત ભરાયું હોય તેમ લાગે છે. ખરી રીતે નીલ કેળવણીમાં સર્વ દેશોમાં પ્રમાણભૂત ગણાતો નથી. કેળવણીકારોની

યાદીમાં તેનું નામ ક્યાંયે નથી. કેળવણી વિષે લખનાર લેખકો પોતાના પુસ્તકને અંતે જે પુસ્તકસૂચિ આપે છે તેમાં પણ તેનું નામ નથી જડતું. યુરોપમાંના આવા અપ્રસિદ્ધ માણસનું નામ આપણે કેમ લીધા કરીએ છીએ?

વાત એમ હોવાનો સંભવ છે. નીલ અંતર્મુખ વૃત્તિનો આદમી હોવો જોઇએ. મી. જીરાલ્ડાઇન કૉસ્ટર લખે છેઃ "અંતર્મુખ વૃત્તિના માણસનું જીવનબળ અંદરની બાજુ ઢળેલું હોય છે." (An introvert is a person whose libido or life-force is turned inward.) અને એટલે જ નીલ લેખક, વિચારક અને ગૂઢાર્થી પણ છે.

નીલનું લખાણ સર્જનાત્મક નથી પણ વિવેચનાત્મક છે. શ્રીયુત અરવિંદ ઘોષ એને 'લેફ્ટ-હૅન્ડેડ માઇન્ડ' કહે છે. તેના કહેવા પ્રમાણે એવા માણસની શક્તિઓમાં વિવેચનશક્તિ આવે છે.

ચોક્કસ નીલ વિવેચનાત્મક છે, પોતાને વિષે જ તે વિવેચન કરે છે. તે પોતાને માટે વિચાર કરતો હોય તેમ લખે છે, અને પ્રત્યેક વાક્યે વિચાર-જાગૃતિ કરે છે: 'મૂંઝવતું બાળક'નાં છેલ્લાં પ્રકરણોમાં તે ગૂઢાર્થી પણ બને છે.

એક રીતે શિક્ષકો અંતર્મુખ વૃત્તિના જ હોય છે; ને વકીલો, વેપારીઓ, રાજદ્વારીઓ બધા બહિર્મુખ વૃત્તિના હોય છે. મુશ્કેલી ત્યારે આવે છે કે જ્યારે અંતર્મુખ વકીલ બને છે અને બહિર્મુખ શિક્ષક બને છે. અંતર્મુખ વકીલ અસીલને છોડાવવાને બદલે અથવા અંતર્મુખ રાજદ્વારી રાજ્યને તારવાને બદલે કેસ અગર પ્રશ્નના ન્યાય અન્યાયના ઝીણા વિચારમાં ઉતરી પડે છે, અને કેસ અને રાજ્ય ખૂએ છે. એમ જ બહિર્મુખ શિક્ષક ભણાવવાને બદલે ભણાવવાની વાતો વધારે કરે છે, અને સિદ્ધાંતને અમલમાં મૂકી જોઇ આત્મસંતોષ લેવાને બદલે તેનો પ્રચાર જ કર્યા કરે છે.

રાજદ્વારી અંતર્મુખ વૃત્તિનો હોય અને તેથી નુકસાન થાય, તેના કરતાં શિક્ષક બહિર્મુખ વૃત્તિનો હોય તો વધારે નુકસાન થાય. બધો વખત સંસ્થાની કે શાળાની વ્યવસ્થા જ માત્ર વિચારતા અને પ્રચારવાનું જ ચલવનારા સંસ્થાપકો કે શિક્ષકો બહિર્મુખ હોઈ, તેઓ સંસ્થા અને શાળાને જોખમકારક છે. તેઓ શિક્ષણસંસ્થાને રાજ બનાવી મૂકે તો ત્યાંથી સરસ્વતી વિદાય માગે!

ઘણા લોકોએ ચેતવા જેવું તો છે જ.

× × ×

અને હવે હું નીલ જેમ આત્મવિચારણા કરૂં. હું અંતર્મુખ વૃત્તિનો કે બહિર્મુખ વૃત્તિનો ? હું પ્રામાણિકપણે વિચારૂં છું તો લાગે છે કે હું બન્ને છું. બાલમંદિરના ચાલુ કામે હું અંતર્મુખ રહું છું, પ્રકાશનમંદિર અને શિક્ષણ પત્રિકાનો પ્રચાર કરવા માટે જે ધમાલ કરૂં છું તેમાં હું બહિર્મુખ છું; અને તેથી મને લાગે છે કે હું સમતોલ મગજનો છું એમ માનસશાસ્ત્રી મને પ્રમાણપત્ર આપી શકે.

બન્નેમાં અંતીમ ઉપર જવાય તો તે ભયંકર છે. તો માણસ ગાંડો, ઠેકાણા વગરનો, નિષ્પ્રાણ અને નાલાયક થઇ જાય છે. લોકોનો મોટો ભાગ સમધારણ હોય છે, અને તેમાં બન્ને વૃત્તિઓનું વધતા ઓછા પ્રમાણનું મિશ્રણ હોય છે.

મને બીક લાગવા માંડી કે હમણાં હું આ વિષય પર નિરાંતે નિબંધ લખવા માંડીશ. ચાલો ત્યારે ચેતીને હાલવા ચાલવા માંડીએ.

× × ×

આજે તારીખ ૧-૬-૩૩ થઇ. આજના ત્રણ બનાવો નોંધવા જેવા છે. ત્રણે એક એક સિદ્ધાંતના સૂચક છે.

કૂતરાઓ લડતા હતા. બન્ને બાજુની સંખ્યા

સરખી હતી. એક પક્ષનો આગેવાન કાળિયો હતો; અને બીજા પક્ષનો ધોળિયો હતો. ધોળિયાવાળા ખૂબ જોરથી ભસતા હતા, અને કાળિયાવાળા શાંત ઉભા ઉભા સામે જોઇ રહ્યા હતા. ઘણી વાર ભસ્યા; કાળિયે તે સાંભળ્યું. પછી એક જ ડગલું તે આગળ ગયો, એટલે ધોળિયાવાળા દસ ડગલાં પાછળ હઠ્યા. પાછા હઠી તેઓ વધારે જોરથી ભસવા લાગ્યા. પુનઃ કાળિયાનો પક્ષ શાંત ઉભો રહ્યો. વળી કાળિયો એક જ વાર ભસ્યો ને તેણે ડોળા કાઢ્યા. ધોળિયાઓ પાંચ ડગલાં પાછા હઠ્યા અને ત્રમણા જોરથી ભસવા લાગ્યા. મેં જોયું કે ગુંડા અને બીકણનું એ જ ખરૂં દૃશ્ય હતું. પેલા ધોળિયા-વાળા બૂમો ઘણી પાડતા હતા, પણ કાળિયો જરાક ચાલે કે ડરી જઈ પાછા હઠતા હતા.

શાંતિ એ શક્તિ છે, બૂમરાણ એ નબળાઇ છે.

બીજો બનાવ એક પાડોશીના ઘરમાં બન્યો. પાડોશમાં રહેતાં ત્રિવેણીબેન ચૂલે ભાજી મૂકીને મારે ત્યાં આવ્યાં; એક કે બે જ ક્ષણ માટે. પણ ત્યાં તો કોણ જાણે કેમ મારે ત્યાં રોકાઇ જ પડ્યાં. પાછાં જઇને જુએ ત્યાં તો ભાજી બળીને રાખ થઇ ગયેલી! પોતે ઘણાં દિલગીર થયાં. જમતી વખતે તેણે પોતાના પતિને કહ્યું: "અરર! આજ

તો ભાજી સાવ બળી ગઇ. હું જરાક વાર ગિજુભાઇને ત્યાં ગઇ ત્યાં તો ભાજી ચૂલે મૂકયાની વાત સાવ ભૂલી જ ગઇ! ભાજી બળીને કોયલો થઇ ગઇ!" હું ત્યાં ઉભો હતો મને ત્રિવેણીબેન અને ચંદ્રપ્રસાદ વચ્ચે સવારે થયેલી વાતચીત યાદ આવી. ત્રિવેણીબેને કહેલું: "આજ ભાજીને બદલે કોબી મંગાવીએ તો? મને રોજ ને રોજ ભાજી નથી ભાવતી." ચંદ્રપ્રસાદ કહે: "તમારે ન ખાવી હોય તો ન ખાજો, પણ મારે તો ખાવી છે. એટલે મંગાવો." હવે મને સમજાયું કે ભાજી કેમ બળી ગઇ. આપણું આંતર મન ભાજી કેવી રીતે અને શા માટે બળી જવા દે છે તે આપણને પણ નથી સમજાતું; ત્રિવેણીબેન પણ એ ન સમજી શકયાં, અને દિલગીર થતાં થતાં તેમણે પણ ભાજી વિના જ ખાધું!

ત્રીજો બનાવ. થોડા વખતથી મારૂં ફૂલદાન ચંદ્રહાસ ભરે છે. તેને તે ભરવું ગમતું નથી પણ ભરવાનું ગમવાનો દેખાવ કરે છે, અને ભપકાથી ભરે પણ છે. ચતુર માણુસને જ્યારે અણગમાથી કામ કરવાનું હોય છે, ત્યારે જ તે બમણું સારૂં કરે છે; કોઇની સાથે તેને બોલવું નથી ગમતું હોતું ત્યારે ખાસ કરીને તે મીઠું મીઠું બોલે છે,

અને કોઈની તબિયતની ખબર કાઢવા જવું પસંદ નથી હોતું ત્યારે ખાસ આગ્રહપૂર્વક તેને જોવા જાય છે. ચંદ્રહાસ બે ચાર દહાડા જરા બીજા કામે રોકાયા એટલે લલિતશંકરે ફૂલદાન ભર્યું. ચોથે દિવસે ચંદ્રહાસ દેખાયા. વાતમાં ને વાતમાં તે કહે: "લલિતશંકરે મારૂં ફૂલદાન સારૂં ભર્યું છે; એને મારા કરતાં વધારે સારૂં ભરતાં આવડે છે એટલે હું હવેથી નહિ ભરૂં."

વાત તો એમ છે કે ભાઈસાહેબ આ કામ-માંથી નીકળી જવાનું બહાનું શોધતા જ હશે, એટલામાં આ તેમને જડયું! પોતે જે કારણ આપ્યું તે ખરૂં કારણ નથી; ખરૂં કારણ તો અણગમો છે. પણ તે આપવાને બદલે ભળતું કારણ આપ્યું. અર્થાત્ કારણને બદલે તર્કવાદ આપ્યો. મનની આ રીતને તર્કવાદ-બુદ્ધિવાદ કહે છે.

જો બારીક નજરે જોઈએ તો લોકો આવી રીતે તર્કવાદ આખો દિવસ કરે છે. ઘણા પહોં-ચેલા તો દેખીપેખીને જ કરે છે; અને પહોંચેલા ખરાં પણ પોતાની પહોંચ ન સમજનારા આ ખોટી દલીલને સાચી માને છે, અને પોતે આપેલું કારણ ખરૂં જ માને છે. પણ આસપાસની હકીકતોથી તેમની વૃત્તિ જુદી છે. એમ આપણે જોઈ શકીએ છીએ.

× × ×

ગયા અઠવાડિયામાં *'A Diary of a Communist Under-graduate' વાંચી. કોઈ રશિયન લેખકે લખેલી અંગ્રેજીમાં તે ઉતારેલી છે. ચોપડી સુંદર છે. શૈલી પ્રાણવાન અને સરલ વહેતી–પ્રગલ્ભ છતાં વિચારપૂર્ણ.

હું વાંચી ખુશી થઈ ગયો. રશિયાના વિદ્યાર્થીઓનું હૃદય કેવું ધબકી રહ્યું છે તે સાંભળી શક્યો. બધું છોડી દઈ એક જ વાત કહું તો તે એ છે કે ત્યાંના જુવાનોમાં જે અદ્ભુત પ્રાણ ઉભરાઈ આવ્યો છે તે બહુ જોરદાર છે. ખૂબ ચેતનવંતો, ક્રિયાથી ભરપૂર, અને વૈવિધ્યપૂર્ણ. એમને હિસાબે હિંદના જુવાનો મડદાં જ ગણાય!

પણ હું બીજી જ વાત કહેવા માગું છું. ટ્રોટ્સ્કીને સહેજ ભય રહે છે કે આજની મજૂરશાહી સત્તામાં સાહિત્ય ક્યાંથી સંભવશે? તે લેનીનનો અનુયાયી છે; પણ છતાં તે પણ બુર્ઝવાઓ પેઠે માનતો લાગે છે કે સાહિત્ય તો અવકાશ-આરામ અને જ્ઞાનમાંથી જ જન્મે. પૂલો બાંધતા અને હળો હાંકતા મજૂરસમૂહમાંથી તે સાહિત્ય ક્યાંથી પ્રભવે?

*સામ્યવાદી અન્ડર ગ્રેજ્યુએટની ડાયરી.

આ ચોપડી ટ્રોટ્સ્કીના વિચારોને હઠાવે તેવી છે. ટ્રોટ્સ્કીએ તે વાંચવી જોઇએ.

સાહિત્ય તો અંદરના મંથનમાંથી જન્મે છે. અને રશિયામાં આજે અદ્‌ભુત અને અપૂર્વ મંથન ચાલી રહ્યું છે. ખરો કાળ તો આજ છે; ને જે આજે લખાઇ રહ્યું છે તે ખરૂં સાહિત્ય છે.

ખુરશીમાં બેસીને અને કલ્પનાના ઘોડાની પાંખો ઉપર લખાયેલું સાહિત્ય સાહિત્ય નથી; તેને ભલે વિવિધ નામ આપીએ પણ તે લખાણ છે. સાહિત્ય તો શરીર, મન અને આત્માને નીચોવતી રુધિર-સરિતા છે. સાહિત્ય તો શરીર, મન અને આત્માની પ્રસન્નતામાંથી ઝરી આવેલું અમૃત ઝરણું છે. આત્માનુભવનો ઉદ્રેક એ સાહિત્યનું પ્રભવસ્થાન છે. રશિયા આજે પોતાની શક્તિઓનું આત્મદર્શન કરી રહ્યું છે. એ જે લખે છે તે અનુભવથી નીતરતી બાજુ છે. ટ્રોટ્સ્કી ખાંડ ખાય છે.

Red Corner Book વાંચો. કેટલું સુંદર અને શક્તિવાળું તે બાલસાહિત્ય છે! આપણા માયકાંગલા સાહિત્યની એમાં ગંધ સરખીયે નથી. દેશ સમસ્તની જે ભાવના છે તે ત્યાં મૂર્તિમંત છે. જે વસ્તુ તેનાં બાળકોને શીખવવી છે તેના પ્રબળ પાઠો તેમાં છે. એમાં લખેલ 'શા માટે'ની વાર્તા

વાંચો; એની પહેલી કવિતા વાંચો. અને કોઇને શંકા હોય કે "એન્જિન અને હળની પ્રવૃત્તિમાં તે કેવી કવિતા અને કેવાં કાવ્યો?" તો હું કહીશ કે એમાં આવેલી 'એન્જિન'ની કવિતા વાંચો. આપણે ત્યાં કયો પ્રાણ ફાટી નીકળ્યો છે તે એની જેમ કાવ્ય ફાટી નીકળે? સૌંદર્યને નામે આપણી કવિતામાં નિષ્પ્રાણતા સિવાય બીજું શું હોય?

× × ×

જવા દો એ માથાફોડ. આપણા લેખકો અને સાહિત્યકારો મારા પર છેડાશે. મને જ ઉધડો લેશે ને કહેશેઃ "ત્યારે લખોને તમે જ પ્રાણવાન સાહિત્ય?" પણ હું પણ બધા મડદા લેખકો ભેગો આવી જ જાઉં છું ના? મારામાં પ્રાણ હોત તો 'વસંત આવી ને ગઇ.' 'કૂતરૂં બોલ્યું ને ગધેડું ભૂંક્યું.' 'ખડ ખાધું ને જોડા પહેર્યા.' એવું એવું લખત કે?

આપણે રશિયા જઇએ તો? અરે રામ! એમ મડદાંમાં તે પ્રાણ આવતા હશે?

પણ રશિયનો ભારે જબરા! મારા બેટાઓ કહે છે કે આકાશમાંયે ઇશ્વરને શોધ્યો પણ ત્યાંયે નથી. હવે એને કેમ માનવો? તેમની શાળામાં રીતસર શીખવાય છે કે ઇશ્વર નથી, નથી અને નથી!

કોઇ અંત્યજને અડવામાં પાપ માનનાર કહેશેઃ "હાય હાય, રશિયાનું નખોદ જવા બેઠું ! શાંતં પાપં ! શાંતં પાપં !" આકાશમાં નહિ તો પાતાળમાં રહેલા ઇશ્વરને પણ ગમ્મત પડતી હશે !

ઈશ્વર પણ જ્યાં ત્યાં છૂપાઇને રશિયાનાં વખાણ કરતો હશે. તે કહેતો હશે કે "છે તો. માળા પ્રાણવાન-બળવાન! તેઓ કદાચ આત્માનું રાજ્ય લેશે; મારાં દર્શન કરશે." ઈશ્વર જાણે છે કેઃ "નબળા હિંદવાળાઓએ મને પુસ્તકમાં ચટપટાદિ. વાતોમાં અને પત્થરમાં રાખ્યો, ઢોંગી ખ્રિસ્તીઓએ મને બાઈબલમાં અને ચર્ચમાં રાખ્યો, ઇસ્લામીઓએ મને મસજિદમાં રાખ્યો. પણ આ લોકોએ તો મને હાંકી જ કાઢ્યો અને રશિયાને સાફ કર્યો ! હવે સ્વચ્છ રશિયાના હૃદયમાં હું ધીમે ધીમે વધારે સ્પષ્ટ જ દેખાવાનો છું. અત્યારે પણ હું તેમનામાં મૂર્ત થયો જ છું. તેઓ બધા બધાને માટે જીવે છે એ ઈશ્વરની ઉપાસના છે. તેઓમાં હું છું માટે જ તેઓ મારી ક્યાંયે શોધ કરતા નથી અગર મને ક્યાંયે બેસારતા નથી, જ્યારે આ બીજા લોકોમાં હું નથી તેથી જ તેઓ મને શોધ્યા કરે છે અને જ્યાં ત્યાં બેસાડે છે. પણ હું કાંઇ એવો નથી કે એમને દેખા દઉં."

હું પણ ખરો કે ઈશ્વર તરફથી બધું જાહેર કરવા બેસું છું! ખરી રીતે એ જ દુઃખ છે ના, કે ઈશ્વરે મને બનાવ્યો એના બદલામાં નાસ્તિક બની હું એને બનાવું છું. માણસ ત્યાં જ ભયંકર ભૂલ કરી રહ્યો છે, અને હું માણસ મુવો છું!

× × ×

મને અંગ્રેજો તેમની દૃઢતા અને સ્થિરતા માટે ગમે છે, અમેરિકનો ઝડપને માટે અને જર્મનો હિંમતને માટે ગમે છે, તેમ રશિયનો તેમની ક્રિયા-શક્તિને માટે ગમે છે. તેમનું રાજચિહ્ન દાતરડું અને હથોડો એ ક્રિયાશક્તિસૂચક છે. તેઓ નિર્ણય કરે છે અને કરવા લાગે છે. તેઓ બધી બાબતમાં આ પાર કે પેલે પાર નક્કી જ કરી નાખે છે.

એક જ દાખલો. આખી દુનિયાના કેળવણી-કારો પરીઓની વાતો છોકરાંઓને કહેવાય કે નહિ એનું ડોળ્યા કરે છે અને અધવચ ડચકાં ખાય છે, ત્યારે રશિયાએ પરીઓને હદપારી જ આપી દીધી છે. પોતાનો આદર્શ સ્પષ્ટ છે, કારણ કે તેમનું મગજ સ્પષ્ટ છે. કારણ કે તે મગજમાં હાથે ને પગે જાતે કામ કરવાથી તાજું લોહી વહે છે.

બીજા દાખલાઓ જોઈએ. સહશિક્ષણની હજી દુનિયામાં વાતો ચાલે છે અને થોડા થોડા અખ-

તરા અને સ્વીકાર થાય છે, ત્યાં તો રશિયાએ બધી શાળામાં તે મંજૂર કરી નાખ્યું છે!

શારીરિક શિક્ષણની તરફેણ અને વિરુદ્ધમાં હજી દુનિયાના કેળવણીકારો ભાષણો અને લેખો લખે છે, ત્યાં તો રશિયાએ તેનો સદંતર નાશ કર્યો છે. રશિયા ભારે નિશ્ચય કરે છે, અને તે એટલી જ ઝડપથી.

માનસશાસ્ત્રના નિયમ પ્રમાણે રશિયામાં બુદ્ધિ છે અને બળ છે. ડૉ. મોન્ટીસોરી કહે છેઃ "ઝડપનો બીજો પર્યાય બુદ્ધિશક્તિ છે, અને કામ એ નિશ્ચય-ક્રિયાશક્તિ છે." અને કોણ કહેશે રશિયામાં કલ્પના ઓછી છે? એક વાર તમે 'પંચ વર્ષીય યોજના' વાંચો; ભવ્ય કલ્પનાનું વિરાટ દર્શન થશે!

× × ×

હું રશિયા ઉપર મોહિત તો નથી થઈ ગયો ના? ના રે ભાઈ, એટલી મારે નવરાશ નથી. હું એવો ગાંડો નથી કે મનમાં એમ કહું કે "હે ભગવાન! બીજો જન્મ રશિયામાં દેજે." મારે ત્યાં નથી જન્મવું; હું ઠંડીથી રાંક છું. આપણને તો ગરમ પ્રદેશમાં ગમે. "હે ભગવાન! મને તો હિંદમાં ને હિંદમાં જ ફરી જન્માવજે."

પણ આજે રશિયા ઉપર ક્યાંથી ઉતર્યો?

મેં પૂછ્યું: "એમાં શું છે? કૂતરો શી પ્રાર્થના કરે છે?"

બબુ કહે: "એમાં કૂતરો એમ કહે છે કે હે ભગવાન! મારા શેઠને મારા જેવો ભલો, વફાદાર અને પ્રેમાળ કર."

મેં કહ્યું: "એવી પ્રાર્થના શા માટે કરી?"

બબુ કહે: "એનો શેઠ સારો ન હતો એટલે." આમ કહી તે હસી. મને લાગ્યું કે તે કૂતરાની પ્રાર્થનાનો મર્મ સમજી છે. છેવટે તે જરા મંદ સ્મિત કરીને કહે: "પ્રાર્થના કાંઇ કૂતરે નહિ કરી હોય; લેખકે કૂતરો થઇને તે લખી હશે."

× × ×

વારૂ. એ વાત તો થઇ ગઇ. હું વિચારમાં પડ્યો છું કે અમારી બેની વાતચીતમાં કાંઇ ધાર્મિક શિક્ષણ બની ગયું ખરૂં?

જેમ જેમ વિચારે વધતો જાઉં છું તેમ તેમ ધાર્મિક શિક્ષણનો વિચારમાત્ર કરતાં હું ગભરાઉં છું. હું જે જાણતો નથી તેનું શિક્ષણ કેવી રીતે આપવું? હું એટલું જાણું છું કે લોકો ધર્મ જાણીને જેનું શિક્ષણ આપે છે તે ધર્મ તો નથી, અને એ શિક્ષણ ધર્મનું પણ નથી.

પણ મારે શા માટે ચિંતા કરવી ? ધર્મને ચિંતા હશે તો તે પોતાનું સંભાળશે. સબ સબકી સમાલિયે. અને આજનો જમાનો તો “ જીવો અને જીવવા દ્યો.”નો છે. મારે ધર્મને ગડબડ શા માટે પહોંચાડવી ? તેની શાંતિમાં ખલેલ પહોંચાડવાનો શો અધિકાર ?

× × ×

મારા મિત્ર શ્રી. જયંતિલાલ સાહિત્યના શોખીન છે. બધા સાહિત્યશોખીનો એકાદ માસિક મગાવે છે તેમ જયંતિલાલ પણ પ્રસ્થાન મગાવે છે.

તેઓ પ્રસ્થાન મગાવે છે એટલે મારૂં અનુમાન એવું છે કે તેઓ સાહિત્યમાં ઠીક સમજતા હશે. કેમ કે પ્રસ્થાન માસિક એવું છે કે તે સમજદાર માણસો વાંચી શકે; અગર જેઓ તે વાંચીને આનંદ લઇ શકે તેઓ સમજદાર ગણાય.

પ્રસ્થાનના તંત્રી મારા જૂના અને ચાલુ મિત્ર શ્રી. રામનારાયણ વિ. પાઠક છે. અને એટલે પ્રસ્થાન વિષે મારો મત એવો જ હોવો જોઇએ કે તે સાહિત્યનું સુંદર માસિક છે. જેમ મને મારો મિત્ર તે રૂપાળો છે કે નહિ તો પણ ગમે છે, તેમ જ તેનું માસિક પણ ગમે છે.

ગમવાની બાબતમાં એવું છે કે 'રાજાની રાણી ને છાણાં વીણતી આણી.' આ જૂની કહેવત માનસશાસ્ત્રના ગમવા પ્રકરણના એકાદ પારાનું મથાળું પણ થઇ શકે તેવી છે.

તમને જો માણસ ગમે તો તમને તેનું બધું ગમે છે; તમને તે નથી ગમતો તો તેનું કશું જ ગમતું નથી. રૂપથી માણસ ગમે છે અને કરૂપથી નથી ગમતો એ બરાબર નથી. માણસ ન ગમે તો તેનું રૂપ પણ નથી ગમતું, અને ગમે છે તો તેનું કરૂપ પણ એવું ગમે છે કે વાત કરો મા! શ્રીકૃષ્ણને કુબડી કુબજા ગમી. ગમી એટલે તો એનું કુબડાપણું પણ ગમ્યું; એની કુબડી ચાલ પણ ગમી: મને લાગે છે કે એટલે જ સ્ત્રીઓને જો તેનો પતિ ગમી જાય તો તે કાળો કે કુબડો હોય તો પણ ગમે છે; અને નથી ગમતો તો રૂપાળો પણ નથી ગમતો. પણ સવાલ એ છે કે એ ગમવાનું ક્યાંથી આવતું હશે?

અનેક ખુલાસા છે, અને તે બધા સાચા છે તેટલા જ ખોટા છે. કોઇ કહે છે કે માણસ બુદ્ધિને લીધે ગમે એટલે ગમે. કોઇ કહેશે આવડતને લીધે ગમે એટલે ગમે. કોઇ કહેશે બધો આધાર અંતઃકરણ ઉપર છે. કોઇનો મત એવો થાય

છે કે પ્રથમ છાપ ઉપર બધું અવલંબે છે. માનસશાસ્ત્રીઓ એમ કહે છે કે ખરો આધાર વિરોધી ભાવોના સુમેળ ઉપર છે. જ્યોતિષ-શાસ્ત્રીઓ રાશિના મેળ ઉપર આધાર રાખે છે. અંગ્રેજ જ્યોતિષીઓ વળી મેળ મળવાના સિદ્ધાંત (affinity theory) માં માને છે. વળી કેટલાક કહે છે કે એ તો નૈસર્ગિક વસ્તુ છે. व्यातषजात पदार्थान् आन्तरः कोऽपि हेतुः । એવું જ એક બીજું વાક્ય છેઃ मनो हि जन्मातरसंगतिज्ञम् ।

આમાં હવે બીજા અનેક વિષયો છોડીને શ્રી. જયંતિલાલને સાહિત્ય શા માટે ગમતું હશે તે તો તેણે જ શોધવું રહ્યું. આપણે તેને તેની શોધ ઉપર બેસાડવા જોઇએ.

× × ×

શ્રી. જયંતિલાલને સાહિત્યચર્ચા કરવી ગમે છે. તેઓ માને છે કે સાહિત્યસર્જન માટે નવરાશ (leisure) જોઇએ. હું તેની સાથે ચર્ચા કરવા માગું છું. હું તેને જણાવવા માગું છું કે સાહિત્યની ઉત્પત્તિ શાથી થાય છે તે વિચાર મુખ્ય છે, ને પહેલાં વિચારવા જેવો છે; નવરાશ એ તો એક પરિસ્થિતિ છે. પરિસ્થિતિ થોડીએક અનુકૂળતા અતિકૂળતા આપી વેગમાં થોડોએક વધારો ઘટાડે

કરી શકે છે; પણ સર્જન પરિસ્થિતિમાંથી નહિ. પરંતુ મંથનમાંથી આવે છેઃ હેતુતૃપ્તિની તીવ્ર ઇચ્છામાંથી આવે છેઃ સર્જનની અનિવાર્યતામાંથી આવે છે.

મને વિચાર આવે છે કે લેખકોને આપણે ચાર વિભાગમાં વહેંચી શકીએઃ

૧ સર્જનાત્મક લેખક–creative writer.

૨ વિવેચનાત્મક લેખક-critical writer.

૩ હેતુસાધક લેખક-purposive writer.

૪ ધંધાદારી લેખક-professional writer.

જે ક્રમમાં લેખકોને લખ્યા છે તે ક્રમમાં તેમની લેખનપ્રવૃત્તિ કે શક્તિનો ક્રમ મેં ગણ્યો નથી. ગમે તે વર્ગનો લેખક ઉત્કૃષ્ટ લેખક તરીકે ગણાવાનો સંભવ છે. જો લેખક પોતે જે વર્ગનો છે તે વર્ગને બરાબર ન્યાય આપી શકે એવું વસ્તુ પોતાની સુંદર મનોરમ શૈલીથી રજુ કરી શકતો હોય તો તે લોકમાન્ય થઇ શકે એટલું જ નહિ. પણ તેની કૃતિ ઉત્કૃષ્ટ, સાહિત્યના નામને પાત્ર ગણાઈ શકે તેવી અવશ્ય બને. બધો આધાર તે પોતાનો આત્મા પોતાના કામમાં સુંદર રીતે કેટલી સફળતાથી મૂકી શકે છે તેના ઉપર છે.

પણ શ્રી. જયંતિલાલ મારા આ મનકલ્પિત

વર્ગોને દાખલાથી સ્પષ્ટ કરવા મને કહે તે પહેલાં જ હું તેમ કરૂં એમાં બંનેને લાભ છે.

સર્જનાત્મક લેખક (creative writer). આ લેખક કોઇની ખાતર લખતો નથી પણ તે પોતાની સર્જનાત્મક વૃત્તિને અવકાશ અગર તૃપ્તિ આપવા લખે છે. માનસ-પૃથક્કરણશાસ્ત્રની ભાષામાં તે તેની જીવનશક્તિને મુક્તિ આપવા (libido ને release આપવા) લખે છે—અર્થાત્ તેનું આત્મ-દર્શન થવા, પરિતૃપ્તિ મેળવવા લખે છે. તેના લખાણુથી આજે કે કાલે લોકોનું કલ્યાણ થશે કે નહિ તેનો સવાલ તેની સામે નથી. તે પ્રસિદ્ધ થાય કે નહિ તે બાબતમાં પણ લેખક બેદરકાર અગર તટસ્થ હોય છે. તેનું સુખ, તેની શાંતિ વ્યક્ત કરી છૂટવામાં છે. કવિઓ મોટે ભાગે આ વિભાગમાં આવે છે. આપણે ત્યાં સર્જનાત્મક લેખકો બહુ થોડા છે. કદાચ મુનશી તેમાં આવે. મેઘાણી તેનાં ઘણાં લખાણોમાં આવે. ન્હાનાલાલ પણ તેમાં જ ગણાય. પરદેશી લેખકોમાં શેહોવ ને મપાસા જેવા લેખકો આ વર્ગમાં જ આવે. સર્જનાત્મક લેખકો એટલે સૌ ઉંચી કોટીના એમ હું નથી માનતો. રમણસિંહ ભીમસિંહ પણ સર્જનાત્મક લેખક છે, છતાં તેની કોટી નીચી છે. મતલબ કે;

કરી શકે છે; પણ સર્જન પરિસ્થિતિમાંથી નહિ. પરંતુ મંથનમાંથી આવે છે: હેતુતૃપ્તિની તીવ્ર ઇચ્છા-માંથી આવે છે: સર્જનની અનિવાર્યતામાંથી આવે છે.

મને વિચાર આવે છે કે લેખકોને આપણે ચાર વિભાગમાં વહેંચી શકીએ:

૧ સર્જનાત્મક લેખક–creative writer.

૨ વિવેચનાત્મક લેખક-critical writer.

૩ હેતુસાધક લેખક-purposive writer.

૪ ધંધાદારી લેખક-professional writer.

જે ક્રમમાં લેખકોને લખ્યા છે તે ક્રમમાં તેમની લેખનપ્રવૃત્તિ કે શક્તિનો ક્રમ મેં ગણ્યો નથી. ગમે તે વર્ગનો લેખક ઉત્કૃષ્ટ લેખક તરીકે ગણાવાનો સંભવ છે. જો લેખક પોતે જે વર્ગનો છે તે વર્ગને બરાબર ન્યાય આપી શકે એવું વસ્તુ પોતાની સુંદર મનોરમ શૈલીથી રજુ કરી શકતો હોય તો તે લોકમાન્ય થઇ શકે એટલું જ નહિ. પણ તેની કૃતિ ઉત્કૃષ્ટ, સાહિત્યના નામને પાત્ર ગણાઈ શકે તેવી અવશ્ય બને. બધો આધાર તે પોતાનો આત્મા પોતાના કામમાં સુંદર રીતે કેટલી સફળતાથી મૂકી શકે છે તેના ઉપર છે.

પણ શ્રી. જયંતિલાલ મારા આ મનકલ્પિત

વર્ગોને દાખલાથી સ્પષ્ટ કરવા મને કહે તે પહેલાં જ હું તેમ કરૂં એમાં બંનેને લાભ છે.

સર્જનાત્મક લેખક (creative writer). આ લેખક કોઇની ખાતર લખતો નથી પણ તે પોતાની સર્જનાત્મક વૃત્તિને અવકાશ અગર તૃપ્તિ આપવા લખે છે. માનસ-પૃથક્કરણશાસ્ત્રની ભાષામાં તે તેની જીવનશક્તિને મુક્તિ આપવા (libido ને release આપવા) લખે છે—અર્થાત્ તેનું આત્મ-દર્શન થવા, પરિતૃપ્તિ મેળવવા લખે છે. તેના લખાણથી આજે કે કાલે લોકોનું કલ્યાણ થશે કે નહિ તેનો સવાલ તેની સામે નથી. તે પ્રસિદ્ધ થાય કે નહિ તે બાબતમાં પણ લેખક બેદરકાર અગર તટસ્થ હોય છે. તેનું સુખ, તેની શાંતિ વ્યક્ત કરી છૂટવામાં છે. કવિઓ મોટે ભાગે આ વિભાગમાં આવે છે. આપણે ત્યાં સર્જનાત્મક લેખકો બહુ થોડા છે. કદાચ મુનશી તેમાં આવે. મેઘાણી તેનાં ઘણાં લખાણોમાં આવે. ન્હાનાલાલ પણ તેમાં જ ગણાય. પરદેશી લેખકોમાં શેહોવ ને મપાસા જેવા લેખકો આ વર્ગમાં જ આવે. સર્જનાત્મક લેખકો એટલે સૌ ઉંચી કોટીના એમ હું નથી માનતો. રમણસિંહ ભીમસિંહ પણ સર્જનાત્મક લેખક છે, છતાં તેની કોટી નીચી છે. મતલબ કે

સર્જનાત્મક લેખક એ એક પ્રકૃતિનો બતાવતાર છે. આ લેખક મોટે ભાગે અંતર્મુખ છે, વિચારક પ્રકૃતિનો છે, સૌંદર્યદર્શી છે, ધાર્મિક વલણવાળો છે. આવી વૃત્તિવાળાઓ પોતાના અનુભવો કે મૂંઝવણો વ્યક્ત કરવા સદૈવ મથતા હોય છે, અને તે વ્યક્ત કરે છે ત્યારે જ તેમને જંપ વળે છે. શ્રી. જયંતિલાલ પણ લેખક છે; તેઓ પણ થોડે ઘણે અંશે આ વર્ગમાં આવી જાય છે એમ હું જોઈ શકું છું.

જયંતિલાલ કહેશેઃ "માબાપ, અત્યારમાંથી મને સાહિત્યકારમાં ક્યાં નાખ્યો? હું તો હજી સાધક કહેવાઉં." એની નમ્રતા માટે આપણે માન રાખીએ એમાં સભ્યતા છે; પણ એને ખરૂં કહી દેવું એ જ સત્યનિષ્ઠા છે; અને અલબત્ત સભ્યતા કરતાં સત્યનિષ્ઠા વધારે જરૂરી છે.

× × ×

વારૂ, બીજો વર્ગ વિચારીએ. એમાં મારો મિત્ર રામનારાયણ પાઠક ન આવે? અલબત્ત એ દ્વિરેફની વાર્તાઓ લખે છે, અને વાર્તા એ સર્જનાત્મક સાહિત્યમાં મોટે ભાગે આવે છે. પણ ખરી રીતે દ્વિરેફની વાર્તાઓ સર્જન નથી પણ વિવેચન (criticism) છે. પાઠકસાહેબે તે લખી છે

તેમાં તેમણે પોતાની વિવેચનશક્તિ (critical sense-faculty)ની તૃપ્તિ માગી છે. પાઠક તાર્કિક છે, વિવેચનાત્મક છે. વાર્તાઓ તપાસશો તો દેખાશે કે એ વાર્તાઓ સમાજ ઉપર કે વ્યક્તિ ઉપર સારા કે માઠા વિવેચન રૂપે છે. પાઠકની વિવેચક મનોવૃત્તિ વાર્તાના ઓઠા નીચે સર્જનાત્મક મનોવૃત્તિનું માન લઈ શકતી નથી. એનો સ્વૈરવિહાર પણ એ જ જાતનું લખાણ છે. પાઠક મૂળે 'લેફ્ટ હૅન્ડેડ માઇન્ડ' અર્થાત્ વિવેચનાત્મક છે. એ વકીલ છે–હતા એટલા માટે, કે મારા મિત્ર છે એટલા માટે, કે એણે પ્રમાણશાસ્ત્ર લખ્યું છે એટલા માટે હું એને વિવેચનાત્મક લેખક નથી કહેતો; પણ એનાં લખાણો કહી આપે છે એટલે હું તેમ કહું છું.

મને વાંચનારા માફ કરશે કારણ કે હું પાઠક–સાહેબ માટે માનાર્થ બહુવાચન વાપરવાનું ભુલી જાઉં છું. સાહિત્યમાં સભ્યતા શોભા રૂપ છે; પણ તેથી પ્રેમજનિત સ્વાભાવિકતા મારા મતે તો તેથીયે વધારે શોભા રૂ એટલું જ નહિ પણ સાહિત્યને પ્રાણ આપનાર પોષણ રૂપ છે. હું તો પાઠકને સાહિત્યમાં પણ તું કહી શકું. અલબત્ત પાઠક પોતાના પ્રસ્થાનના વાચકો સમક્ષ આવું લખાણ

મૂકવાની ના પાડે તો હું કૌમુદીમાં મૂકી શકું.

પાઠક કહેશેઃ "તું મને સર્જનાત્મક લેખક કેમ નથી કહેતો? શું હું કાવ્યો નથી લખતો?" હું કહીશઃ "દરેક કાવ્ય જોડનારો કવિ નથી અને સર્જન તરીકે ખપે એવી તેની કવિતા ન પણ હોય." પાઠક કહેશેઃ "પણ મારી કવિતા વિષે તું શું કહેવા માગે છે?" હું કહીશઃ "એ અદ્‌ભુત સર્જનો છે. અંતઃકરણના ખળભળાટમાંથી એ સરી પડ્યાં છે, કારણ કે હું તારા અંતકરણના વેગોને–દબાવેલા વેગોને જાણું છું."

પણ આવું તે લખાતું હશે? પણ એવું કેમ ન લખાય? મારા હાલતાં ચાલતાંમાં તો હું બધુંયે લખું. સર્જન એવી મર્યાદા નહિ સ્વીકારે. હું આ લખાણપૂરતો સર્જનાત્મક લેખક છું. અને તેથી મને ચિંતા નથી કે આ લખાણ લોકો વાંચશે કે નહિ, અગર તેનાથી લાભ થશે કે હાનિ.

વારુ. શ્રી. વિજયરાય પ્રસિદ્ધ વિવેચનકાર છે. એને પણ આપણે બીજા વર્ગમાં વિવેચનાત્મક લેખક કહી શકીએ. એ એમાં ઉત્તમ પ્રકારે ખીલે છે; પણ એ જો કાવ્યો લખે તો સર્જનાત્મક બની શકે કે નહિ? અલબત્ત બને; પણ પાઠક જેવી આંતર વેદના અનુભવે તો લખે ના?

કાલે સવારે જ્યારે હું ભાઇ કૃષ્ણલાલ શ્રીધરાણીને આ વંચાવીશ ત્યારે એ મને પૂછશે: “ત્યારે હું કયા વર્ગમાં આવું?” હું કહીશ કે “તું તારા ગુરુદેવ જેમ સર્જનાત્મક કોટીના લેખકમાં આવી શકે. તને લખવાનું કંઇ મન થાય છે, ધક્કો આવે છે, તું કલમ લે છે અને તારી સામે તારા લેખને માટેની સામગ્રી મૂર્તિમંત થાય છે. તું એક ચિત્રકાર પેઠે આંતર દૃષ્ટિ સમીપ ઉઘડેલી સૃષ્ટિને શબ્દો ઉપર મૂકી એ સુંદર કાવ્ય લખે છે, અગર એકાદ વડલો કે મોરનાં ઇંડાં ચીતરે છે.”

શ્રીધરાણી પૂછશે: “ત્યારે બ. ક. ઠાકોર કયા વર્ગમાં? હરભાઇ કયા વર્ગમાં? કાકા, ગાંધીજી અને તમે પોતે કયા વર્ગમાં?”

મારો જવાબ એ છે કે ઠાકોર, આનંદશંકરભાઇ એ સાહિત્યના જવાંમર્દો વિષે હું કાંઇ નહિ બોલું. હજી હું નાનો છું. બાકી ગાંધીજી તો મોટાં છતાં સૌના એટલે નાનાના પણ, એટલે તેમને વિષે કે બીજા બધા મારા મિત્રો છે એટલે તેમને વિષે કહી શકાય—જેમ હસ્તરેખાઓ જોઇને કહી શકીએ તેમ. હરભાઈ, કાકા, હું, મેકિસમ ગોર્કી, રૂસો, વૉલ્ટૅર અને એવાઓ બધા હેતુમૂલક (purposive) લેખકો કહેવાય. આ બધા સામે અમુક હેતુ છે.

એ હેતુનો પ્રચાર કરવા, તેને જગતને આપી જવા, તેનામય સૌને કરવા, તે હેતુ સિદ્ધ કરવા, આ લોકો લખે છે અને બોલે છે. તેમની પાસેથી હેતુ લઇ લ્યો અગર તેમનો હેતુ સિદ્ધ થવા દ્યો, અને પછી જુઓ કે તેઓ કંઇ લખે છે કે નહિ. સમાજનાં દુઃખોથી સળગીને તેને દૂર કરવા કરાવવાના હેતુથી મેઘાણી લખે છે, તે બધું હેતુપ્રધાન સાહિત્ય છે. ગાંધીજીએ આટલું લખ્યું છે તે આપણે જાણીએ છીએ કે કયો હેતુ સિદ્ધ કરવા લખેલું છે. ક્રાંતિકારી તમામ લખાણો હેતુમૂલક છે; અને તેના લખનારા ફિલસુફો હોય, કેળવણીકારો હોય, કે ગમે તે હોય પણ તેઓ બહિર્મુખ બનીને જ લખી શક્યા છે અને લખે છે. ટૉલ્સ્ટૉયે હેતુથી લખ્યું છે; કાર્લ માર્ક્સનું લખાણ ફિલસુફી રૂપ છે છતાં તે આ જાતનું છે. છેલ્લે સત્યાગ્રહની લડતમાં વલ્લભભાઇનું સાહિત્ય ભારે તેજસ્વી નીવડ્યું. તેની પાછળ તેનો જબ્બર હેતુ હતો. બધી કોટીના સાહિત્યમાં પ્રાણવાન સાહિત્ય આ વિભાગનું જોવામાં આવશે.

કાકાસાહેબને મારે આ વિભાગમાં મૂકવા પડે છે. પણ કાકાસાહેબ અને એના જેવા બીજાઓ વર્ગમાં સમાઇ રહે તેવા નથી. તેઓ બે ત્રણ

વિભાગમાં જઇ આવી શકે છે. કાકાસાહેબ એક વાર સર્જનાત્મક (ભક્તનકી ટેકમાં) બને છે પણ તે ભાગ્યેજ; નહિતર અને ઘણી વાર વિવેચનાત્મક અને ગાંધીજીની બાજુમાં આવ્યા ત્યારથી હેતુમૂલક લેખક છે "

કાકાસાહેબ કે ન્હાનાલાલ જેવાઓ માટે તો નવો અને પાંચમો વર્ગ ખોલવો પડે તેવું છે. આ વર્ગ તે ક્રાંતિદર્શી લેખકોનો—ઋષિ લેખકોનો છે. કાકા, પોલ રીશાર, રોમે રોલાં, કોઇ વાર ગાંધીજી, મૅડમ મોન્ટીસોરી, કેટલાક સામ્યવાદી લેખકો ભવિષ્ય જોઇ શકે છે, અને તેનું અવતરણ તેઓ કાગળ પર ઉતારે છે.

કૃષ્ણલાલ મને પૂછશે: "આપ નામદાર કયા વર્ગમાં આવો છો?"

હું કહીશ: "જ્યારે હું જુવાન હતો ત્યારે બધા જુવાનો લખે છે તેમ કાવ્યો અને ટૂંકી વાર્તાઓ લખતો, તે આત્મસંતોષ અને આનંદ કે નિરાનંદ ખાતર લખતો હતો. હરભાઇ, મસ્તરામ, ગિરીશ અમે બધાએ આત્મલક્ષી લેખકો તરીકે લેખનજીવન શરૂ કર્યું. પણ હમણાં તો અમે પ્રોપેગેન્ડ—પ્રચાર લેખકો બની ગયા છીએ. અમે પણ ત્રીજા વર્ગમાં આવીએ છીએ. કેળવણી પ્રચારનો

અમારો હેતુ અમને લખવા પ્રેરે છે, અને એ પ્રેરણા અમને લેખકો બનાવે છે.”

કૃષ્ણલાલ કહેશેઃ “તમે તો કાલે સવારે ભૂગોળ લખશો કે ગણિત બનાવશો. એ પણ હેતુમૂલક લેખો અગર સાહિત્ય ગણાશે ? સાહિત્ય-પરિષદ્ એનો સ્વીકાર કરશે ?”

હું કહીશઃ “સાહિત્યપરિષદની વાત જવા દો. મારો જવાબ એ છે કે એ તો લખાણ કહેવાય. સાહિત્ય એક કે બીજા પ્રકારનું ન કહેવાય. એમ બધું સાહિત્ય બને તો નામું પણ સાહિત્યમાં જ આવે ના ?”

× × ×

ચોથો વર્ગ ધંધાદારી લેખકોનો છે. વઢવાણ કૅમ્પમાં મારો પાડોશી એક છાપામાં કામ કરતો હતો. તે રાત આખી બેસી જ્યાં ત્યાંથી લખાણો લખી સવારે છાપવા આપતો હતો. બંગાળીમાંથી ભાષાંતર કરે, કંઇક બેસતું ગોઠવી કાઢે, બે ચાર ચોપડીઓ જોઇ તફડાવી પાડે અને લેખો તૈયાર કરે. આ માણસને હું ધંધાદારી લેખક તરીકે ઓળખું. પણ આ તો આ વર્ગનો મેં એક કનિષ્ઠ નમૂનો બતાવ્યો. આ વર્ગમાં પણ ઉત્કૃષ્ટ માણસો અને ઉત્કૃષ્ટ લખાણો હોઇ શકે છે. વર્ગ તરીકે

હું એકે વર્ગ નીચે કે ઉંચે નથી મૂકતો. હું તો માત્ર લેખકોના નમૂના ( types ) લખું છું. કેટલાક છાપાંના તંત્રીઓને ચાલુ ક્ષણની જરૂરિયાત તરીકે ઘણું લખવું પડે છે, અને છતાં તે સાહિત્યનો નમૂનો હોય છે. આજીવિકાને માટે લખેલા લેખો-માંથી પણ ઉત્તમ કોટીના લેખો મળી શકે છે. મતલબ કે આ લખાણો પાછળનો હેતુ બીજા ત્રણ વિભાગના હેતુઓમાંનો એકે નથી હોતો.

× × ×

અલબત્ત આ વિભાગો તો સ્પષ્ટ થયા અને એકમેકથી નિરાળા દેખાયા. પણ માણસનું મન–મગજ કોઇ એકાદ ચોક્કસ વર્ગીકરણને વળગીને ચાલતું નથી. એટલે કોઇ એકાદ નમૂના પ્રમાણેનો કેવળ શુદ્ધ લેખક ભાગ્યે જ મળે. મોટે ભાગે બધા લેખકો મિશ્ર વિભાગવાળા હોય છે. પણ છતાં પોતાના વિભાગનો પ્રધાન સુર સ્પષ્ટ જ દેખાય છે.

મને લાગે છે કે મારે શિક્ષણ અને બાલ-સાહિત્ય છોડી બૃહદ્ સાહિત્યના પ્રદેશમાં મારા વિચારો ફેંકવા ન જવું જોઇએ. આ કામ સાહિત્ય-કારોનું છે. આટલું લખ્યા પછી મને પસ્તાવો થાય છે. પણ પસ્તાવો એટલો ઉંડો નથી. એમાં થોડોએક વિવેક પણ છે જ. એમાં થોડીએક

લખવાની શૈલી પણ કહેવાય જ. અને છતાં મારી દૃષ્ટિએ નહિ તો સાહિત્યકારોની દૃષ્ટિએ તો મારું કથન સાચું જ છે કે અમારા જેવાએ આમાં પડવું ન જોઇએ.

અલબત્ત બાળકોની સાહિત્યશક્તિ જોઇને તેમના વિભાગો પાડવાનું રસિક કામ અમારી પાસે જ છે, એટલે જ ગઇ કાલે મેં કૃષ્ણલાલને કહ્યું હતું કે આ સુરેન્દ્ર આત્મલક્ષી લેખક થશે, આ સરલા પણ એ જ જાતની આત્મલક્ષી છે, પણ આ દિલરૂબા બહિર્લક્ષી છે. એક જ ઘરમાં ઉછ-રતાં અને એક જ જાતનું સાહિત્ય વાંચનારાં બાળકોમાં ત્રણ વિભાગના લેખકો દેખાય છે.

× × ×

આ નમૂનાની ભિન્નતા એટલે રુચિભિન્નતા અને એટલે જીવનવિકાસ-ભિન્નતા, આ દરેક પ્રકાર પોતાના આંતર વિકાસને માટે લેખનનો કયો પ્રકાર-નમૂનો પોતાનો છે તે નક્કી કરે જ છે, અને તે પ્રમાણે તે પોતાનું સાહિત્ય સર્જે છે. કોઇ નમૂનો ઘડી શકતો નથી, અને કદાચ ઘડવાના પ્રયત્નો કરે તો નવો નમૂનો બનાવી શકતો નથી જ્યારે જૂનો હોય છે તે તોડે છે.

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર

# સૂચિપત્ર

ફેબ્રુઆરી
૧૯૩૪

ભાવનગર

## શિક્ષણનાં

# સા મ યિ કો

### શ્રીદક્ષિણામૂર્તિ

કેળવણીના અદ્યતન વિચારો ફેલાવનારું ત્રૈમાસિક. વાર્ષિક લવાજમ દેશમાં ૨–૦–૦ : પરદેશ માટે ૨–:–૦ અથવા ચાર શિલિંગ.

તંત્રી: **શ્રી. નૃસિંહપ્રસાદ કા. ભટ્ટ**

વર્ષની શરૂઆત ઑગસ્ટથી

### શિક્ષણ પત્રિકા

મોન્ટીસોરી સંઘનું મુખપત્ર. બાળકેળવણીની નવી દૃષ્ટિ અને માબાપોને ઉપયોગી માર્ગદર્શન આપતું માસિક. વાર્ષિક લવાજમ દેશમાં ૧–૦–૦ : પરદેશ માટે ૧–૮–૦ અથવા બે શિલિંગ.

તંત્રીઓ: **ગિજુભાઈ અને તારાબેન**

વર્ષની શરૂઆત ફાગણથી.

### છાત્રાલય

તરુણ માનસનો ઉકેલ લાવવા સાંગોપાંગ વિચાર કરતું માસિક. વાર્ષિક લવાજમ દેશમાં ૧–૦–૦ પરદેશ માટે ૧–૮–૦ અથવા બે શિલિંગ.

તંત્રીઓ : **નાનાભાઈ–હરભાઈ**

વર્ષની શરૂઆત જાન્યુઆરીથી

# શિક્ષણશાસ્ત્રનાં પુસ્તકો

| | |
|---|---|
| વાર્તાનું શાસ્ત્ર | ૧–૨–૦ |
| ડૉલ્ટન યોજના (બીજી વાર) | ૧–૦–૦ |
| મોન્ટીસોરી પ્રવેશિકા (સચિત્ર) | ૦-૧૨-૦ |
| બાલશિક્ષણ | ૦-૧૦-૦ |
| પ્રાથમિક શાળામાં ભાષાશિક્ષણ | ૦-૧૦-૦ |
| પ્રાથમિક શાળામાં શિક્ષણપદ્ધતિઓ | ૦–૮–૦ |
| પ્રાથમિક શાળામાં ચિઠ્ઠીવાચન | ૦–૫–૦ |
| પ્રાથમિક શાળામાં શિક્ષક | ૦-૧૦-૦ |
| દિવાસ્વપ્ન (બીજી આવૃત્તિ) | ૦-૧૦-૦ |
| ઘરમાં મોન્ટીસોરી ,, | ૦-૧૦-૦ |
| કોઇએ નહોતું કીધું | ૦–૮–૦ |
| વિદ્યાર્થીઓનું માનસ | ૦–૬–૦ |
| છાત્રાલય કમીશનનો અહેવાલ | ૦–૬–૦ |
| માધ્યમિક શાળામાં ભાષાશિક્ષણના ફેરફારો | ૦–૬–૦ |
| મૂંઝવતું બાળક | ૧–૦–૦ |
| મહાન વિગ્રહ પછી જર્મનીમાં કેળવણીની પ્રણાલિ | ૦-૧૨-૦ |
| પ્રાસંગિક મનન | ૦–૮–૦ |
| પરિચય પદ્ધતિ | ૦–૨–૦ |
| વાર્તા કહેનારને | ૦–૧–૬ |
| બાળક્રીડાંગણો | ૦–૧–૬ |
| બાળવાર્તાઓનો વિનોદ | ૦–૧–૬ |
| બાળકોની અપૂર્ણતાઓ અને તેના ઉપાયો | ૦–૧–૬ |
| ગ્રામપુનર્ઘટના | ૦–૧–૬ |
| જુવાનો અને જાતીય પ્રશ્નો | ૦–૧–૬ |
| શહેરમાં મોન્ટીસોરી પદ્ધતિ | ૦–૧–૬ |
| વાચનમાળાના સિદ્ધાંતો | ૦–૧–૬ |

| | |
|---|---|
| શાસ્ત્રીય દૃષ્ટિ | ૦–૧–૬ |
| રખડુ ટોળી ( સમાલોચના ) | ૦–૧–૬ |

## કિશોર અને કુમાર વાચન

કુલ કિંમત ૧૩–૩–૬

| | |
|---|---|
| કિશોર કથાઓ ખંડ–૧ | ૦–૬–૦ |
| કિશોર કથાઓ ખંડ–૨ | ૦–૬–૦ |
| ધર્માત્માઓનાં ચરિતો | ૦–૮–૦ |
| રખડુ ટોળી ખંડ–૧ | ૦–૮–૦ |
| રખડુ ટોળી ખંડ–૨ | ૦–૮–૦ |
| બાલ રામાયણ | ૦-૧૦-૦ |
| જાતક કથાઓ | ૦–૮–૦ |
| હિન્દુ ધર્મની આખ્યાયિકાઓ–૧ | ૦–૮–૦ |
| હિન્દુ ધર્મની આખ્યાયિકાઓ–૨ | ૦–૮–૦ |
| ક્ષયનો ભેદ ( નાટક ) | ૦–૧–૬ |
| ઇન્સાન મિટા દૂંગા | ૦–૬–૦ |
| સાગરસમ્રાટ ( સાહસવાર્તા ) | ૦-૧૦-૦ |
| વડલો ( સચિત્ર નાટક ) | ૦-૧૦-૦ |
| આપણા આર્થિક પ્રશ્નો | ૦–૫–૦ |
| પ્રાસંગિક મનન | ૦–૮–૦ |
| સુભાષિતરત્નમંજૂષા | ૦–૪–૦ |
| હઝરત મોહમ્મદ પયૂગમ્બર ( સ ) | ૦–૩–૦ |
| ભગવાન બુદ્ધ | ૦–૩–૦ |
| અશો જરથુશ્ત્ર | ૦–૩–૦ |
| કૈલાસ માનસ સરોવર દર્શન | ૦-૧૦-૦ |
| સેન્ટ જોનનું ભાગવત | ૦–૮–૦ |
| આપણા દેશનો ઇતિહાસ–૧ | ૦–૬–૦ |

## અન્ય બાલસાહિત્ય

**બાળવાર્તા ભાગ ૧-૨-૩-૪-૫**
પહેલો ભાગ ( ૩૩ ચિત્રો ) ૦-૬-૦ બાકી દરેકના ૦-૫-૦
**સૉ કેનાં પરાક્રમો** લેખક: રમેશભાઈ ધારેખાન ૦-૩-૦
**બાપુજીની અને બીજી વાતો** ( સચિત્ર ૧૫ ચિત્રો )
લેખકઃ કપિલા બ્હેન ૦-૧૦-૦
**બાળ લોકગીત સંગ્રહ ભાગ ૧-૨** દરેકના ૦-૩-૦
**પીળાં પલાશ** ( ત્રણ બાળનાટકો : સચિત્ર ) ૦-૭-૦

## શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા: ૮૦ પુસ્તકો

સંપાદકો : **ગિજુભાઈ અને તારાબેન**

સ્થાનિક રૂા. ૬-૪-૦

પોસ્ટેજ ૧-૪-૦ દેશમાં; પરદેશ માટે ૧-૧૪-૦

૧ ગણપતિ બાપા
૨ એલૈચો
૩ ઉભું હતું, ઉભું હતું
૪ હજામડી
૫ કબાટ
૬ બાળકોનો બીરબલ-૧
૭ ગોપીચંદ
૮ બાળનાટકો-૧
૯ હંસ અને હંસા
૧૦ તિરંદાજ
૧૧ ગામડામાં મળજો
૧૨ બાળપ્રવાસો
૧૩ મારા ગોઠિયા
૧૪ જરા હસો
૧૫ ક્યાંથી આવ્યાં
૧૬ મકનો અને રાક્ષસ
૧૭ રૂપસિંહ ને રામસિંહ
૧૮ ટપાલની પેટી
૧૯ ગધેડું
૨૦ ચીડીયાખાનું
૨૧ મહાસભાઓ
૨૨ કહેવતોનાં મૂળ
૨૩ ગપગોળા
૨૪ આફ્રિકા સાંભર્યું

૨૫ શબ્દપોથી
૨૬ વાક્યપોથી
૨૭ ચિઠ્ઠીપોથી
૨૮ નાના પાઠો
૨૯ મોટા પાઠો
૩૦ નાની વાતો
૩૧ ઘરમાં
૩૨ આંગણામાં
૩૩ શેરીમાં
૩૪ બાળશાળામાં
૩૫ ગામમાં
૩૬ ફરવા જઈએ
૩૭ જુગતરામના પાઠો
૩૮ ભોં ભોં ભોં
૩૯ ગધેડું અને ઘોડું
૪૦ દાદા દર્શને
૪૧ બાળનાટકો–૨
૪૨ સવારથી માંડીને
૪૩ કુદરતમાં
૪૪ મોતીયો
૪૫ રામજીભાઈ પડી ગયા!
૪૬ મંગેશનો પોપટ
૪૭ ધોબીડો ધુએ છે
૪૮ પીરૂ અને–
૪૯ છાણાં થાપી આવ્યાં
૫૦ મામાની જાવ્ય
૫૧ વાડામાં
૫૨ દેંજનીશી
૫૩ બાળકોનો બીરબલ-૨
૫૪ છેટાં રહેજો માબાપ
૫૫ મારી ગાય
૫૬ કમળાબેનના પાઠો
૫૭ ગિરિશિખરો
૫૮ કાળા હાથ કાળી દાઢી
૫૯ ખળાવાડ
૬૦ પૂછું ?
૬૧ ઓતરાતી દીવાલો–૧
૬૨ ઓતરાતી દીવાલો–૨
૬૩ બુદ્ધચરિત્ર
૬૪ ગુજરાત-મહારાષ્ટ્ર
૬૫ જોડકણાં
૬૬ કહેવત સંગ્રહ
૬૭ હરિશ્ચંદ્ર
૬૮ એમ કેમ ?
૬૯ સાજા રહીએ
૭૦ વ્યાકરણ પોથી
૭૧ વરત સંગ્રહ
૭૨ રમત જોડકણાં
૭૩ શિવાજી મહારાજ
૭૪ દુહા અને સોરઠા
૭૫ વિનોદ ટુચકા
૭૬ બાળકોના લેખો
૭૭ આપણે પોતે
૭૮ કાવ્યસંગ્રહ
૭૯ છેલ્લો પાઠ
૮૦ સંપાદકોનું કથન

# શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યગુચ્છ: ૨૫ પુસ્તકો

સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

કિં રૂા. ૨-૧૧-૬ : પોસ્ટેજ દેશમાં ૦-૧૩-૦ : પરદેશ ૧-૧-૦

| | | | |
|---|---|---|---|
| ૧ લાલ અને હીરા | ગિજુભાઈ | ૧૩ તિળધ્યા ગુળધ્યા | તારાબેન |
| ૨ ભેંશનાં શીંગડાંમાં | ,, | ૧૪ હેમુભાઇના પાઠો | ... |
| ૩ ગામડામાં ગયો હતો | ,, | ૧૫ જીવજંતુ | ગિજુભાઈ |
| ૪ આંબો રોપ્યો | ,, | ૧૬ ઠેકંઠેકા | તારાબેન |
| ૫ વિલાયતી વાતો | ,, | ૧૭ ટેક | ગિજુભાઇ |
| ૬ ટૂચકાઓ | ,, | ૧૮ મેંઢિયો | ,, |
| ૭ બે બાળનાટકો | ,, | ૧૯ તારાબેનના પાઠો | ... |
| ૮ દાદાજીની તલવાર | ,, | ૨૦ માજીએ કહેલી | મોંઘીબેન |
| ૯ તકતક્ તર્ર્ર્ | મોંઘીબેન | ૨૧ જોયું ને આંખ ઠરી | ગિ. |
| ૧૦ વેઠનો વારો | રામભાઈ પાઠક | ૨૨ સટરપટર વાતો | ,, |
| ૧૧ નવાં વરતો | ગિજુભાઈ | ૨૩ ત્રેવીશમું પુષ્પ | ,, |
| ૧૨ વસંત આવી | ,, | ૨૪ ચતુર કરોળિયો | ચંદ્રશંકર |

૨૫ પંચામૃત લેખક: ગિજુભાઈ

---

૨૪ ચતુર કરોળિયો ૦—૩—૦ : ૨૫ પંચામૃત ૦—૬—૦

બાકી દરેકનો ૦—૧—૬

## ધર્મશિક્ષણ

| | |
|---|---|
| ધર્માત્માઓનાં ચરિતો | હઝરત મોહમ્મદપયગમ્બર(સ) |
| બાલ રામાયણ | સેન્ટ જોનનું ભાગવત |
| ભગવાન બુદ્ધ | જાતક કથાઓ |
| અશો જરથુશ્ત્ર | હિંદુ ધર્મની આખ્યાયિકાઓ-૧ |

હિન્દુ ધર્મની આખ્યાયિકાઓ ખંડ બીજો ૦—૮—૦

[ કુલ રૂા. ૩—૧૧—૦ ]

૨૫ શબ્દપોથી
૨૬ વાક્યપોથી
૨૭ ચિઠ્ઠીપોથી
૨૮ નાના પાઠો
૨૯ મોટા પાઠો
૩૦ નાની વાતો
૩૧ ઘરમાં
૩૨ આંગણામાં
૩૩ શેરીમાં
૩૪ બાળશાળામાં
૩૫ ગામમાં
૩૬ ફરવા જઇએ
૩૭ જુગતરામના પાઠો
૩૮ ભોં ભોં ભોં
૩૯ ગધેડું અને ઘોડું
૪૦ દાદા દર્શને
૪૧ બાળનાટકો–૨
૪૨ સવારથી માંડીને
૪૩ કુદરતમાં
૪૪ મોતીયો
૪૫ રામજીભાઈ પડી ગયા!
૪૬ મંગેશનો પોપટ
૪૭ ધોબીડો ધુએ છે
૪૮ પીરૂ અને–
૪૯ છાણાં થાપી આવ્યાં
૫૦ મામાની જાત્ય
૫૧ વાડામાં
૫૨ દૈનંજનીશી
૫૩ બાળકોનો બીરબલ-૨
૫૪ છેટાં રહેજો માબાપ
૫૫ મારી ગાય
૫૬ કમળાબેનના પાઠો
૫૭ ગિરિશિખરો
૫૮ કાળા હાથ કાળી દાઢી
૫૯ ખળાવાડ
૬૦ પૂછું ?
૬૧ ઓતરાતી દીવાલો–૧
૬૨ ઓતરાતી દીવાલો–૨
૬૩ બુદ્ધચરિત્ર
૬૪ ગુજરાત-મહારાષ્ટ્ર
૬૫ જોડકણાં
૬૬ કહેવત સંગ્રહ
૬૭ હરિશ્ચંદ્ર
૬૮ એમ કેમ ?
૬૯ સાજા રહીએ
૭૦ વ્યાકરણ પોથી
૭૧ વરત સંગ્રહ
૭૨ રમત જોડકણાં
૭૩ શિવાજી મહારાજ
૭૪ દુહા અને સોરઠા
૭૫ વિનોદ ટુચકા
૭૬ બાળકોના લેખો
૭૭ આપણે પોતે
૭૮ કાવ્યસંગ્રહ
૭૯ છેલ્લો પાઠ
૮૦ સંપાદકોનું કથન

# શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યગુચ્છ: ૨૫ પુસ્તકો

સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

કિં રૂ. ૨-૧૧-૬ : પોસ્ટેજ દેશમાં ૦-૧૩-૦ : પરદેશ ૧-૧-૦

| | |
|---|---|
| ૧ લાલ અને હીરા ગિજુભાઈ | ૧૩ તિળધ્યા ગુળધ્યા તારાબેન |
| ૨ ભેંશનાં શીંગડાંમાં ,, | ૧૪ હેમુભાઇના પાઠો ... |
| ૩ ગામડામાં ગયો હતો ,, | ૧૫ જીવજંતુ ગિજુભાઈ |
| ૪ આંબો રોપ્યો ,, | ૧૬ ઠેકંઠેકા તારાબેન |
| ૫ વિલાયતી વાતો ,, | ૧૭ ટેક ગિજુભાઇ |
| ૬ ટૂચકાઓ ,, | ૧૮ મેંઢિયો ,, |
| ૭ બે બાળનાટકો ,, | ૧૯ તારાબેનના પાઠો ... |
| ૮ દાદાજીની તલવાર ,, | ૨૦ માજીએ કહેલી મોંધીબેન |
| ૯ તકતક્ તર્ર્ર્ મોંધીબેન | ૨૧ જોયું ને આંખ ઠરી ગિ. |
| ૧૦ વેઠનો વારો રામભાઈપાઠક | ૨૨ સટરપટર વાતો ,, |
| ૧૧ નવાં વરતો ગિજુભાઈ | ૨૩ ત્રેવીશમું પુષ્પ ,, |
| ૧૨ વસંત આવી ,, | ૨૪ ચતુર કરોળિયો ચંદ્રશંકર |

૨૫ પંચામૃત લેખક: ગિજુભાઈ

---

૨૪ ચતુર કરોળિયો ૦—૩—૦ : ૨૫ પંચામૃત ૦—૬—૦

બાકી દરેકનો ૦—૧—૬

## ધર્મશિક્ષણ

| | |
|---|---|
| ધર્માત્માઓનાં ચરિતો | હઝરત મોહમ્મદપયગમ્બર(સ) |
| બાલ રામાયણ | સેન્ટ. જોનનું ભાગવત |
| ભગવાન બુદ્ધ | જાતક કથાઓ |
| અશો જરથુશ્ત્ર | હિંદુ ધર્મની આખ્યાયિકાઓ-૧ |

હિન્દુ ધર્મની આખ્યાયિકાઓ ખંડ બીજો ૦—૮—૦

[ કુલ રૂ. ૩—૧૧—૦ ]

## મહાભારતનાં પાત્રો (બાર પુસ્તકો)

લેખક: **નાનાભાઇ**

પોસ્ટેજ રજીસ્ટ્રેશન દેશમાં ૦–૧૫–૦ : પરદેશ માટે ૧–૫–૦

| | | | |
|---|---|---|---|
| ૧ સૂતપુત્ર કર્ણ | ૦–૩–૦ | ૭ કુંતી-ગાંધારી | ૦–૫–૦ |
| ૨ પાંચાલી | ૦–૪–૦ | ૮ દ્રોણ-અશ્વત્થામા | ૦–૫–૦ |
| ૩ દુર્યોધન | ૦–૩–૦ | ૯ ભીષ્મ | ૦–૪–૦ |
| ૪ ભીમસેન | ૦–૪–૦ | ૧૦ ધૃતરાષ્ટ્ર | ૦–૨–૬ |
| ૫ અર્જુન | ૦–૭–૦ | ૧૧ શ્રીકૃષ્ણ | ૦–૬–૦ |
| ૬ યુધિષ્ઠિર | ૦–૪–૬ | ૧૨ મહાભારત કથા | ૧–૦–૦ |

[**મહાભારત કથા** પાકી બંધાઇના ૦–૪–૦ વધારે]

## આરોગ્યશાસ્ત્ર

શરીરવિકાસ (પહેલી આવૃત્તિ ખલાસ થઇ છે.). ૧–૦–૦

## પ્રવાસ

કૈલાસ માનસ સરોવર દર્શન (ત્રીજી આવૃત્તિ) ૦-૧૦-૦

## ઇતિહાસ

આપણા દેશનો ઇતિહાસ પ્રથમ પુસ્તક (દસમી આવૃત્તિ) ૦–૬–૦

## અર્થશાસ્ત્ર

આપણા અર્થિક પ્રશ્નો લેખકઃ પ્રો. વાડીઆ અને રાવ. ૦–૫–૦

## સંસ્કૃત શીખવવાનાં પુસ્તકો

સંસ્કૃત ગુજરાતી લઘુકોશ:
સંસ્કૃત પ્રથમ પુસ્તક અર્થ સાથે
સંસ્કૃત દ્વિતીય પુસ્તક
પરિચય પદ્ધતિ (નિરૂપણ)
સુભાષિતરત્નમંજૂષા
સંસ્કૃત સુભાષિતો

સંસ્કૃત તૃતીય પુસ્તક (વ્યાકરણનું) માર્ચમાં પ્રગટ થશે.

# વિનયમંદિર માટેનાં પાઠ્યપુસ્તકો

## સંસ્કૃત

| | |
|---|---|
| સંસ્કૃત ગુજરાતી લઘુકોશ | ૧–૮–૦ |
| સંસ્કૃતપ્રથમ પુસ્તક ( અર્થ સાથે ) | ૦–૬–૦ |
| સુભાષિતરત્નમંજૂષા | ૦–૪–૦ |
| સંસ્કૃત દ્વિતીય પુસ્તક | ૦–૩–૦ |
| સંસ્કૃત તૃતીય પુસ્તક ( વ્યાકરણ ) માર્ચમાં પ્રગટ થશે | |
| સંસ્કૃત સુભાષિતો | ૦–૧–૦ |

## ગુજરાતી

| | |
|---|---|
| ગુજરાતી કવિતા પ્રથમ વર્ષ | ૦–૨–૦ |
| ગુજરાતી કવિતા દ્વિતીય વર્ષ | ૦–૩–૦ |
| ગુજરાતી કવિતા તૃતીય વર્ષ | ૦–૩–૦ |
| ગુજરાતી કવિતા ચતુર્થ વર્ષ | ૦–૪–૦ |
| આપણા દેશનો ઇતિહાસ–૧ ( દસમી આવૃત્તિ ) | ૦–૬–૦ |

## હિન્દી

| | |
|---|---|
| હિન્દી સુભાષિતો પ્રથમ વર્ષ | ૦–૧–૬ |
| હિન્દી સુભાષિતો દ્વિતીય વર્ષ | ૦–૧–૦ |

# આચાર્યો માટે

દિવાસ્વપ્ન
મોન્ટીસોરી પ્રવેશિકા (સચિત્ર)
બાલશિક્ષણ
ઘરમાં મોન્ટીસોરી
કોઇએ નહોતું કીધું
પ્રાસંગિક મનન
ઘરમાં બાળકે શું કરવું ?

બાલક્રીડાંગણો
વાર્તા કહેનારને
બાળવાર્તાઓનો વિનોદ
બાળકોની અપૂર્ણતાઓ અને તેના ઉપાયો
નવા આચારો
સ્વતંત્ર બાલશિક્ષણ

# અક્ષરજ્ઞાન યોજનાનાં પુસ્તકો

## ગુજરાતી

| | | |
|---|---|---|
| કેમ શીખવવું (શિક્ષકો માટેનું પુસ્તક) | | મફત |
| ભણનાર માટે | કાર્યાલયમાં | બીજે |
| ચાલો વાંચીએ | ૦–૧–૦ | ૦–૧ ૩ |
| આગળ વાંચો પહેલી | ૦–૧–૦ | ૦–૧–૩ |
| આગળ વાંચો બીજી | ૦–૧–૦ | ૦–૧–૩ |
| આગળ વાંચો ત્રીજી | ૦–૧–૬ | ૦–૨–૦ |

## મરાઠી

| | |
|---|---|
| कसें शिकवावें (શિક્ષકો માટે) | મફત |
| माझें पुस्तक (ભણનાર માટે) | ૦–૧–૦ |

## ઉર્દૂ

| | |
|---|---|
| ઉર્દૂ કેમ શીખવવું | મફત |
| આસાન અલીફ બે (ભણનાર માટેનું પુસ્તક) | ૦–૧–૦ |

---

# શિક્ષણશાસ્ત્રનાં અન્ય પુસ્તકો

| | |
|---|---|
| ૧ મોન્ટીસોરી પદ્ધતિ | ૨–૦–૦ |
| ૨ વસંત બાલશિક્ષણ પ્રચારમાળા | |
| નવ પુસ્તકોનો પ્રથમ ગુચ્છ : પાકી બંધાઇ | ૦-૧૧-૦ |
| દસ પુસ્તકોનો દ્વિતીય ગુચ્છ : પાકી બંધાઇ | ૦-૧૧-૦ |
| ૩ મોન્ટીસોરી શિક્ષણ પ્રચારમાળા | |
| સાત પુસ્તકોનો પ્રથમ ગુચ્છ : પાકી બંધાઇ | ૦-૧૦-૦ |
| ૪ દ્વિતીય મોન્ટીસોરી સંમેલન નિબંધસંગ્રહ | ૦-૧૨-૦ |
| નવા આચારો | ૦–૧–૦ |
| સ્વતંત્ર બાલશિક્ષણ | ૦–૧–૦ |

## બાલવાચન

| | | | |
|---|---|---|---|
| ચાલણગાડી નાની | ૦–૧–૩ | ચાલણગાડી મોટી | ૦–૧–૬ |

## ૧૯૩૩માં પ્રગટ થયેલાં પુસ્તકો

| | |
|---|---|
| મોન્ટીસોરી પ્રવેશિકા | ૦-૧૨-૦ |
| પ્રાથમિક શાળામાં શિક્ષણપદ્ધતિઓ | ૦-૮-૦ |
| પ્રાથમિક શાળામાં ચિઠ્ઠીવાચન | ૦-૫-૦ |
| મૂંઝવતું બાળક | ૧-૦-૦ |
| બાપુજીની અને બીજી વાતો | ૦-૧૦-૦ |
| સૌ કેનાં પરાક્રમો | ૦-૩-૦ |
| સાગરસમ્રાટ (સાહસ વાર્તા) | ૦-૧૦-૦ |
| પીળાં પલાશ (બાળ નાટકો) | ૦-૭-૦ |
| હિંદુ ધર્મની આખ્યાયિકાઓ ખંડ બીજો | ૦-૮-૦ |
| રખડુ ટોળી ખંડ બીજો | ૦-૮-૦ |
| મહાન વિગ્રહ પછી જર્મનીમાં કેળવણીની પ્રણાલિ | ૦-૧૨-૦ |
| પ્રાથમિક શાળામાં શિક્ષક | ૦-૧૦-૦ |

**ખાસ નવી આવૃત્તિઓ:—**

| | |
|---|---|
| બાળવાર્તા ભાગ પહેલો (૩૩ ચિત્રો) | ૦-૬-૦ |
| બાળવાર્તાઓ ભાગ બીજો, ત્રીજો, ચોથો, પાંચમો; દરેકના | ૦-૫-૦ |

ઉપરાંત બાલસાહિત્ય ગુચ્છનાં ૧૪ થી ૨૫ એટલે બાર પુસ્તકો.

પોસ્ટેજ ખર્ચ બધાં પુસ્તકોમાં જુદું ગણવાનું

આ પહેલાંની કિંમતો રદ ગણવી.

વિગતવાર સૂચિપત્ર મગાવો.

## નવાં પુસ્તકો

[ હવે પછી પ્રગટ થવાનાં ]

| | | |
|---|---|---|
| પ્રાથમિક શાળામાં કલા અને કારીગરીનું શિક્ષણ (બેખંડ) | ગિજુભાઇ | ... |
| હાલતાં ચાલતાં — | ગિજુભાઈ | ૦-૧૦-૦ |
| ઇસપનાં પાત્રો (સચિત્ર) | ગિજુભાઈ | ... |

## એજન્ટો

| | |
|---|---|
| આર. આર. શેઠની કું. | મુંબઇ |
| શંભુલાલ જગશી શાહ | અમદાવાદ |
| પુસ્તકાલય સ. સ. મંડળ લી. | વડોદરા |
| યુગાંતર કાર્યાલય | સુરત |
| કાંતિલાલ શેઠની કું. | ભરૂચ |
| બેચર મેઘજી એન્ડ સન્સ | રાજકોટ |
| ઉપયોગી સાહિત્યભંડાર | કલકત્તા |
| ન્યાલચંદ દુર્લભજી મહેતા | જંગબાર |
| ભક્ત પાટીદાર આશ્રમ | નવસારી |
| લાજપત ખાદી ભંડાર | કરાંચી |

શ્રીસરસ્વતી છાપખાનું: ભાવનગર: ૨૬-૨-૩૪ : ૩૩૦૦

જીવંત માણસના હરેક કાર્ય પાછળ કંઇ ને કંઈ હેતુ હોય છે. કાર્ય કરવાની રીત જુદી જુદી હોય કે એક હોય, પણ વ્યક્તિ પરત્વે હેતુ ભિન્ન ભિન્ન હોય છે. આ ભિન્ન ભિન્ન હેતુઓનો અભ્યાસ એ માનવ માનસના અભ્યાસનું અત્યંત મહત્ત્વનું પ્રકરણ છે. × × × × ×

ઉમેદ છે કે ગુજરાતનાં તમામ જાતનાં વાચકોને આ પુસ્તક ઉપયોગી થશે. કારણ કે તે બાળકો સુદ્ધાંત વાંચી શકે તેમ છે છતાં તે બાલસાહિત્ય નથી; શિક્ષકને અત્યંત ઉપયોગી છે છતાં તે માત્ર શિક્ષણનો ગ્રંથ નથી. 'હાલતાં ચાલતાં' વિવિધ માનસદશાનું થોડું એક દર્શન માત્ર છે. અને તેથી તે સૌને ઉપયોગી છે.

## બીજાં પુસ્તકો

**શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા**

સંપાદકો : ગિજુભાઇ, તારાબેન

૮૦ પુસ્તકો : સેટનો રૂા. ૬–૪–૦

પોસ્ટેજ જુદું

---

**મહાભારતનાં પાત્રો**

લેખક : નાનાભાઇ

બાર પુસ્તકો : ૪–૦–૦

પોસ્ટેજ જુદું

---

**શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યગુચ્છ**

સંપાદકો : ગિજુભાઇ, તારાબેન

પચીશ પુસ્તકો : રૂા. ૨–૧૧–૬

પોસ્ટેજ જુદું

---

આ સિવાયનાં બાળકોનાં, કુમારોનાં, તેમ જ સ્ત્રી ઉપયોગી અને ધાર્મિક વગેરે બાબતનાં પુસ્તકો માટે પૂછો:

**શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર**

**ભા વ ન ગ ર**

---

આર. આર. શેઠની કું. : મુંબઈ–૨

ચુનીલાલ જગશી શાહ : અમદાવાદ

પુસ્તકાલય સ. સ. મંડળ : વડોદરા

ઠા. બેચર મેઘજી સન્સ : રાજકોટ પરા

લાજપત ખાદી ભંડાર : કરાંચી

યુગાંતર કાર્યાલય : ગોપીપુરા સુરત

કાંતિલાલ શેઠની કું : વડાપાડા : ભરૂચ

ન્યાલચંદ દુર્લભજી બ્રધર્સ : જંગબાર